દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 1 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧ જાન્યુઆરી ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સિદ્ધિઓ સાથે ૨૦૨૫ને બાયબાય, આશાઓ સાથે ૨૦૨૬ને વેલ-કમ

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

નવી દિલ્હીઃ ભારત માટે ૨૦૨૫નું વર્ષ ત્રાસવાદ સામેની લડત અને નીતિમાં તથા આર્થિક વિકાસમાં નિર્ણાયક પરિવર્તનનું રહ્યું હતું. ૨૦૨૫ના અંતના આગલા દિવસે જ સરકારની જાહેરાત આવી હતી કે ભારતનું અર્થતંત્ર હવે જાપાનને પછાડીને ચોથા ક્રમનું જગતનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. આમ આતંકવાદ સામેની અને અર્થતંત્રના વિકાસ માટેની નિર્ણાયક સિદ્ધિઓના ૨૦૨૫ના વર્ષનો અંત આવ્યો છે અને વિકાસની નવી આશા સાથેના વર્ષ ૨૦૨૬નો આરંભ થયો છે.

ભારતે દુશ્મનો સહિત વિશ્વને સંદેશો આપ્યો હતો કે અમારો દેશ શાંતિમાં માને છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા કે હિતમાં કોઇ પણ બાંધછોડ નહિ કરાય. પહલગામમાંના બૈસરન ખાતે ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની કરેલી હત્યા બાદ ભારતે દુશ્મન દેશ અને ત્યાં છુપાયેલા ત્રાસવાદીઓ સામે 'ઑપરેશન સિંદૂર' હેઠળ લશ્કરી (જુઓ પાનું ૨) ▸▸



**આતશબાજીઃ** ઑસ્ટ્રેલિયાના સિડની હાર્બર બ્રિજ અને ઑપેરા હાઉસ ખાતે નવા વર્ષના આગમનને વધાવવા કરાયેલી રોશની અને આતશબાજી. (એએફપી)

'કૉંગ્રેસમુક્ત ભારત'નો ભાજપનો નારો પણ...

## ઘાટકોપર હવે ભાજપમુક્તઃ તમામ ઉમેદવારો બહારના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૨૦૧૪મા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઉદય બાદ ભાજપે સમગ્ર ભારત કૉંગ્રેસમુક્ત કરવાની ચળવળ ઉપાડી હતી, અનેક રાજ્યોની ચૂંટણીમાં તેમણે સફળતાપૂર્વક કૉંગ્રેસનો સફાયો પણ કરી નાખ્યો છે, પરંતુ વર્ષોથી ( એટલે કે નરેન્દ્ર મોદી કાળના ઉદય પહેલાથી) ભાજપનો ગઢ ગણાતું ગોકુળીયા ગામ ઘાટકોપરનું પરિવર્તન થયું છે. ઘાટકોપરના છ વોર્ડ ૧૨૬, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨માં ભાજપે જે લોકોની ઉમેદવારી આપી છે એ તમામનું મૂળ નોનભાજપી છે. ૧૨૬માં સંજય ભાલેરાવ શિવસેનામાંથી ભાજપમાં જોડાયો છે તેની પત્નીને ઉમેદવારી આપી છે, ૧૨૭માં મનસેમાંથી આવેલ ગણેશ ભગત, ૧૨૯માં શિવસેનામાંથી આવેલ અશ્વિની મતે, ૧૩૦માં રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાંથી આવેલ ધર્મેશ ગીરી, ૧૩૧માં રાષ્ટ્રવાદીમાંથી આવેલ રાખી જાધવ, અને ૧૩૨માં મૂળ કૉંગ્રેસમાંથી આવેલ રીતુ તાવડેને ઉમેદવારી આપી છે. ઓછામાં પૂરું ઘાટકોપર પશ્ચિમના વિધાનસભ્ય રામ કદમ પણ મૂળ મનસેમાંથી ભાજપમાં આવેલા છે. આમ ખરેખર જેમણે ઘાટકોપરમાં ભાજપને કપરા સમયમાં ઊભી કરવામાં પોતાની જિંદગી વેડફી નાખી તેવા (જુઓ પાનું ૨) ▸▸

## ૨૦૨૬માં ચાંદીની જ બોલબાલા હશે

### ઇક્વિટીએ સારું વળતર આપ્યું, સોનાએ પણ રોકાણકારોને મજા કરાવી, પણ સિલ્વરની તોલે કોઇ ન આવ્યું, ન આવશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કેલેન્ડર વર્ષમાં ૨૦૨૫માં સેન્સેક્સના સાધારણ સુધારા સામે સોનાચાંદીમાં તોતિંગ ઉછાળો નોંધાયો હતો. બીએસઇના બેન્ચમાર્કમાં આઠ ટકાનો સુધારો થયો હતો અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૩૪ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો છે. જ્યારે સોના અને ચાંદીમાં વર્ષ દરમિયાન અનુક્રમે ૧૬૯ ટકા અને ૭૬ ટકાનો જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. પુરવઠાની ખેંચને લીધે ચાંદી ૨૦૨૬માં ફરી ચમકારા મારશે એવી શક્યતા છે.

શેરબજારમાં ૨૦૨૫માં ઊંચા વેલ્યુએશન, રૂપિયાની નબળાઇ, ટૅરિફને લગતી અનિશ્ચિતતા અને વિદેશી ફંડોની એકધારી વેચવાલી સહિતના વિવિધ પરિબળોને કારણે ભારે અફડાતફડી જોવા મળી હતી. આમ છતાં સ્થાનિક રોકાણકારોના મજબૂત ટેકા અને અર્થતંત્રની સારી વિકાસગતિને કારણે બજારને ટેકો મળી રહ્યો હતો.

વર્ષ ૨૦૨૫માં સેન્સેક્સમાં ૭૦૮૧.૫૬ પોઇન્ટ અથવા તો નવ ટકા વધ્યો હતો અને નિફ્ટીમાં ૨૪૮૪.૮૦ પોઇન્ટ અથવા તો ૧૦.૫૦ ટકાનો સુધારો નોંધાયો હતો. આ દરમિયાન બીએસઇમાં લિસ્ટેડ તમામ કંપનીઓના માર્કેટ કેપિટલમાં લગભગ ૩૨ લાખ કરોડ રૂપિયા જેવો સુધારો જોવા મળ્યો છે.

એકંદરે શેરબજાર માટે ૨૦૨૫નો અંત વ્યાપક રિકવરીને પરિણામે મજબૂત ટોન સાથે સાથે થયો છે. નિષ્ણાતો અનુસાર (જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાનમાં નવા વર્ષે ધડાકાનું ષડ્યંત્રઃ ૧૫૦ કિલો વિસ્ફોટક જપ્ત

જયપુરઃ રાજસ્થાનના બૂંદી જિલ્લામાં ૧૫૦ કિલોગ્રામ વિસ્ફોટક સાથે બે જણની ધરપકડ કરાઇ હતી. તેઓ નવા વર્ષની ઉજવણી વખતે ધડાકા કરવાની યોજના ધરાવતા હોવાનું મનાય છે.

પકડાયેલા બે જણને સુરેન્દ્ર પટવા અને સુરેન્દ્ર મોચી તરીકે ઓળખી કઢાયા હતા. ટોંક પોલીસની ડિસ્ટ્રિક્ટ સ્પેશ્યલ ટીમે આ બે જણની કારમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

ડીએસપી મૃત્યુંજય મિશ્રાએ જણાવ્યું હતું કે ડિસ્ટ્રિક્ટ સ્પેશ્યલ ટીમે અગાઉથી મળેલી માહિતીના આધારે બરોની પોલીસ સ્ટેશન (જુઓ પાનું ૨) ▸▸

## ભારત-પાકિસ્તાન લડાઈ અમે અટકાવેલીઃ હવે ચીનનો દાવો

બેઇજિંગઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે આ વર્ષે મે મહિનામાં ચાર દિવસ સુધી સશસ્ત્ર સંઘર્ષ ચાલ્યો હતો, ત્યાર બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ માટે સહમત થયા હતાં. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત દાવો કરી રહ્યા છે, કે તેમણે આ યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરી હતી, ભારતે તેમના આવા દાવા વારંવાર ફગાવ્યા છે. એવામાં ચીને પણ આ મામલે જંપલાવ્યું છે અને દાવો કર્યો છે કે ચીને ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરાવી હતી.

બેઇજિંગમાં આયોજિત ''આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને ચીનના વિદેશ સંબંધો પર પરિસંવાદ'' કાર્યક્રમમાં સંબોધન આપતા ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ દાવો કર્યો હતો કે ચીને આ વર્ષે દુનિયામાં ઘણાં દેશો વચ્ચેના તણાવો ઉકેવામાં મધ્યસ્થી કરી હતી.

વાંગ યીએ દાવો કર્યો કે બીજા વિશ્વયુદ્ધના અંત પછી આ વર્ષે સૌથી વધુ સ્થાનિક યુદ્ધો અને સરહદ પારના સંઘર્ષો થયા હતાં. દુનિયાભારમાં ભૂ-રાજકીય અશાંતિ ફેલાયેલી રહી. આવા જ્વલંત (જુઓ પાનું ૨) ▸▸

### શું ચીને મધ્યસ્થી કરી હતી? વડા પ્રધાન જવાબ આપેઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ કોંગ્રેસે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાના ચીનના દાવાઓને ચિંતાજનક ગણાવ્યા હતા. કોંગ્રેસે બુધવારે કહ્યું કે ભારતના લોકો આ મુદ્દે સ્પષ્ટતા માગે છે.

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ દાવા પર પોતાનું મૌન તોડવા અપીલ કરી હતી. તેમના મત અનુસાર આ દેશની રાષ્ટ્રીય સુરક્ષાની મજાક ઉડતી હોવા જેવું છે. જયરામ રમેશે એક્સ પર જણાવ્યું કે પ્રમુખ ટ્રમ્પ લાંબા સમયથી દાવા કરી રહ્યા છે કે તેમણે ૧૦ મે, ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂરને રોકવા માટે વ્યક્તિગત રીતે હસ્તક્ષેપ કર્યો હતો. તેમણે ઓછામાં ઓછા સાત અલગ-અલગ દેશોમાં વિવિધ મંચો પર ૬૫ અલગ અલગ પ્રસંગોએ આવું કર્યું છે.

## ફરીદાબાદમાં વૅનમાં ગૅંગરેપ બાદ મહિલાને ચાલતી ગાડીમાંથી ફેંકી દીધી

ફરીદાબાદઃ પચીસ વર્ષની પરિણીતાને ચાલતી વૅનમાં સામૂહિક બળાત્કાર કરીને રસ્તા પર ફેંકી દેવાઈ હતી અને આને લીધે મહિલાને ગંભીર ઈજા થઈ હતી, એવી માહિતી પોલીસે આપી હતી.

પોલીસે કહ્યું હતું કે આ કથિત બળાત્કારના કેસમાં બે ઈસમની ધરપકડ કરવામાં આવી છે. મહિલા પરિવહન માટે રાહ જોઈ રહી હતી ત્યારે બે આરોપીએ તેને લિફ્ટ આપવાની ઑફર કરી હતી. આરોપી તેને તેના મુકામે લઈ જવાને બદલે ગુરુગ્રામ લઈ ગયા હતા અને કારની અંદર બળાત્કાર કર્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે મહિલાને આખી રાત વૅનમાં ફેરવવામાં આવી હતી અને પરોઢિયે ત્રણ વાગ્યે રાજા ચોકની નજીક કાર એક કલાકદીઠ ૯૦ કિલોમીટરની ઝડપે હતી ત્યારે વૅનમાંથી તેને નીચે ફેંકી દેવાઈ હતી. મહિલાને મોઢા અને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને તેને બાર ટાંકા લેવા પડ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે મહિલા હજી નિવેદન આપવા સક્ષમ નથી. મહિલાની બહેને લખાવેલી ફરિયાદ પ્રમાણે મહિલા ગૃહસ્થ જીવનમાં ઘર્ષણને લીધે માતાપિતાના ઘરે રહેતી હતી. તે સોમવારે રાત્રે સેક્ટર ૨૩માં મિત્રના ઘરે ગઈ હતી અને રાત્રે પાછી ફરતી વખતે તેને આરોપીઓએ લિફ્ટની ઑફર કરી હતી. કારમાંથી ફેંકાયા બાદ મહિલા તેની બહેનને ફોન કરવામાં સફળ થઈ હતી અને બહેને ઘટનાસ્થળે પહોંચીને તેને બાદશાહ ખાન સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરી હતી. તેની ઈજાની ગંભીરતા જોઈને તેને દિલ્હી લઈ જવાની સલાહ આપવામાં આવી હતી. જોકે કુટુંબે તેને ફરીદાબાદની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરી હતી.

પીડિતાની બહેને કહ્યું હતું કે વાહનમાંથી બહાર ફેંકી દેવાથી મારી બહેન ગંભીર ઘાયલ થઈ છે. તેની હાલત (જુઓ પાનું ૨) ▸▸

## તાઈવાનનું ચીનમાં ભળી જવું અનિવાર્યઃ જિનપિંગ

### ચીનના પ્રમુખે પોતાના સંબોધનમાં બ્રહ્મપુત્રા પરના ડૅમનો ખાસ ઉલ્લેખ કર્યો

બીજિંગઃ તાઈવાનનું ચીન સાથેનું એકીકરણ અનિવાર્ય છે, એમ કહેતા ચીનના પ્રમુખ શી જિંપિંગે ચીનના નવા વર્ષના સંબોધનમાં દેશની સંરક્ષણમાં પ્રગતિ. બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી મોટો બંધ બાંધવાની જેવી ઉપલબ્ધીઓની વાત કરી હતી.

તેમણે ૨૦૨૬ના નવા વર્ષના સંદેશામાં કહ્યું હતું કે તાઈવાન સામુદ્રધુનીની બન્ને બાજુ લોહી અને કુટંબનો સેતુ છે.

શીના નવ વર્ષના સંબોધનનું રાષ્ટ્રજોગું પ્રસારણ કરવામાં આવ્યું હતું. સ્વશાસન ધરાવતા તાઈવાનની આજુબાજુ ત્રણ દિવસની શક્તિશાળી ડ્રિલ બાદ શીએ કહ્યું હતું કે આપણી માતૃભૂમિના એકીકરણને કોઈ અટકાવી નહીં શકે. ચીન તાઈવાનને તેનો ભાગ ગણે છે. ૨૦૨૨થી ચીને છઠ્ઠી વાર હવાઈ દળના જેટ, વિમાનો, મિસાઈલ અને ડ્રોન વડે તાઈવાન જીતવાની કવાયત કરી હતી

પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઈનાના સૌથી લાંબા (જુઓ પાનું ૨) ▸▸

## ડીઆરડીઓની કમાલઃ એક લોન્ચરથી બે પ્રલય મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે ઓડિશાના દરિયાકાંઠેથી બે પ્રલય મિસાઇલોનું સફળતાપૂર્વક લોન્ચ કરી ઈતિહાસ રચ્યો હતો. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) એ બુધવારે (૩૧ ડિસેમ્બર) ઓડિશાના દરિયાકાંઠેથી થોડા સમયના અંતરમાં બે પ્રલય મિસાઇલોનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું હતું. આ પ્રક્ષેપણ બુધવારે સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે કરવામાં આવ્યું હતું. આ લોન્ચિંગ યુઝર ઇવેલ્યુએશન ટ્રાયલનો એક ભાગ હતો. પ્રલય (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં ઈડીના દરોડામાં પાંચ કરોડ રોકડા, આઠ કરોડના દાગીના જપ્ત

**કાળું નાણુંઃ** હરિયાણાના નાસતા ફરતા ગુંડા ઇન્દ્રજિતસિંહ યાદવને સંડોવતા કાળાં નાણાં ધોળાં કરવાના કેસના સંબંધમાં ઇડીએ નવી દિલ્હીમાંથી રૂપિયા કરોડો રોકડા અને સોના-ચાંદી, હીરાના દાગીના જપ્ત કરાયા હતા. (પીટીઆઇ)



નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઈડી) એ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીમાં દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન એજન્સીએ ઘરમાંથી ૫.૧૨ કરોડ રોકડા અને ૮.૮ કરોડના સોના અને હીરાના દાગીના જપ્ત કર્યા હતા. તે સિવાય ૩૫ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે સંબંધિત દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા.

ઈડીએ દક્ષિણ દિલ્હીના સર્વપ્રિય વિહારમાં એક મકાનમાં હરિયાણા સ્થિત ભાગેડુ ગુનેગાર ઈન્દ્રજીત સિંહ યાદવ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની તપાસમાં દરોડા પાડ્યા હતા. ઈડીના મતે આ ગુનેગાર યુએઈથી કામ કરી રહ્યો છે. ઈડીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘર અમન કુમાર નામના એક વ્યક્તિ સાથે સંબંધિત છે જે યાદવનો કથિત સહયોગી છે અને મંગળવારથી શરૂ થયેલી કાર્યવાહી હજુ પણ ચાલી રહી છે.

તેમણે કહ્યું હતું કે બુધવાર સવારે રૂપિયા ગણવાના મશીનો સાથે બેન્કના અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા અને (જુઓ પાનું ૨) ▸▸

## ખાલિદા ઝિયા સુપુર્દ-એ-ખાક

ઢાકાઃ બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાની દફનવિધિ ભારે સુરક્ષા વચ્ચે સરકારી સમ્માન સાથે પાર પાડવામાં આવી હતી. આ અગાઉ રાષ્ટ્રીય ધ્વજમાં વીંટળાયેલા તેમનાં પાર્થિવદેહને માનિક મિયા એવેન્યુમાં રાખવામાં આવ્યો હતો. તેમની અંતિમ યાત્રા પહેલાં નમાઝ-એ જનાજા કરવામાં આવી હતી. તેમને તેમના પતિ અને શહીદ પ્રમુખ ઝિયાઉર રહેમાનની કબરની નજીક દફનાવામાં આવ્યાં હતાં. બૈતુલ મુકર્‌રમ રાષ્ટ્રીય મસ્જિદના ખાતીબ મુફ્તી મોહમ્મદ અબ્દુલ માલેકે નમાઝ પઢી હતી. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટીના સ્થાયી સમિતિના સભ્ય નઝરુલ ઈસ્લામ ખાને જિયાનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત વાંચી સંભળાવ્યું હતું. દાયકાઓથી બાંગ્લાદેશ રાજકારણમાં પ્રભુત્વ જમાવનાર ઝિયાનું મંગળવારે ઢાકામાં અવસાન થયું હતું.

તેમની દફનવિધિમાં વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ, મુખ્ય ન્યાયમૂર્તિ ઝુબેર રહેમાન ચૌધરી અને ખાલિદા ઝિયાના પુત્ર અને બીએનપીના કાર્યવાહક પ્રમુખ તારીક રહેમાન સહિત (જુઓ પાનું ૨) ▸▸



**ક્રિકેટરોને ના, રાજકારણીઓને હા?:** ઢાકામાં બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાં પ્રધાન ખાલિદા ઝિયાના અંતિમસંસ્કારની પહેલા પાકિસ્તાનની રાષ્ટ્રીય ધારાસભાના સ્પીકર સરદાર અયાઝ સાદિક સાથે હાથ મિલાવતા ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર. ખાસ ઉલ્લેખનીય એ કે ભારતીય ક્રિકેટરોએ વિવિધ સ્પર્ધામાં પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ મિલાવવાનો ઇનકાર કર્યો હતો, પણ શું રાજકારણીઓને આ નિયમ લાગુ નથી પડતો? (પીટીઆઇ)

## ઝોમેટો-સ્વિગીએ આપી વધુ મહેનતાણાની ઑફર

### યુનિયને હડતાળ વિસ્તારવાની ધમકી આપતા કંપનીએ પ્રસ્તાવ રજૂ કર્યો

નવી દિલ્હીઃ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ ઝોમેટો અને સ્વિગીએ તેમના ડિલિવરી ભાગીદારોને સેવાઓમાં ઓછામાં ઓછા વિક્ષેપો સુનિશ્ચિત થાય એ માટે કામદારોને વધારાનો પગાર ઑફર કર્યો હતો.

તેલંગાણા ગિગ અને પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન (ટીજીપીડબલ્યુયુ) અને ઇન્ડિયન ફેડરેશન ઓફ એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ (આઈએફએટી) એ દાવો કર્યો છે કે લાખો કામદાર વધુ સારી ચૂકવણી અને કામ કરવાની સ્થિતિમાં સુધારો લાવવાની માંગ માટે દેશવ્યાપી હડતાળમાં જોડાવા માટે તૈયાર છે.ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, હડતાળ નવા વર્ષની (જુઓ પાનું ૨) ▸▸

## વોડાફોન-આઇડિયાને સંકટમાંથી ઉગારવા સરકારે મોટી રાહત આપી

### બાકી નીકળતી રકમ ૨૦૩૧થી ૨૦૪૧ સુધીમાં ચૂકવવા આદેશ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે આર્થિક મુશ્કેલીમાં ફસાયેલી વોડાફોન-આઇડિયાને કરજની ચુકવણીમાં મોટી રાહત આપી છે. તેને આ ચુકવણી પાંચ વર્ષ (૨૦૩૧ સુધી) મુલતવી રાખવાની છૂટ અપાઇ છે. દૂરસંચાર ક્ષેત્રની આ કંપનીએ બાકી નીકળતી રકમ ૨૦૩૧-૩૨થી ૨૦૪૦-૪૧ સુધીના નાણાકીય વર્ષમાં ભરી દેવી પડશે. વોડાફોન-આઇડિયા લિમિટેડ (વીઆઇએલ)ના એડજસ્ટે ગ્રોસ રેવન્યુ (એજીઆર)ના બાકી નીકળતા રૂપિયા ૮૭,૬૯૫ કરોડ હપ્તેથી ચૂકવવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની પ્રધાનમંડળની બેઠકમાં છૂટ અપાઇ હતી.

દૂરસંચાર ક્ષેત્રની કંપનીએ સરકારને લાઇસન્સ ફી અને સ્પેક્ટ્રમના વપરાશના ચાર્જીસ સહિતની રકમ ચૂકવવાની હોય છે. તેમાં વ્યાજ, ભાડું, મિલકતના વેચાણ જેવી બાબતો સાથેની રકમનો (જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા પછી ચીનઃ બધાંને જશ ખાટવો છે પણ પુરાવા ક્યાં?

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઓછા પડતા હતા તે હવે ઓપરેશન સિંદૂરના મામલે ચીન પણ મેદાનમાં આવ્યું છે. ટ્રમ્પ ૮ મહિનાથી રેકર્ડ વગાડ્યા કરે છે કે, પહલગામ હુમલા પછી ભારતે પાકિસ્તાન પર હુમલો કરાવ્યો ત્યારે પોતે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હતો. ટ્રમ્પ અત્યાર લગીમાં ૫૦થી વધુ વાર પોતે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યાની ફિશિયારી મારી ચૂક્યા છે.

હવે ચીને પણ એ જ સૂર છેડીને કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને બંધ કરાવવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ દાવો કર્યો છે કે, એપ્રિલ-મેમાં બંને દેશો સામસામે આવી ગયેલા અને યુદ્ધની નોબત આવી ગયેલી ત્યારે પોતે વચ્ચે પડીને તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો. વાંગ યીએ એવી ડંફાશ પણ મારી છે કે, ચીન દુનિયામાં ઘણે ઠેકાણે સંઘર્ષો ટાળવામાં અને યુદ્ધોને રોકવામાં મદદ કરતું રહ્યું છે તેથી ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ ઘટાડવા ચીને મધ્યસ્થી કરી હતી તેમાં કંઈ નવાઈ નથી. ચીનના વિદેશ મંત્રાલયે તેમના આ નિવેદનને સોશ્યલ મીડિયા પર મૂક્યું છે તેનો અર્થ એ થયો કે, ચીન સરકારનું આ સત્તાવાર વલણ છે.

ભારત સરકારે રાબેતા મુજબ જ ચીનના દાવાને નકારી કાઢ્યો છે. ટ્રમ્પની ફિશિયારી વખતે જ ભારતે ચોખવટ કરી દીધેલી કે, યુદ્ધવિરામમાં કોઈ પણ ત્રીજા દેશ કે પક્ષકારની કોઈ ભૂમિકા નહોતી. સીધો ભારત અને પાકિસ્તાની લશ્કરના ડીજીએમઓની ટેલીફોનિક વચ્ચેની વાતચીતથી જ યુદ્ધવિરામ થયો હતો. ત્રીજા દેશ કે પક્ષકારની કોઈ ભૂમિકા નહોતી એવું ભારતે કહેલું તેમાં બધું જ આવી ગયેલું. તેમાં ચીન પણ આવી ગયું ને અમેરિકા પણ આવી ગયું ને કાલે કોઈ બીજો દેશ કે સંસ્થા ઊભી થઈને આ દાવો કરે તો એ પણ આવી ગયાં.

ભારતે ફરી ચોખવટ કરી છે કે, ઈન્ડિયન આર્મીના મારથી ભારે નુકસાન થયા પછી પાકિસ્તાનના લશ્કરી અધિકારીએ ભારતીય અધિકારીનો સંપર્ક કર્યો હતો. પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ (DGMO) ભારતીય DGMO સાથે વાત કરી પછી બંને દેશોએ ૧૦ મેથી જમીન, હવા અને સમુદ્ર એમ બધે ઠેકાણે તમામ પ્રકારની લશ્કરી કાર્યવાહી રોકવા સહમતી સધાઈ અને યુદ્ધવિરામનો અમલ કરાયો.

ચીનના દાવા પછી યુદ્ધવિરામ ફરી ચર્ચામાં છે પણ આપણે આપણી સરકારની વાતને સ્વીકારવી જોઈએ. ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીન જે દાવા કરે છે તેના કોઈ પુરાવા નથી એ જોતાં ભારતીયોએ નરેન્દ્ર મોદી સરકારનો વિશ્વાસ કરવો જોઈએ અને અમેરિકા કે ચીને મધ્યસ્થી કરીને ઓપરેશન સિંદૂર રોકાવ્યું હતું તેને ટાઢા પહોરનું ગપ્પું માનવું જોઈએ. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકોની સત્તાવાર વાતચીતનો રેકોર્ડ રખાતો હોય છે. કોલ રેકોર્ડ્સ, વીડિયો ટેપ, કોલ ટેપ સહિતના પુરાવા પણ રખાતા હોય છે.

આ બધા પુરાવા ક્લાસિફાઈડ એટલે કે ગુપ્ત રાખીને જાહેર નહીં કરવાની કેટેગરીમાં આવે તેથી સામાન્ય સંજોગોમાં એ જાહેર ના થાય પણ ઓપરેશન સિંદૂર મુદ્દે અમેરિકા અને ચીન બંનેના દાવાને ભારતે સત્તાવાર રીતે નકારી કાઢ્યા છે. આડકતરી રીતે ભારતે અમેરિકા અને ચીન બંને જૂઠાણાં ચલાવે છે એવું કહી દીધું છે એ જોતાં અમેરિકા-ચીને ખરેખર મધ્યસ્થી કરી હોય તો પુરાવા જાહેર કરીને પોતાને સાચા સાબિત કરવા જોઈએ અને ભારત સરકારને ખોટી સાબિત કરવી જોઈએ.

ચીન તો હમણાં મેદાનમાં આવ્યું પણ ડોનલ્ડ ટ્રમ્પ તો પચાસ વાર આ વાત કરી ચૂક્યા છે અને દરેક વાર ભારતે ટ્રમ્પના દાવાને નકારીને ટ્રમ્પ જૂઠું બોલે છે એવું આડકતરી રીતે કહી જ દીધું છે.

ટ્રમ્પ એ પછી પણ કોઈ પુરાવા નથી મૂકતા તેનો મતલબ એ થયો કે, ટ્રમ્પ જૂઠા છે અને મોદી સરકાર સાચી છે. ચીન પણ પુરાવા આપ્યા વિના આ જ રેકર્ડ વગાડ્યા કરે તો તેને પણ આ જ વાત લાગુ પડશે. નક્કર પુરાવા ના રજૂ થાય ત્યાં સુધી આપણી સરકાર જ સાચી છે એવું આપણે માનવું જોઈએ.

અલબત્ત મોદી સરકારે ઓપરેશન સિંદૂર મુદ્દે કેટલાક સવાલોના જવાબ પણ આપવા જોઈએ કેમ કે ઘણા સવાલોના સંતોષકારક જવાબ નથી મળ્યા. પહેલો સવાલ એ છે કે, ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સંમત થયાં છે તેની જાહેરાત ભારત કે પાકિસ્તાન પહેલાં કેમ કરી ? ભારતે સત્તાવાર રીતે યુદ્ધવિરામ સ્વીકાર્યો તેના ૪ કલાક પહેલાં ટ્રમ્પે એલાન કરી દીધેલું. ટ્રમ્પને યુદ્ધવિરામની ખબર પહેલાં કઈ રીતે પડી ગઈ તેનો સંતોષકારક જવાબ નથી મળતો. ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યાની આગોતરી જાણ અમેરિકાને કરી હોય ને ટ્રમ્પ જશ ખાટવા પોતે મોટા ભા બની ગયા હોય એ શક્ય છે પણ સરકારે સ્પષ્ટતા નથી કરી એ હકીકત છે.

બીજો સવાલ એ છે કે, સરકારે લેવાનો નિર્ણય ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO) કક્ષાએ કેમ લેવાયો ? વિદેશ મંત્રી એસ. જયશંકરે સત્તાવાર રીતે કહેલું કે, પાકિસ્તાની આર્મીના DGMO મેજર જનરલ કાશિફ અબ્દુલ્લાએ ઈન્ડિયન આર્મીના DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને કોલ કર્યો પછી ભારતે યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો. કાશ્મીર અને આતંકવાદનો મુદ્દો બે દેશોની સરકાર વચ્ચેનો છે ત્યારે પાકિસ્તાનની સરકાર કે આર્મી ચીફના બદલે ડીજીએમઓ જેવા નીચલી કક્ષાના અધિકારીના કહેવાથી ભારતે યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો? એ જ રીતે યુધ્ધવિરામના બદલામાં પાકિસ્તાન શું કરશે તેનો પણ જવાબ નથી મળતો.

સૌથી મહત્ત્વનો સવાલ તો એ છે કે, આર્મી પૂરી તાકાતથી તૂટી પડી હતી અને આપણું લશ્કર પાકિસ્તાનના ભુક્કા બોલાવીને પીઓકે પાછું મેળવવા સજ્જ હતું ત્યારે મોદી સરકારે હુમલા અચાનક બંધ કરીને યુદ્ધવિરામ કેમ સ્વીકારી લીધો ? મોદીએ કહેલું કે, પાકિસ્તાન હવે પછી આતંકવાદી હુમલો કરાવે તો તેનો જવાબ મિલિટરી એક્શનથી મળશે. ઓપરેશન સિંદૂર બંધ કરાયું પછી દેશની રાજધાની દિલ્હીમાં આતંકવાદી હુમલો થયો છતાં કોઈ મિલિટરી એક્શન કેમ નથી લેવાયાં તેનો જવાબ પણ નથી મળતો. હમણાં ઓપરેશન સિંદૂર વખતે ભારતનાં કેટલાંક ફાઈટર જેટ તૂટ્યાં હોવાનો દાવો અમેરિકા દ્વારા કરાયેલો. તેનો જવાબ પણ સરકારે નથી આપ્યો.

આતંકવાદ સામેની લડાઈમાં આપણી સરકાર જે કંઈ કરે તેને આખા દેશનો ટેકો હોય જ એ કહેવાની જરૂર નથી પણ સામે સરકારે પણ દેશનું ગૌરવ જળવાય એ રીતે વર્તવું જરૂરી છે. પારદર્શક બનીને લાકો સામે હકીકતને મૂકવી જરૂરી છે પણ કમનસીબે સરકાર એવી પારદર્શિતા નથી બતાવી શકી.

ઓપરેશન સિંદૂર વખતે સ્વીકારાયેલો યુદ્ધવિરામ દેશ માટે ગૌરવરૂપ નહોતો જ એ હકીકત છે. એવું કેમ થયું એ સવાલનો કોઈ જવાબ હજુ નથી મળતો.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૧-૧-૨૦૨૬, પ્રદોષ, ખ્રિસ્તી વર્ષારંભ ૨૦૨૬ પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૧, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી રાત્રે ક.૨૨-૪૭ સુધી પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૨૨, રાત્રે ક. ૨૨-૫૬
- ઓટઃ બપોરે ક. ૧૫-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૮ (તા. ૨ )
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ શુક્લ - ત્રયોદશી. પ્રદોષ, ખ્રિસ્તી ઈ. સ. ૨૦૨૬ પ્રારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ. ● મુહૂર્ત વિશેષઃ પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, શિવરુદ્રાભિષેક પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાન, રાત્રિ જાગરણ, શિવભક્તિ ભજન કીર્તન, બ્રહ્માજીનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, જાંબુના ઔષધીય પ્રયોગો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, આભૂષણ, વસ્ત્ર, દુકાન-વેપાર, નોકરી, દસ્તાવેજ, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન,વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- જાન્યુઆરી-૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૭ મિ. ૧૩, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૧૦.
- ચંદ્ર ઉદયઃ ક. ૧૫-૧૮, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૮ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૬-૨૧, બુધ અસ્તઃ ક. ૧૭-૧૧, શુક્ર ઉદય ક. ૦૭-૦૮, અસ્તઃ ક. ૧૭ą૫૮, મંગળ ઉદયઃ ક. ૦૭-૨૫, અસ્તઃ ક. ૧૮-૧૪, ગુરુ ઉદયઃ ક. ૧૮-૫૬, અસ્તઃ ક. ૦૮-૦૩, શનિ ઉદયઃ ક. ૧૧-૫૨, અસ્તઃ ક. ૨૩-૩૯, તા. ૧ જાન્યુઆરી, સૂર્યોદયના સમયે ધનુ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મિથુન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૧મીએ ઉત્તરાષાઢા, તા. ૨૪મીએ શ્રવણ, મંગળ તા. ૧૧મીએ ઉત્તરાષાઢા, તા. ૨૯મીએ શ્રવણ નક્ષત્રમાં પ્રવેશે છે. બુધ, તા. ૧૫મીએ ઉત્તરાષાઢા, તા. ૨૩મીએ શ્રવણ, તા. ૩૧મીએ ઘનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશે છે. બુધ ધનુ રાશિમાં તા. ૨ જાન્યુઆરી થી તા. ૪ ફેબ્રુઆરી અસ્તનો રહે છે. બુધ તા. ૧૭મીએ મકરમાં આવે છે. શુક્ર તા. ૧૦મીએ ઉત્તરાષાઢા, તા. ૨૧મીએ શ્રવણ, તા. ૩૧મીએ ઘનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશે છે. શુક્ર મકરમાં, તા. ૧૩મીએ પ્રવેશે છે. તા. ૧૨ ડિસેમ્બરે પૂર્વમાં અસ્ત થયેલ શુક્ર સમગ્ર જાન્યુઆરી માસમાં અસ્ત રહે છે અને તા. ૧લી ફેબ્રુઆરીએ પશ્ચિમમાં ઉદિત થશે. ગુરુ પુનર્વસુ નક્ષત્રમાં રહે છે. રાહુ શતતારા નક્ષત્ર, કુંભ રાશિમાં, કેતુ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે. શનિ તા. ૨૦મીએ ઉત્તરા ભાદ્રપદા નક્ષત્ર, મીન રાશિમાં ભ્રમણ કરે છે.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી સ્વભાવ, બુધ-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, બુધ-નેપ્ચૂન ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ક્રોધની કુટેવ અને દુઃખમાં ધૈર્યઃ આ રહ્યો તેનો આસાન નુસ્ખો

**હઝરત** (માનવંત) અલી સાહેબ કહે છે કે, જે પણ વ્યક્તિને ગુસ્સો આવે કે તરત જ એ ન્હાવા, સ્નાન કરવા જતો રહે અથવા તે શક્ય ન હોય તો તે એ સ્થળ, જ્યાથી જતો રહે. આવું કરવાથી અનુભવી શકાશે કે ક્રોધ કેવો શાંત પડી જાય છે...!

- ઈસ્લામ લોકોને ક્રોધથી દૂર રહેવા ભારપૂર્વક કહે છે અને સાથે તેનો દુન્યવી અને આધ્યાત્મિક માર્ગ પણ સૂચવે છે.

* ગુસ્સો પણ એક બીમારી છે અને તેના ઈલાજનો એક સરળ માર્ગ એ છે કે તેનાં કારણોની શોધ કરે.
* શારીરિક, માનસિક, રૂહાનીની રૂએ પણ તેના ઉત્પન્ન થવા પાછળનું કારણ બનતું હોય છે.
* કેટલાક લોકોમાં ગુસ્સાનું મૂળ કારણ જિસ્માની, શારીરિક કમજોરી પણ છે. આવા પ્રકારના લોકો કામકાજમાં વધારો, કંટાળો કે જાતિય, જિન્સી બાબતોમાં અતિશયોક્તિ કરવાને કારણે પોતાની જિસ્માની, શારીરિક સલામતી ખોઈ બેસે છે, જેને કારણે તે પોતાની મામૂલી, નજીવી વાતોમાં ક્રોધની આગમાં કૂદી પડે છે અને તેના પરિણામ સ્વરૂપ તે આગ તેને ભસ્મ કરી દે છે.

એવી જ રીતે અમુક લોકો અમુક વલણોમાં અતિશયોક્તિને લીધે સમતોલપણું વટાવીને હંમેશાં નાકનું ટીચકું ચઢાવેલું રાખે છે. આ વલણોમાં,

* દોસ્તી, * શેહવત (વાસના),
* અતિ સ્વાર્થીપણા કે હદથી વધારે કોઈ વાતને મન પર લઈ, દુઃખી થઈ જવું વગેરે, વગેરે હોય છે.

માનવંત વાચક મિત્રો! આ બંને પ્રકારના લોકોના અયોગ્ય અને નિરર્થક ગુસ્સાના ઈલાજની પદ્ધતિ, એ બીમારીના જિસ્માની નફસિયાત (સ્વાર્થીપણું, કામુકતા) કારણોનો ખાતમો છે.

અગાઉના સમયમાં અમુક દેશમાં એવો રિવાજ હતો કે, જ્યારે કોઈ શખસને ગુસ્સો આવી જતો ત્યારે લોકો તરત જ તેના હાથમાં પાણીનું વાસણ પકડાવી દેતા અને તેને મજબૂર કરતાં કે તે પાણીને ટીપું ટીપું કરીને પી જાય. આ રીતે તેની માનસિક ઉગ્રતા રોષની લાગણી ખતમ થઈ જતી અને છેલ્લો ઘૂંટ પીવા સુધીમાં પોતાનાં અવયવો પર નિયંત્રણ પ્રાપ્ત કરી લેતો.

આધુનિક યુગમાં માનસશાસ્ત્ર નિષ્ણાતો ગુસ્સાની બીમારીના ઈલાજ માટે જે પદ્ધતિ યોગ્ય સમજે છે તે એવી છે કે ક્રોધથી વિફરેલો શખસ પોતાને કોઈ અન્ય કામમાં તરત જ પ્રવૃત્ત કરી દે. જેથી તેનું દિમાગ, તેના વિચારો મૂળ ગુસ્સાના વિષયથી ખસી જાય અને માનસિક રીતે સ્વસ્થ થવા માટે તેણે ઊંડા ઊંડા સ્વાસો લેવા જોઈએ.

બીજી એક પદ્ધતિ એ છે કે જે આ કરતાં પણ વધુ ઉપયોગી છે, જેનાથી ઘણાં સારાં પરિણામો આવે છે જેમ કે

* જે શખ્સને ગુસ્સો આવ્યો હોય તે જ્યાં તેને ગુસ્સો આવ્યો તે વાતાવરણમાંથી નીકળી જાય અને થોડેક દૂર સુધી પગે ચાલીને જાય,
* દીને ઈસ્લામે અયોગ્ય ગુસ્સાની બુરાઈ અંગે જે તાકીદ કરી છે, તેની સાથો સાથ તેના ઈલાજ માટે અમુક મુદ્દાઓ વર્ણવ્યા છે. જેમ કે -
* હઝરત મોહમ્મદ બાકિર (રદ્દી. અન્હો)-એ ફરમાવ્યું છે કે જ્યારે ઈન્સાનને ગુસ્સો આવે છે, તો તે ગુસ્સો એનો એવી રીતે પીછો કરે છે કે જ્યાં સુધી તે ગુસ્સાને આગમાં ભસ્મ કરી દે નહીં, તેને ચેન પડતું નથી. તેથી જ્યારે પણ કોઈ શખ્સને ગુસ્સો આવે, તો જો તે ઊભેલો હોય તો બેસી જાય. દૂર થઈ જાય છે અને જો કોઈ શખ્સ પોતાના સગાવહાલાઓ પર ક્રોધ કરી બેસે તો તેને જોઈએ કે તેમના બદનનો સ્પર્શ કરે, કારણ કે એ રીતે ગુસ્સાની આગ ઠંડી પડી જાય છે.

* * *

### સનાતન સત્યઃ

* દિલ જ્યારે રડે છે ત્યારે આંખોમાંથી અશ્રુની ધારા વહે છે અને દિલ ત્યારે રડે છે જ્યારે તેને ગહેરી ચોટ, ઊંડા ઘા લાગ્યા હોય છે.
* 'અલ્લાહ તરફથી આવ્યા છીએ અને પરત અલ્લા તરફ જ પાછા વળવાનું છે...!'

- વ્હાલા વાચક બિરાદરો! દુનિયાને જ્યારે પણ તમારી તરફ આવતી જુઓ ત્યારે ઉપરોક્ત પંક્તિનો ગુજરાતીમાં કરેલો ભાવાનુંવાદનું રટણ કરજો.

- સૃષ્ટિના સર્જનહારે પયગંબર હઝરત મુસા અલૈહિસલ્લામને કહ્યું હતું કે, '...દુનિયા એક અઝાબ, દુઃખ-કષ્ટ-યાતના-સજા છે, જે તમારી તરફ આવી રહ્યો છે.

* 'દુનિયાને જ્યારે પણ મોં ફેરવી જુઓ તો ફકીરનું સ્વાગત કરો.
* 'આ નેક, સજ્જન, પ્રમાણિક બંદાઓની સૂટેવ, આદત છે...!'

- પયગંબરે ઈસ્લામ હઝરત મોહમ્મદ સલ.નું કથન છે કે,

* 'ફકીરી કુદરતના ખજાનાઓમાંનો એક ખજાનો છે.
* 'ફકીરી એવી ને'મત, ઈશ્વરીય દેણગી છે કે જે મુરસલ, નબી અને મોમીન, અલ્લાહ પર આસ્થા રાખનાર ચુસ્ત-પાકા મુસલમાન બંદાને ખુદાતઆલા આપે છે.
* 'ફકીરી કુદરત તરફથી એક ઈજ્જત અને માન-સન્માન છે.
* 'ફકીરી મોમીન, આસ્થાળુની શોભા છે.
* 'જન્નતવાસીઓમાં ફકીરોની સંખ્યા બહુમતીમાં હશે અને સૌથી ઓછી સંખ્યામાં માલદારો હશે.
* ઈન્સાન જેટલો ઈમાનમાં આગળ વધતો જાય છે તેટલી તેની આજીવિકા-રોઝીમાં તંગી અનુભવતો જાય છે.
* ફકીરો જન્નતમાં બાદશાહ છે.
* બધાય ઈન્સાનો જન્નતમાં જવા માટે ઉત્સુક છે અને
* જન્નત ફકીરો માટે બાદશાહ છે.
* ફકીરો જન્નતમાં હિસાબ વગર દાખલ થશે. તેઓની શફાઅત (શુદ્ધ, પવિત્રતા) એ લોકોને પણ કામ આવશે કે જેમણે એક ઘૂંટડો પાણીનો પાઈને ઉપકાર કર્યો હશે.
* ફકીર ઉપર સદકો (દાન, ત્યાગ) થનાર એક દિરહમ (તે સમયનો એક પૈસો) અમીરને અપાનાર હજાર દિરહમથી બહેતર-શ્રેષ્ઠ છે.
* અલ્લાહ મોમિન (સચ્ચાઈ પર ચાલનારો-શ્રદ્ધાળુ) ફકીર સાથે એવી રીતે વર્તશે કે જેવી રીતે એક બિરાદરે મોમિન (મિત્ર) બીજા બિરાદરે મોમિન સાથે વર્તે છે.
* એક મુનાદી (આલિમ-જ્ઞાની) અવાજ દેશેઃ મોમિન ફકીરો ક્યાં છે? ત્યારે કેટલાક આગળ આવશે. અલ્લાહનો ઇર્શાદ (હુકમ, આદેશ આપવો) થશેઃ
* 'મારી ઈજ્જત, જલાલ (શાન, ભવ્યતા) અને બુલંદી-શ્રેષ્ઠતાના કસમ-સોગંધ! મેં તમને દુન્યવી ને'મતો (કૃપાઓ)થી એટલા માટે વંચિત નહોતા રાખ્યા કે તમે મારી નજરમાં ઝલીલ (અપમાનિત) હતા. મેં તમારી ને'મતોનો અહીં માટે સંગ્રહ કરી રાખ્યો છે, જુઓ જેણે પણ તમારી સાથે પાણીના એક ઘૂંટડા જેટલો પણ એહસાન-ઉપકાર કર્યો હોય, એને તમારી સાથે જન્નતમાં લઈ જઈ શકો છો...!'

### બોધઃ

- વ્હાલા વાચક બિરાદરો! યાદ રાખવું ઘટે કે,

* વખાણવા લાયક ફક્ર-ફકીરી માટે પણ કેટલીક શરતો છેઃ

- સૌ પ્રથમ શરત તો એ છે કે,

* એવી રીતે સંયમપૂર્વક જીવે કે લોકો તેને લાચાર-બેબસ જરૂરતમંદ ન સમજે અર્થાત્ લોકો પાસે પોતાની ગરીબી ગાય નહીં, પોતાની જરૂરિયાત શિકાયત ન કરે.
* જ્યારે દિલ તંગ થઈ જાય - મુંઝવણ અનુભવે, ત્યારે કોઈ ભરોસાપાત્ર દોસ્ત અથવા બિરાદરે મોમિનને કહે. એ પણ એવી આશા હોય કે તે પોતાની જરૂરિયાત પૂરી કરી દેશે. નહીં તો પોતાની સ્થિતિ છુપાવી રાખવી જ બહેતર-સારી છે.
* કેમ કે તેનાથી અલ્લાહ પર તેની રોઝીની જવાબદારી વધી જાય છે!
* નહીં તો પછી અલ્લાહ એવાઓને સોંપી દે છે કે જેની પાસે તેણે શિકાયત કરી છે, લોકો તેને ઝલીલ, અપમાનિત કરી કાઢી મૂકે છે.

* * *

### સાપ્તાહિક સંદેશઃ

- ઉપકાર કરનારાનો આભાર માનો અને
- ઉપકારનો બદલો અપકારથી નહીં બલ્કે
- ઉપકારથી જ વાળો.

## પહેલા પાનાનું ચાલુ

### ઘાટકોપર હવે

નિષ્ઠાવાન કાર્યકરોને જાકારો આપ્યો છે. મુંબઈ મહાનગર પાલિકા પર ભાજપનો મેયર બેસાડવાની લ્હાયમાં ભાજપ હવે સાવ છેલ્લે પાટલે બેસી ગઈ છે અને નિષ્ઠાવાન કાર્યકરોની ભાજપમાં હવે કોઈ ગણના નથી તેવો સૂર ઘાટકોપર ભાજપમાં ઊભો થયો છે, જોકે પરિસ્થિતિ થાળે પાડવા માટે મોવડી મંડળે કિરીટ સોમૈયા, પ્રકાશ મહેતા અને પરાગ શાહને જવાબદારી સોંપી છે, કેમ કે આમાં સૌથી મોટું નુકસાન ગુજરાતીઓનું જ થયું છે. જોકે અપવાદરૂપ ધર્મેશ ગીરી જ ભાજપમાં ૧૫ વર્ષ કરતાં જૂનો કાર્યકર છે, ધર્મેશ ગીરીની ઉમેદવારી સામે ખાસ કોઈ વિરોધ નથી. ગીરીના સંબંધો તમામ કાર્યકર અને નેતાઓ તથા જનતા સાથે સારા છે, પરંતુ સૌથી મોટો વિરોધ રિતુ તાવડે અને રાખી જાધવનો થઈ રહ્યો છે, ખાસ કરીને રિતુ તાવડેને જે વોર્ડમાં ઉમેદવારી આપી છે એ ગુજરાતીઓનો ગઢ છે, અહીંથી ભાજપમાંથી કોઈને પણ ઉમેદવારી મળે જીત નિશ્ચિત હોય છે, આ વોર્ડમાં માત્ર કમળની નિશાની જ ચાલે છે તેવો ઈતિહાસ છે, પરંતુ આ વખતે કદાચ આ ઈતિહાસ બદલાઈ શકે તેમ છે, બહારના લોકોથી ત્રાસેલા ભાજપના સંનિષ્ઠ કાર્યકરો આ બેઠક પર આશ્ચર્યજનક પરિણામ લાવી શકે તેમ છે. અહીંથી ભૂતપૂર્વ નગરસેવિકા શોભા આશરે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. શોભા આશર ભાજપના ખૂબ જ જૂનાં કાર્યકર છે અને એમની સ્વચ્છ ઈમેજ એમનું જમાપાસું છે, વળી મોટા ભાગના લોકો તેમને વ્યક્તિગત રીતે ઓળખે છે અને ભાજપી કાર્યકરો પણ પોતાની તાકાત દેખાડી દેવાના મૂડમાં છે, ભાજપનું કૉંગ્રેસીકરણ અટકાવવા અમે શોભા આશર માટે કામ કરીશું, પરંતુ એ અડીખમ ઊભા રહે તો કેમ કે પક્ષ તરફથી તેમને મનાવવાના ખૂબ પ્રયાસ થઈ રહ્યા છે તેવું એક નિષ્ઠાવાન કાર્યકરે પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. વળી હજુ એક કાર્યકરે તો ત્યાં સુધી જણાવ્યું છે કે જેમની સાથે અન્યાય થયો છે તેવા કાર્યકરોને જીતાડીને પાછા ભાજપમાં જ લાવીશું આમ કરીને અમે પક્ષનું જ કામ કરીએ છીએ. તો મુંબઈ ભાજપના જ એક પદાધિકારીએ જણાવ્યું હતું કે ઘાટકોપર જેવી જ પરિસ્થિતિ સમગ્ર મુંબઈમાં છે, અંદરખાને સહુ સાચા ભાજપીઓ આ વખતે પક્ષની કાર્યપ્રણાલીથી નારાજ છે અને એથી જ વધુ સક્રિય નથી, જેથી જો પરિણામ ઊલટું આવે તો મોવડીમંડળ નોંધ લે અને પક્ષના સાચા કાર્યકરોને ઓળખે, એમને સન્માન આપે નહીં તો અમારાય કૉંગ્રેસ જેવા હાલ થશે એ નક્કી છે.

### ૨૦૨૬માં ચાંદી

૨૦૨૬માં મક્કમ રિકવરીની અપેક્ષા છે. બજારના સેન્ટિમેન્ટનો આધાર કંપની પરિણામો અને જીડીપી વૃદ્ધિ પર કેન્દ્રિત રહેવાની શક્યતા છે.

### ભારત-પાકિસ્તાન

મુદ્દાઓના સમાધાન માટે ચીનના આ અભિગમને અનુસરીને, અમે ઉત્તર મ્યાનમાર, ઈરાનનાં અણુ કાર્યક્રમ નો મુદ્દો, પાકિસ્તાન અને ભારત વચ્ચેના તણાવ, પેલેસ્ટાઇન અને ઇઝરાયલ વચ્ચેના મુદ્દાઓ અને કંબોડિયા અને થાઇલેન્ડ વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં મધ્યસ્થી કરી હતી.

### વોડાફોન-આઈડિયા

પણ સમાવેશ થાય છે. વોડાફોન આઇડિયા ભાવને લગતી સ્પર્ધા, ઊંચું કરજ, એડજસ્ટે ગ્રોસ રેવન્યુની મોટી (આર્થિક) જવાબદારી (લાયબિલિટી) સહિતની આર્થિક કટોકટીનો સામનો કરી રહી છે.

### દિલ્હીમાં

અત્યાર સુધીમાં ૫.૧૨ કરોડ રૂપિયા રોકડા, ૮.૮૦ કરોડ રૂપિયાના સોના અને હીરાના ઘરેણા ભરેલી એક સૂટકેસ અને બેન્કની ચેકબુક અને ૩૫ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે જોડાયેલા દસ્તાવેજો ભરેલી એક બેગ જપ્ત કરવામાં આવી હતી. ઈડી દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર ટિપ્પણી માટે યાદવ કે કુમારનો સંપર્ક થઈ શક્યો નહોતો.

### ઝોમેટો-સ્વિગીએ

પૂર્વસંધ્યાએ ઝોમેટો, સ્વિગી, બ્લિન્કઈટ, ઇન્સ્ટામાર્ટ અને ઝેપ્ટો જેવી ફૂડ ડિલિવરી અને ક્વિક કોમર્સ કંપનીઓના કામકાજને અસર કરી શકે છે, જ્યારે માંગ સર્વકાલીન ઉચ્ચ સ્તરે હોય છે. ઝોમેટોએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી પીક અવર્સ દરમિયાન ડિલિવરી ભાગીદારોને ઓર્ડર દીઠ ૧૨૦ રૂપિયાથી ૧૫૦ રૂપિયાની ચુકવણી ઓફર કરી છે.

### ફરીદાબાદમાં

જોઈને અમે તેને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરી હતી. આરોપી ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના મૂળ વતની છે અને ફરીદાબાદમાં રહે છે. તેઓ મહિલાને ઓળખતા નથી. પોલીસે કહ્યું હતું કે એક વાર તેમની ઓળખની પરેડ થયા બાદ તેમની ઓળખાણ છતી કરાશે. (એજન્સી)

### ડીઆરડીઓની

એક શોર્ટ રેન્જની સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઇલ છે જેની પેલોડ ક્ષમતા ૫૦૦-૧૦૦૦ કિલોગ્રામ છે. તે અનેક પરંપરાગત વોરહેડ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

### તાઈવાનનું

૭૨ વર્ષના શાસક શીએ બીજિંગે આર્થિક, સંરક્ષણ અને ટેક્નોલોજી સેક્ટરમાં ભરેલી હરણફાળની વાત કરી હતી. બ્રહ્મપુત્રા બંધનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું હતું કે યાર્લુન્ગ ઝાન્ગબો પર હાઈડ્રોપાવર પ્રોજેક્ક્ટ બાંધવાનું ચાલુ થયું છે. તિબેટમાં ૧૭૦ અબજ યુઆનના ખર્ચે બંધ બાંધવાનું ઔપચારિક રીતે શરૂ થયું છે. આ બંધને લીધે ભારત અને બાંગ્લાદેશના નીચાણવાળા ક્ષેત્રમાં પૂર આવે એવી ચિંતા છે. (એજન્સી)

### સિદ્ધિઓ સાથે

કાર્યવાહી હાથ ધરી હતી અને જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતની આ લશ્કરી તાકાત વિશ્વે જોઇ હતી. ભારતના રાફેલ વિમાનો, આકાશ અને બ્રહ્મોસ મિસાઇલો તેમ જ એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમની શક્તિ જોઇ દુશ્મનો દંગ રહી ગયા હતા. (એજન્સી)

### ખાલિદા ઝિયા

વિદેશી મહાનુભાવો, વચગાળાની સરકારના સલાહકારો, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, સરકાર અને લશ્કરના સિનિયર અધિકારીઓએ હાજરી આપી હતી.

#### મોદીનો પત્ર રહેમાનને

ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકરે બુધવારે બીએનપીના નેતા તારીક રહેમાનને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો પત્ર સુપરત કર્યો હતો. ઢાકા આવ્યા બાદ જયશંકર રહેમાનને મળ્યા હતા. જયશંકરે સોશ્યલ મીડિયામાં લખ્યું હતું કે મેં મોદીનો પત્ર રહેમાનને આપ્યો હતો. મોદીએ ઝિયાના અવસાન બદલ શોક વ્યક્ત કર્યો હતો અને ૨૦૧૫માં ઢાકામાં તેમની સાથેની મુલાકાત યાદ કરી હતી. (એજન્સી)

### રાજસ્થાનમાં

હેઠળના વિસ્તારમાં કાર જપ્ત કરી હતી. કારમાં યુરિયા ખાતરની ગૂણીઓમાંથી એમોનિયમ નાઇટ્રેટ મળ્યું હતું. (એજન્સી)

# રાજ્યમાં ૩૩,૬૦૬ અને મુંબઈમાં ૨,૫૧૬ ઉમેદવારોએ ભર્યાં ફોર્મ

## નોમિનેશન દાખલ કરવાના છેલ્લે દિવસે રાજકીય પાર્ટીઓમાં નાટકીય દૃશ્યો જોવાં મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્યની કુલ ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મંગળવારે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખે મુંબઈમાં ૨,૧૨૨ લોકોએ ફોર્મ ભર્યા હતા. તો બે દિવસમાં ૨,૫૧૬ લોકોએ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે સમગ્ર રાજ્યમાં ૮૯૩ વોર્ડમાં આવેલી ૨,૮૬૯ બેઠક માટે કુલ ૩૩,૬૦૬ લોકોએ નોમિનેશન ફોર્મ ભર્યા હતા.




રાજ્યમાં ૩૦ ડિસેમ્બરના છેલ્લે દિવસે નોમિનેશન દાખલ કરવાના દિવસે રાજકીય પાર્ટીઓમાં નાટકીય દૃશ્યો જોવા મળ્યા હતા, જેમાં ખાસ કરીને મુંબઈ, નાશિક, નાગપુર અને જળગાંવનો સમાવેશ થાય છે. પક્ષોએ ટિકિટ નકારી દેતા અપક્ષ ઉમેદવારોની છેલ્લી ઘડીએ ફોર્મ લેવાની ધડાપડી જોવા મળી હતી.

મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના ૨૨૭ બેઠક માટે ચૂંટણી થવાની છે અને ૧૬ જાન્યુઆરીના મતગણતરી થવાની છે. મુંબઈ સહિત રાજ્યમાં ૨૩ ડિસેમ્બરની ચૂંટણી માટે નોમિનેશન દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ થઈ હતી, જે ૩૦ ડિસેમ્બરના છેલ્લા દિવસે પૂરી થઈ હતી.

બુધવાર ૩૧, ડિસેમ્બરના સવારના ૧૧ વાગ્યાથી ઉમેદવારોનો નોમિનેશન ફોર્મની સ્ક્રુટીની ચાલુ થઈ હતી. ઉમેદવારો માટે પોતાની ઉમેદવારી પત્રક પાછી ખેંચવાની મુદત બે જાન્યુઆરી, ૨૦૨૬ના બપોરના ત્રણ વાગ્યા સુધીની રહેશે.

મુંબઈમાં ૨૩ જાન્યુઆરીથી નોમિનેશન દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ થઈ હતી, જેમાં ૨૯ ડિસેમ્બર સુધી ફક્ત ૪૦૦ નોમિનેશન દાખલ થયા હતા. જોકે છેલ્લાં દિવસે કુલ ૨,૧૨૨ ઉમેદવારોએ નોમિનેશન ફોર્મ દાખલ કર્યા હતા. તો ૩૦ ડિસેમ્બર સુધીમાં કુલ ૧૧,૩૯૧ નોમિનેશન ફોર્મ (એબી ફોર્મ) આપવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મુંબઈના પડોશી શહેર થાણેમાં પાલિકાની ૧૩૧ સીટ માટે ૧,૧૨૮ અને નવી મુંબઈમાં ૧૧૧ સીટ માટે ૯૫૬, વસઈ-વિરારમાં ૧૧૫ સીટ માટે ૯૩૫ નોમિનેશન ફોર્મ ભરાયા હતા. ■

### પુણેમાં ૪૧ સીટ માટે સૌથી વધુ ૩,૧૭૯ નોમિનેશન ફોર્મ ભરાયા

સમગ્ર રાજ્યમાં સૌથી હાઈએસ્ટ નોમિનેશન ફોર્મ પુણે મહાનગરપાલિકામાં ભરાયા હતા. પુણેમાં કુલ ૪૧ વોર્ડ માટે ૩,૧૭૯ નોમિનેશનલ ફોર્મ ભરવામાં આવ્યા હતા. અહીં ૧૬૫ સીટ માટે ચૂંટણી થવાની છે, જેમાં તમામ રાજકીય પક્ષોએ પોતાની રાતે જોર લગાવ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હોમટાઉન નાગપુરમાં પાલિકાની ચૂંટણીમાં ૩૮ વોર્ડમાં ૧૫૧ સીટ માટે ૧,૪૫૨ ઉમેદવારીપત્રક ભરવામાં આવ્યા હતા. નાશિકમાં ૧૨૨ સીટ માટે ૨,૩૫૬, પિંપરી-ચિંચવડમાં ૧૨૮ બેઠક માટે ૧,૯૯૩ અને છત્રપતિ સંભાજીનગરમાં ૧૧૫ સીટ માટે ૧,૮૭૦ નોમિનેશન ફોર્મ દાખલ થયા હતા. નાની પાલિકા ગણાતી પનવેલમાં ૭૮ સીટ માટે ૩૯૧ નોમિનેશન ફોર્મ, ઈચલકરંજીમાં ૬૫ સીટ માટે ૪૫૬ ફોર્મ અને જાલનામાં ૬૫ સીટ માટે ૧,૨૬૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

### મુંબઈમાં સૌથી વધુ ઉમેદવારી પત્રક એમ-ઈસ્ટ વોર્ડમાં

મુંબઈમાં ૨૩ રિર્ટનિંગ ઓફિસર પાસે કુલ ૨,૫૧૬ ઉમેદવારોએ નોમિનેશન દાખલ કર્યા હતા, જેમાં સૌથી વધુ ફોર્મ એમ-ઈસ્ટ વોર્ડમાં દાખલ થયા હતા. આ વોર્ડમાં ગોવંડી, દેવનાર, ચેમ્બુર, ટ્રોમ્બે, માનખુર્દ અને આણિક વિસ્તાર આવે છે. અહીંથી કુલ ૧૮૩ નોમિનેશન ફોર્મ દાખલ થયા હતા. ■

APPOINTMENTS

REQUIRE
Operations Manager
MBA in Hotel Management
(priority to female candidate or married couple)
Minimum 5+ years work experience in the same field
Strong leadership skills, Excellent Communication, Problem solving skills, Time and Resource management, Ethical and Responsible, Analytical and Data oriented and who is able to work under pressure.
Location: Ayushgram Wellness Resort, Ratlam, MP
www.instagram.com/ayushgramresort?igsh=cjN5dDNxMGRyOGt1
Salary best in industry. Send your CV to:
WhatsApp:- + 91 93026 73232

## કલ્યાણ-ડોમ્બિવલીમાં મહાયુતિમાં તણાવ: સેના-ભાજપના સાત ઉમેદવાર સામસામે

મુંબઈ: મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે ઉમેદવારીપત્ર ભરવાની મુદત પૂરી થયા છતાં મહાયુતિનો વિવાદ શમવાનું નામ નથી લેતો. કલ્યાણ-ડોમ્બિવલીમાં મહાયુતિમાં ફરી એક વાર તણખા ઝરવા લાગ્યા છે. વધારાની અરજીઓ પાછી ખેંચવા ભાજપ અને શિવસેના બન્નેમાંથી કોઈ તૈયાર નથી. કલ્યાણ-ડોમ્બિવલી મહાપાલિકાની ચૂંટણી માટે ભાજપ અને શિંદેસેના વચ્ચે યુતિ થઈ હોવા છતાં શિવસેનાના ત્રણ વૉર્ડમાં ભાજપે પોતાના ઉમેદવાર ઊભા રાખ્યા છે. અધિકૃત એબી ફૉર્મ આપીને ભાજપે શિવસેના વિરુદ્ધ ઉમેદવાર ઊભા કર્યા હોવાનું કહેવાય છે.

નક્કી કરવામાં આવ્યા છતાં ભાજપે વધારાની ચાર સીટ પર પોતાના ઉમેદવાર જાહેર કર્યાનો આરોપ શિવસેનાએ કર્યો છે. ■




**ફરજ:**
મુંબઈ પાલિકાની ચૂંટણી પર બધાની નજર ટકેલી છે. ઘણા લાંબા સમય બાદ યોજાનારી આ ચૂંટણી ઘણા રાજકીય પક્ષોનું ભાવિ નક્કી કરશે. મુંબઈ પાલિકાના મુખ્યાલયની ઈમારતની બહાર નાગરિકોને મત આપવા પ્રોત્સાહિત કરવા માટેનું પ્રતિક મૂકવામાં આવ્યું છે. (અમય ખરાડે)

### મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલા ગઠબંધન ઝાંખા પડ્યાં

## ક્યાંક જોડાણ, ક્યાંક તું તું મૈં મૈં, ક્યાંક પરિવારવાદ

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ પહેલા સત્તાધારી અને વિપક્ષી બંને ગઠબંધનની ગાંઠ ઢીલી પડી ગઈ છે. સ્થાનિક સ્તરે વર્ચસ્વની આ લડાઈમાં કોઈ નમતું જોખવા તૈયાર નથી, જેના કારણે વિભાજન અને બહુ-કોણીય સ્પર્ધાઓ શરૂ થઈ છે.

મંગળવારે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પૂરી થતાં પક્ષોએ શહેર-વિશિષ્ટ ગઠબંધનો બનાવ્યા જેના કારણે નેતાઓને એક શહેરમાં એક પક્ષની ટીકા કરવી પડી અને બીજા શહેરમાં તે જ દિવસે તેની સાથે પ્લેટફોર્મ શેર કરવા પડ્યા.

સોમવાર સુધી ભાજપ અને શિવસેના શિંદે જૂથ મોટાભાગની બેઠકો સાથે લડવા માટે તૈયાર હતા. જોકે મંગળવાર સુધીમાં, મહાયુતિમાં તિરાડો પડી ગઈ હતી. કોંગ્રેસે ઘણા શહેરોમાં અલગ અલગ સ્થાનિક વ્યવસ્થા બનાવી, જેનાથી રાજ્ય સ્તરે એમવીએની એકતાની છબી ઝાંખી પડી ગઈ.

એનસીપીના અજિત પવાર અને શરદ પવારના જૂથ વિરોધી હોવા છતાં, પુણે અને પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ ચૂંટણી માટે હાથ મિલાવ્યા. જ્યારે, અજિત પવારની એનસીપીએ નાગપુરમાં એકલા ચૂંટણી લડવાનું પસંદ કર્યું અને અકોલામાં ભાજપ સાથે જોડાણ કર્યું.

મહાયુતિ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી ૨૪ માં બેઠકોની વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવામાં નિષ્ફળ ગઈ, જેના કારણે તેના ઘટકો - ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી એકબીજા સામે સીધી સ્પર્ધામાં ઉતર્યા. આ શહેરોમાં જાલના, પરભણી, લાતુર, અમરાવતી, પિંપરી-ચિંચવડ, છત્રપતિ સંભાજીનગર, સોલાપુર, અકોલા, માલેગાંવ, નાંદેડ, નાગપુર, સાંગલી, નાશિક, ધુળે, પુણે, મુંબઈ, થાણે, ઉલ્હાસનગર, નવી મુંબઈ, મીરા-ભાયંદર, ભિવંડી અને વસઈ-વિરારનો સમાવેશ થાય છે. ભાજપ અને અજિત પવારની એનસીપીએ તેમનું જોડાણ અકોલા, અહિલ્યાનગર અને પનવેલ સુધી મર્યાદિત રાખ્યું હતું, જ્યારે ભાજપ અને શિવસેના માત્ર ચંદ્રપુર, નાગપુર, મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી અને ભિવંડીમાં સાથે આવ્યા. મહાયુતિના ભાગીદારોએ ઇચલકરંજી, કોલ્હાપુર, જલગાંવ અને પનવેલમાં સામસામે શિંગડા ભેરવ્યા હતા.

એમવીએમાં પણ ચિત્ર બહુ જુદું નથી. કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) નું ગઠબંધન પનવેલ, જાલના, સોલાપુર (એમએનએસ સહિત), નાસિક (એમએનએસ સાથે) અને ધુલેમાં એકસાથે થયું હતું. કોંગ્રેસે મુંબઈમાં ફક્ત ડો. બી.આર. આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરના નેતૃત્વ હેઠળના વંચિત બહુજન આઘાડી (વીબીએ ) સાથે જોડાણ કર્યું, જ્યારે સ્થાનિક નેતાઓના વિરોધને કારણે પુણેમાં જોડાણ કરવાના પ્રયાસો પડી ભાંગ્યા. શિવસેના (યુબીટી), મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) અને શરદ પવારની એનસીપી (એસપી) એ મુંબઈ, થાણે, ઉલ્હાસનગર અને કલ્યાણ-ડોમ્બિવલીમાં હાથ મિલાવ્યા.

નાગપુર, માલેગાંવ, પરભણી, લાતુર, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ, સાંગલી, કોલ્હાપુર, જલગાંવ, પુણે, મુંબઈ, થાણે, ઉલ્હાસનગર, નવી મુંબઈ, મીરા-ભાઈંદર, ભિવંડી અને વસઈ-વિરાર સહિત ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં તેમની એકતાનો અભાવ જોવા મળ્યો હતો.

ઘણા મુખ્ય શહેરોમાં છેલ્લી ઘડીની વાટાઘાટો જોવા મળી, પરંતુ પક્ષોએ આખરે નિર્ણયો ઉલટાવી દીધા અને સ્વતંત્ર રીતે લડવાનું પસંદ કર્યું.

૭૪,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના નાગરિક બજેટ વાળું મુંબઈ એક મુખ્ય યુદ્ધભૂમિ તરીકે ઉભરી આવ્યું છે. કોંગ્રેસે વીબીએ અને રાષ્ટ્રીય સમાજ પક્ષ સાથે જોડાણ કર્યું, જ્યારે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેના (યુબીટી) એ એમએનએસ અને એનસીપી (એસપી) સાથે જોડાણ કર્યું. ભાજપ અને શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ મહાનગરમાં સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો.

બેઠક વહેંચણી વ્યવસ્થાના ભાગ રૂપે ભાજપને ૨૨૭ ચૂંટણી વોર્ડમાંથી ૧૩૭ બેઠકો મળી છે, જ્યારે શિવસેના ૯૦ બેઠકો પર ચૂંટણી લડશે. આરપીઆઈ ઉમેદવારો ભાજપના ક્વોટાની અંદરની બેઠકો પરથી ચૂંટણી લડશે.

કોંગ્રેસ, વીબીએ અને આરએસપી અનુક્રમે ૧૩૯, ૬૨ અને ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે. જ્યારે શિવસેના (યુબીટી) એ ૧૬૪ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે, ત્યારે તેના મુંબઈ ભાગીદારો એમએનએસ અને એનસીપી (એસપી) ને અનુક્રમે ૫૩ અને ૧૦ બેઠકો મળી છે. અજિત પવારની એનસીપી ૬૦-૭૦ બેઠકો પર સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે.

પુણેમાં 'પારિવારિક એકતા' ના પ્રદર્શનમાં, એનસીપીના અજિત પવાર અને શરદ પવાર જૂથો કોંગ્રેસ, સેના (યુબીટી ) અને એમએનએસ ના ગઠબંધનનો સામનો કરશે. ભાજપે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા સાથે ભાગીદારી કરી, જ્યારે શિંદેની શિવસેનાએ એકલા જવાનું પસંદ કર્યું.

## ભાજપના બે મહિલા ઉમેદવારો બિનહરીફ વિજેતા

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મતદાન પૂર્વે જ ભાજપના બે મહિલા ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું છે કે ભાજપના બે મહિલા ઉમેદવાર રેખા ચૌધરી અને આશાવરી કેદાર નવારે અનુક્રમે વોર્ડ નંબર ૧૮ (કચોર) અને વોર્ડ નંબર ૨૬ (એ) માંથી બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ વોર્ડ સાવરકર રોડ વિસ્તારમાં સમાવિષ્ટ છે.

આ અંગે મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે આ જીતને લોકો તરફથી મળેલું સન્માન ગણાવ્યું હતું. તેમજ આ કચોરમાં ૧૦ વર્ષ સુધી લોકોના પ્રશ્નોનું સમાધાન કર્યું છે તેનું ઈનામ છે. લોકો પણ સાચા નેતાને ઓળખે છે અને તેમનું સન્માન કરે છે. આશાવરી કેદાર નવારેને આરએસએસ સાથે જોડાયેલા પરિવારમાંથી આવે છે. તેમજ આ વિસ્તાર માટે નવો ચહેરો છે. તેમજ બિનહરીફ જીતની જાણ કરવા પ્રમુખે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને વીડિયો કોલ કર્યો હતો. જ્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે જીત એ જીત હોય છે પરંતુ બિનહરીફ જીતએ વિશ્વાસનો સંદેશ છે. જેણે કલ્યાણ-ડોંબિવલીના વિકાસ માટે નવી ઉર્જા આપી છે.

મહારાષ્ટ્રમાં કલ્યાણ-ડોંબિવલી સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬એ યોજાવાની છે અને મત ગણતરી બીજા દિવસે કરવામાં આવશે. ■

## શિંદે ફરી નારાજ, કેબિનેટની છેલ્લી બેઠકમાં ગેરહાજર

મુંબઈ: રાજ્યના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે ફરી એકવાર નાખુશ હોવાની અફવાઓ ફેલાઈ છે. એકનાથ શિંદેએ વર્ષની છેલ્લી કેબિનેટ બેઠકમાં ગુટલી માર્યા પછી આ અફવાઓએ વધુ જોર પકડ્યું.

શિંદે નારાજ હોવાનું સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. અહેવાલો છે કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તબિયત સારી ન હોવાથી વર્ષની છેલ્લી કેબિનેટ બેઠકમાં હાજર રહેશે નહીં. એકનાથ શિંદે છેલ્લી કેબિનેટ બેઠકમાં હાજરી આપી નહીં. આ કારણે તેમની નારાજગીની ચર્ચા થઈ રહી છે.

ભાજપે મ્યુનિસિપલ અને નગર પંચાયતની ચૂંટણીમાં ફાચર મારી હતી. ત્યારબાદ ભાજપે મહાનગરપાલિકા ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી હતી, પરંતુ યુતિના સાથીદારો સમક્ષ પણ પોતાના પત્તા ખોલ્યા નહોતા. સીટ ફાળવણીથી લઈને મહાગઠબંધન સુધી ઘણી જગ્યાએ ફક્ત બેઠકો જ યોજાઈ હતી. કેટલીક જગ્યાએ ઓછી બેઠકો અને ઘણી પ્રતિષ્ઠિત બેઠકો પર ભાજપનો દાવો હોવાથી શિંદે સેના નાખુશ હતી, પરંતુ છેલ્લા કેટલાક કલાકોમાં ભાજપ સાથે સંધિ થવા છતાં રાજ્યના ૨૯ માંથી ફક્ત ૧૧ સ્થળોએ ભાજપ સાથે ગઠબંધન થઈ શક્યું.

અન્ય ૧૮ સ્થળોએ, મીટિંગો, ચર્ચાઓ અને મૌખિક વાતચીત અસફળ રહી. શિંદે સેનાના નેતાઓએ ભાજપ પર ઘણી જગ્યાએ તેમને અંધારામાં રાખવાનો આરોપ લગાવ્યો હતો. એવી ચર્ચા છે કે એકનાથ શિંદે આ બધાને કારણે નારાજ છે.

બીજી તરફ પ્રધાન ઉદય સામંતે જણાવ્યું હતું કે, એકનાથ શિંદે સાહેબ સ્વાસ્થ્ય અને અંગત કારણોસર કેબિનેટ બેઠકમાં હાજર નહોતા રહ્યા. હું સ્પષ્ટપણે કહું છું કે રવિન્દ્ર ધંગેકર પક્ષનું પ્રતિનિધિત્વ નથી કરતા. તેઓ મહાનગરના વડા છે. મેં ધંગેકર અને નીલમતાઈ ગોર્હે સાથે ચર્ચા કરી છે. પુણે અંગે વ્યૂહાત્મક નિર્ણયો લેવાનો મને પણ અધિકાર નથી. શિવસેના વતી એકનાથ શિંદે સ્થિતિ સ્પષ્ટ કરશે. અમે મુંબઈમાં ૧૩૭ અને ૯૦ બેઠકો પર ચૂંટણી લડી રહ્યા છીએ અને આરપીઆઈ માટે પણ બેઠકો છોડી દેવામાં આવી છે.

શિંદે સિવાય ઘણા અધિકારીઓ કેબિનેટની છેલ્લી બેઠકમાં ગેરહાજર હોવાથી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નારાજગી વ્યક્ત કરી હતી. ■

|| JAI JINENDRA ||
In fond Remembrance of

January 08, 1935 — December 30, 2025
SHRI GIRDHARLAL AMICHAND KUWADIA
We invite you to join us for a
Prayer Meet
as we gather to cherish the moments we shared and pray for peace and eternal rest for his departed soul
DATE : 3rd January, 2026 | 4.00 - 6.00 pm |
VENUE : Bhanushali Wadi, Tilak Road, Ghatkopar (E), Mumbai - 400077
Late Meeraben Girdharlal Kuwadia
Sugna Jayesh Kuwadia
Bina Vikram Mehta, Tejaswini Chetan Mehta
Krunal & Saijul, Aayushi & Jash, Mohit & Hetvi
Amisha & Ankit, Disha & Vinit, Virali & Harshil,
Kaushal & Milauni, Priana, Prihaan
PRARAMBH (STOCKBROKER)
PRAKKRUTI (DEVELOPER)

## બીએમસી ચૂંટણીમાં મોટો ઊલટફેર: મુંબઈમાં મહાયુતિ બે વોર્ડમાંથી 'આઉટ'

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ ખૂબ જ રસાકસીભરી થવાની ધારણા છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની અંતિમ તારીખ પસાર થઈ ગયા પછી ઘણા વોર્ડમાં ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. જોકે મતદાન પહેલા જ મહાયુતિને બે બેઠકો પર મોટો ઝટકો લાગ્યો છે. બે બેઠકો પર મહાયુતિના કોઈ ઉમેદવાર ન હોવાથી હવે રાજકીય ઉથલપાથલ થઈ છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શિવસેના ઠાકરે જૂથ, મનસે અને રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથે ગઠબંધન કર્યું છે. જ્યારે શિવસેના શિંદે જૂથ અને ભાજપે યુતિ કરી છે અને અજિત પવાર સ્વતંત્ર રીતે ચૂંટણી લડી રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસે વંચિત બહુજન આઘાડી સાથે ગઠબંધન કર્યું છે. મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી અંગે ચર્ચાઓ ઘણા સમયથી ચાલી રહી હતી. ઉમેદવારી પત્રો ભરવાના થોડા કલાકો પહેલા સીટ ફાળવણી ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ યાદી જાહેર કર્યા વિના, ઉમેદવારોને ફોન પર સીધા જ એબી ફોર્મ લેવા સૂચના આપવામાં આવી હતી. યાદી જાહેર ન થતાં મૂંઝવણ ઊભી થઈ હતી.

ભાજપની એક મહિલા ઉમેદવાર માત્ર ૧૫ મિનિટના વિલંબને કારણે પોતાની તક ગુમાવી દીધી છે. આ ઘટના મુંબઈના વોર્ડ નંબર ૨૧૨માં બની હતી. ભાજપ તરફથી સત્તાવાર એબી ફોર્મ મેળવનાર મંદાકિની ખામકર ઉમેદવારી ફોર્મ ભરવા માટે પહોંચ્યા હતા. જોકે તેમની અરજી સ્વીકારવામાં આવી નહોતી કારણ કે તેઓ અરજી દાખલ કરવાની અંતિમ તારીખના દિવસે માત્ર ૧૫ મિનિટ મોડા ચૂંટણી કાર્યાલય પહોંચ્યા હતા. પરિણામે ભાજપ તરફથી ઉમેદવારી મેળવવા છતાં મંદાકિની ખામકર ચૂંટણીની તક ચૂકી ગયા.

બીજી તરફ વોર્ડ નંબર ૨૧૧માં પણ મહાયુતિ તરફથી કોઈ ઉમેદવાર ન હોવાની માહિતી સામે આવી છે. આ બેઠકના ઉમેદવાર દ્વારા દસ્તાવેજો પૂર્ણ કરવામાં આવ્યા ન હોવાના અહેવાલ છે. તેથી ચૂંટણી પહેલા જ મહાયુતિને ઝટકો લાગ્યો છે. હવે મહાયુતિએ આ બે બેઠકો પર અન્ય ઉમેદવારને ટેકો આપવો પડશે. બીજી તરફ હાલમાં, ઠાકરે બંધુઓના ઉમેદવાર માટે આ બે વોર્ડમાં જીતવું આસાન થશે. ■

સૌથી મોટું આંતરરાષ્ટ્રીય ગ્રાહક પ્રદર્શન
ઝડપ કરો મર્યાદિત સ્ટોક
જલદી કરો! આજે જ મુલાકાત લો
જલદી કરો ચૂકશો નહિ
UPTO ૭૦% છૂટ
iicf
ભારત આંતરરાષ્ટ્રીય ગ્રાહક મેળો
www.iicfexhibitions.in
ટિકિટ રૂા. ૫૦/- દ્વારા પ્રવેશ
સંપૂર્ણ AC
ઈલેક્ટ્રોનિક ભાગીદાર: vijay sales
૬૦,૦૦૦ ચો. ફૂટનો ઈલેક્ટ્રોનિક્સ/ઉપકરણોનો વિસ્તાર
છેલ્લા ૫ દિવસ બાકી
MMRDA ગ્રાઉન્ડ, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, એશિયન હાર્ટ હૉસ્પિટલ નજીક. BKC
એક્વા લાઈન મેટ્રો સ્ટેશન નજીક – BKC
અઠવાડિયાના દિવસોએ: બપોરે ૧ થી રાત્રે ૯.૩૦.
શનિ અને રવિ અને રજાઓ: સ. ૧૧.૦૦થી રા. ૯.૩૦
તારીખ : ૧લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી ૨૦૨૬
નિ:શુલ્ક પ્રવેશ: આ પેપરની જાહેરાત લાવો અને ૧ વ્યક્તિ માટે નિ:શુલ્ક પ્રવેશ મેળવો. ૧લી જાન્યુઆરીના ફકત સાંજે ૪.૦૦ ક. સુધી માન્ય
તમામ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય બ્રાન્ડસ
પ્રદર્શન શરૂ
ઈલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, I.T., ફર્નિચર્સ, ફર્નિશિંગ અને ઈન્ટીરીયર્સ, ડ્રેસ મટિરિયલ્સ, હોમ ટેકસટાઈલ્સ, આરોગ્ય અને સુંદરતા, હસ્તકલા, આયુર્વેદિક દવા, ઓટોમોબાઈલ્સ, પગરખાં, બેડશીટ, બેડકવર, કૃત્રિમ ઝવેરાત, બાળકોના પુસ્તકો અને રમકડાં, ફૂડ કોર્ટ અને ઘણું બધું....
પસંદ કરાયેલ આઈટમો પર ૭૦% સુધીની છૂટ @ vijay sales Electronics / Appliances
- ફર્નિચરનો ૩૦,૦૦૦ ચો. ફૂટ વિસ્તાર
- લાખો કન્ઝયુમર પ્રોડક્ટ્સ
- બ્રધર સ્વિંગ મશીન ખરીદો અને ફ્રિ અટેચમેન્ટ + ૩૦% સુધીની છૂટ મેળવો
- ઈન્ટિરિયર સ્ટાઈલ ફર્નિચર પર ૬૦% સુધીની છૂટ
- Wrought આર્યન ફર્નિચર પર ૫૦% સુધીની છૂટ
- મસાજ ખુરશી ખરીદો અને રૂા. ૨૦,૦૦૦ની કિંમતની લેગ મસાજર મફત મેળવો
- ખરીદો સ્લીપશ્યોર મેટરેસસ અને મેળવો ઓશીકુ + બેડશીટ મફત
- સિંગર મશીન ખરીદો અને સ્વિંગ કિટ ફ્રિ + એક્સ્ચેન્જ ઓફર મેળવો
@ Tempting Tale BUY ANY 3+ COFFEE FLAT 15% OFF
Call: 7387779275
વિશ્વ સ્તરનો ફેમિલી શોપિંગ અનુભવ

# નાશિક-સોલાપુર-અક્કલકોટ કોરિડોર છ માર્ગનો કરાશે

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે મહારાષ્ટ્રના નાશિક - સોલાપુર - અક્કલકોટ કોરિડોરને છ માર્ગવાળો અને ગ્રીનફિલ્ડ ઍક્સેસ-કન્ટ્રોલ સાથેનો બનાવવા માટે રૂપિયા ૧૯,૧૪૨ કરોડ ફાળવવાની યોજનાને બુધવારે મંજૂર કરી હતી.

બિલ્ડ-ઑપરેટ-ટ્રાન્સફર (ટૉલ) મોડ પર બનાવવામાં આવનારો આ પ્રોજેક્ટ ૩૭૪ કિલોમીટરનો હશે.

આ પ્રકલ્પને લીધે નાશિક, અહિલ્યાનગર, સોલાપુરનો કુર્નૂલ શહેર સુધીનો સંપર્ક વધશે. આ પ્રૉજેક્ટ પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનનો એક ભાગ છે.

નાશિકથી અક્કલકોટ સુધીના ગ્રીનફિલ્ડ કોરિડોરને વાઢવણ પોર્ટ ઇન્ટરચેન્જ, નાશિક જંક્શન ખાતે આગરા - મુંબઈ કોરિડોરને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૦ (અડેગાંવ) અને પાંગરી (નાશિકની નજીક) સમૃદ્ધિ મહામાર્ગ સાથે જોડવાની પણ યોજના છે.

છ માર્ગવાળો આ કોરિડોર તૈયાર થઇ જાય તે પછી તેના પર વાહનો કલાક દીઠ સરેરાશ ૧૦૦ કિલોમીટરની ઝડપે દોડાવી શકાશે. (એજન્સી) ■

# પુણેના જર્મન બૅકરી બૉમ્બસ્ફોટ કેસના આરોપી પર ગોળીબાર

અહિલ્યાનગરઃ અહિલ્યાનગરના શ્રીરામપુર વિસ્તારમાં પુણેના જર્મન બૅકરી બ્લાસ્ટ કેસના આરોપી પર ભરબપોરે ગોળીબાર કરવામાં આવ્યો હતો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. બૉમ્બસ્ફોટ કેસમાં જામીન પર છૂટેલા આરોપી પર હુમલો થતાં શ્રીરામપુરમાં તંગદિલીભર્યું વાતાવરણ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર બુધવારની બપોરે શ્રીરામપુરમાં અસલમ શેખ ઉર્ફે બંટી જહાંગીરદાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા જહાંગીરદારને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં મોડી સાંજે તેને મૃત જાહેર કરાયો હતો.

૨૦૧૨માં પુણેની જર્મન બૅકરીમાં બૉમ્બ બ્લાસ્ટ થયો હતો. આ કેસમાં જહાંગીરદાર આરોપી છે. તપાસ દરમિયાન તેની ધરપકડ કરાઈ હતી. ૨૦૨૩માં તે જામીન પર છૂટ્યો હતો. બુધવારે તે શ્રીરામપુરમાં હતો ત્યારે બાઈક પર આવેલા બે શકમંદે તેના પર ગોળીબાર કર્યો હતો. ગોળીબાર પછી હુમલાખોર ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# સગીર વયથી જાતીય શોષણનો ભોગ બનેલી યુવતીએ દિલ્હીમાં ફરિયાદ કરી

## દિલ્હી પોલીસે બે ભાઈ સામે ‘ઝીરો એફઆઈઆર’નોંધી કેસ ભિવંડીમાં ટ્રાન્સફર કર્યો

થાણેઃ ભિવંડીમાં સગીર વયથી જાતીય શોષણનો ભોગ બનેલી યુવતીએ હવે લગ્ન બાદ દિલ્હીમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. દિલ્હી પોલીસે બે ભાઈ વિરુદ્ધ ‘ઝીરો એફઆઈઆર’ નોંધી કેસ ભિવંડીમાં ટ્રાન્સફર કર્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ બાવીસ વર્ષની ગૃહિણીએ તાજેતરમાં નવી દિલ્હી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. નવી દિલ્હી પોલીસે ગુનો નોંધી કેસ ભિવંડીના ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કર્યો હતો. ભોઈવાડા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. કેસ પેપર્સ અનુસાર હાલમાં નજફગઢમાં રહેતી યુવતીને આરોપી સુદીપ ઉપાધ્યાય તેના વતનથી ૨૦૧૮માં ભિવંડી લઈ આવ્યો હતો. વધુ ભણતરની સુવિધા કરાવવાને બહાને યુવતીને ભિવંડી લાવવામાં આવી હતી. તે સમયે યુવતી ૧૦મા ધોરણમાં હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.■

## પારસી મરણ

દીન્યાર ફરેદુન દારૂવાલા તે મહારૂખ દીન્યાર દારૂવાલાના ખાવિંદ. તે મરહૂમો પીલામાય તથા ફરેદુન દારૂવાલાના દિકરા. તે અરશીશ ને ઝુબીન દારૂવાલાના પપ્પા. તે ડેલનાઝ ને પીનાઝ દારૂવાલાના સસરા. તે હુફીયા ને અરીઆના દારૂવાલાના બપાવા. (ઉં.વ. ૬૯). ઠે. ૬૬૭, ધનમાય બિલ્ડીંગ, લેડી જહાંગીર રોડ, દાદર પારસી કોલોની, મુંબઈ-૪૦૦ ૦૧૪. ઉઠમણાની ક્રિયાઃ તા. ૦૧.૦૧.૨૬ને બપોરે તા. ૦૩.૪૫ કલાકે દાદર મધે રૂસ્તમ-ફરામ અગ્યારીમાં.

પરવેઝ જમશેદ દાહ તે ખોરશેદ પરવેઝ દાહના ખાવિંદ. તે મરહુમો ખોરશેદ તથા જમશેદજી દાહના દિકરા. તે મેહેરનોશ ને રોશની રીબેલોના પપ્પા. તે અનાહિતા એમ. દાહ ને જોન રીબેલોના સસરા. તે નરીમાન, નરગીશ તથા મરહુમ જહાંગીરના ભાઈ. તે ઝીયશ રીબેલો ને અનોશ દાહના ગ્રેન્ડ ફાધર. (ઉં.વ. ૮૬). ઉઠમણાની ક્રિયા તા. ૧-૧-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે નવસારી મધ્યે નવસારીના આતશબહેરામમાં.

બેહરામ જહાંગીરજી વાલોડવાલા તે મરહુમ રતી બેહરામ વાલોડવાલાના ધણી. તે મરહુમો સુનામાય તથા જહાંગીરજી વાલોડવાલાના દિકરા. તે પરવેઝ ને શીરાઝ કે. પટેલના પપ્પા. તે માહરૂખ તથા કયોર્મઝ જે. પટેલના સસરા. તે મીનુ, શેરનાઝ તથા મરહુમો યઝદી, નરગીશ ને માનેકના ભાઈ. તે તરોનીશ પટેલના ગ્રેન્ડ ફાધર. (ઉં.વ. ૭૯). રહેવાનું ઠેકાણુંઃ ડી-૬૦૪, ફેઝ-૧, લેક હોમ્સ, અદી શંકરાચા માર્ગ, ગોપાલ શર્મા સ્કૂલની નજીક, પવઈ, મુંબઈ-૪૦૦૦૭૬. ઉઠમણાંની ક્રિયા તા. ૨-૧-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે નવસારી મધ્યે નવસારી આતશ બેહરામમાં.

## જૈન મરણ

બોટાદ નિવાસી, હાલ બોરીવલી વેસ્ટ, સ્વ. શારદાબેન બિપિનચંદ્ર શાહના સુપુત્ર સંજય શાહ (ઉં.વ.૬૧) તા. ૩૦/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. કેતનના ભાઈ, હર્ષના કાકા, શોભના દિલીપભાઈ ગાંધી, કલ્પનાબેન જસવંતભાઈ શાહ, સ્મિતા પરિમલ શાહના ભાઈ. સ્વ. ગુણવંતીબેન વસંતલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર અમીચંદ જગજીવન કુવાડિયાના સુપુત્ર ગિરધરલાલ (ઉં.વ. ૯૧) તા. ૩૦.૧૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મીરાબહેનના પતિ. તે બીનાબેન, જયેશભાઈ અને તેજસ્વીબેનના પિતાશ્રી. તે સુજ્ઞાબેન, વિક્રમકુમાર અને ચેતનભાઈના સસરા. તે બાલચંદ દીપચંદ કોઠારીના જમાઈ. તે સ્વ. જયંતીભાઈ, સ્વ. અંજુબેન, સ્વ. સવિતાબેન, સ્વ. વિમળાબેન, સ્વ. મંજુબેનના ભાઈ. તે સૈજુલ કૃણાલ, આયુષી જશના દાદાની પ્રાર્થનાસભા તા. ૦૩.૦૧.૨૬ ૪થી ૬. ઠે. ભાનુશાલી વાડી, પહેલે માળે, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલે ઘાટકોપર, સ્વ. શાન્તાબેન અમૃતલાલ પ્રેમચંદ મહેતાના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૮૫), શનિવાર, તા. ૨૭.૧૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે તે સુરેખાબેનના પતિ. ડિજિતા અને અમયના પિતા. તે સ્વ. હસમુખભાઈ, સ્વ. ભોગીભાઈ, સ્વ. હેમલતાબેન લીલાધર શાહ, તરુલતાબેન, સરયૂબેન, સ્વ. દીનાબેન, ઉર્વશીબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ દશા ઓસવાલ જૈન**

પાટણ નિવાસી, હાલ મુંબઈ, બાબુલાલ બાપુલાલ શાહ (ઉં.વ.૯૯) તે સ્વ. કિરણબેનના પતિ. પીનલ તથા દીપ્તિના પિતા. જીજ્ઞા તથા હિરેનભાઈના સસરા ૩૦/૧૨/૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા, નિવાસી હાલ કાંદિવલી, સ્વ. રસીકલાલ હીરાચંદ સંઘવીના ધર્મપત્ની ઇન્દીરાબેન (ઉં.વ. ૮૬) ૨૮/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ભાવેશ, જીજ્ઞેશ, સ્વ. ભાવિન તથા કૃપાના માતુશ્રી. હેતલ, સ્મિતા તથા અશોકના સાસુ. પિયરપક્ષે સ્વ. કુંવરજી ગોપાળજી શાહ ભાવનગરવાળા હાલ તિલકનગરના દીકરી. સ્વ. પ્રફુલભાઇ, રવીન્દ્રભાઈ, ભાનુબેન તથા જ્યોત્સ્નાબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા પોરવાડ જૈન**

હાલ બોરીવલી નિવાસી, જયંતકુમાર લલિતભાઈ શાહ (ઉં.વ.૭૫) તે નલિનીબેનના પતિ. દીપેનના પિતા. હેતલના સસરા. ચેતનભાઈ, ગીતાબેન, ઈલાબેનના ભાઈ. સાસરાપક્ષે પાટણવાળા સ્વ. ભદ્રાબેન નવીનચંદ્ર સંઘવીના જમાઈ ૩૦/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી, હાલ મુંબઈ, સ્વ. શ્રીમતી વસુમતી મંગળદાસ શાહ (ઉં.વ.૮૩ ) તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ના અવસાન પામ્યા છે. તે સ્વ. મંગળદાસ જીવનલાલ શાહનાં ધર્મપત્ની. સ્વ. શાંતાબેન જીવનલાલ શાહનાં વહુ. સ્વ. ગુલાબબેન રમણલાલ જૈનનાં પુત્રી. જિગ્નાબેન, નમ્રતાબેન, રાખીબેનનાં માતા. મુકેશભાઈ, પરાગભાઈ, શેહુલભાઈનાં સાસુ. સોનમ, ઋષભ, રાહિલ, નૈશલ અને હર્ષિનાં નાની. પ્રાર્થનાસભા તા. ૧ જાન્યુઆરી, ગુરુવાર ૫:૦૦થી ૭:૦૦ સ્થળઃ કેસી કોલેજ ઓડિટોરિયમ, કિશિંચંદ ચેલ્લારામ કોલેજ, દીનશા વાચ્છા રોડ, ચર્ચગેટ, મું. ૨૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભારાપુરના માતુશ્રી દેવકાબેન ધનજી હરીયા (ઉં.વ. ૯૩) તા. ૨૯-૧૨ના અવસાન પામેલ છે. વેલબાઇ પાસુના પુત્રવધુ. ધનજી પાસુના ધર્મપત્ની. સૂર્યકાંત, અરૂણા, પ્રીતિ, છાયાના માતુશ્રી. મેરાઉના મેઘબાઇ ઉમરશીના સુપુત્રી. તેજશી, ગોધરા વેલબાઇ દેવજી, લાયજા મણીબેન લખમશી, પાનબાઇ માવજી, કોડાય હીરબાઇ ખેતશી, નાગલપુર ઝવેરબેન રતનશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સૂર્યકાંત હરીયા, એ-૭૦૩, મધુબન, શીંપોલી રોડ, બોરીવલી (વે.), મું.

લાખાપરના રામજી ગાલા (ઉં.વ. ૮૮), તા. ૨૯-૧૨ના અવસાન પામેલ છે. ખેતબાઈ ભાણજીના પુત્ર. સ્વ. તારાબેન (સાકર)ના પતિ. અનિલ, સરલા, પલ્લવી, જાગૃતિ ના પિતા. કંકુબેન, કલ્યાણજી, ગાંગજીના ભાઈ. વાંકી પાનબાઈ ભવાનજીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા.જૈ. શ્રા. સં., શ્રી કરસન લધુભાઈ નિસર હોલ, દાદર (વે.), ટા. ૨ થી ૩.૩૦.

બિદડાના મુલચંદ રાયશી સાવલા (ઉં.વ. ૮૨) તા. ૨૯-૧૨-૨૦૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી મોંઘીબેન રાયશી કેશવના સુપુત્ર. બિદડાના માતુશ્રી હીરબાઈ વેલજી હધુભાઈ છેડાના જમાઈ. પુણ્યશ્લોકી સવિતાબેનના પતિ. ધીરજના મોટા ભાઈ. શૈલેષ, ભાવેશ, નિલેશ, પરેશના પિતાશ્રી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મુલચંદ રાયશી સાવલા : બી-૯૦૨, હબટાઉન સનમિષ્ટ, આકૃતિ સાઈ વાડી, એન.એસ. ફડકે રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ.

**કઠોર વિશા શ્રીમાળી તળબદા જૈન**

કઠોર સુરત નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતિલાલ ઘેલાભાઈ શાહના પુત્ર રાજેન્દ્રકુમાર (ઉં.વ. ૭૨) મંગળવારે તા. ૩૦-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચારૂલતાબેનના પતિ. ઋષભ-રીખવના પિતા. પુજા-કિંજલના સસરા. પ્રતિભાબેન દિપકકુમાર શાહ, ભરતભાઈના ભાઈ. વિમલચંદ છોટાલાલ શાહના જમાઈ. ઠે. બી-૧૦૧, સાઈ દર્શન, જયાલક્ષ્મી આરાધના ભવનની સામે, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ વાસણ, હાલ મલાડના રહેવાસી હરીશભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉં. વ. ૬૫) સોમવાર, તા. ૨૯/૧૨/૨૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તે ગં. સ્વ. લીલાબેન ડાહ્યાભાઈ પટેલના સુપુત્ર. તે દક્ષાબેનના પતિ. પ્રણય, ધાર્મિક, ભાવિકના પિતાશ્રી. સુશીલા, વનિતાના ભાઈ. વૈભવ કનુભાઈના મામા. સ્વ. હંસાબેન નગીનભાઈ પટેલના જમાઈ. ગં. સ્વ. હંસાબેન દશરથભાઈના દિયર. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨-૧-૨૬ના રોજ નિવાસસ્થાને ૨ થી ૫. તેમ જ પુચ્છપાણીની ક્રિયા (બારમું) ગુરુવાર, તા. ૮-૧-૨૬ના રોજ સમય ૪.૩૦થી ૫.૩૦. ઠે. જય નારાયણ શુકલા ચાલ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની બાજુમાં, કુરાર વિલેજ, મલાડ (પૂર્વ). (લૌકિક રિવાજ બંધ છે.)

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

સિહોરવાળા હાલ વિલેપાર્લા સ્વ. રૂક્ષ્મણીબહેન શામજી મહેતાના પુત્ર નટવરલાલ (ઉં.વ. ૮૭) તે યશોધરાબહેનના પતિ. સ્વ. ભાસ્કરભાઈના મોટા ભાઈ. સ્વ. મીનાબહેન, ચેતનાબહેન સમીરકુમાર જોશી, રેણુકાબહેન સંદિપકુમાર ગોખલે, નીલેશભાઈ, નૈષધભાઈના પિતા. મનીષા, ભૂમિકાના સસરા. નિખિલ, વંદનાના મોટા પપ્પા. ધૈર્ય, પાર્થ, હેત્વીના દાદા. સ્વ. હિંમતલાલ માવજી મહેતાના જમાઈ. પૃથા, શુભમ, સ્વયંના નાના તા. ૨૮-૧૨-૨૫, રવિવારે કૈલાસવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧-૧-૨૬, ગુરુવારે. સ્થળઃ દેશસ્થ ઋગવેદી બ્રાહ્મણ સંઘ, સમર્થ મંદિર, ભાલેરાવ વાડી, હેગડે ગ્રાઉંડની સામે, હનુમાન રોડ, વિલેપાર્લા (ઈ), ૪ થી ૬. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી મોઢ વણિક**

કચ્છ માંડવી નિવાસી હાલ મુંબઈ, સ્વ. જ્યુબેલીબેન માધવલાલ મહેતાના સુપુત્ર લલીત માધવલાલ મહેતા (ઉં.વ. ૮૩) તે સ્વ. મીનાક્ષી લલિત મહેતાના પતિ. તે વિરલ અને નેહાના પપ્પા. તે પ્રતાપ સૈયાના સસરા તા. ૨૭.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

બાબરા નિવાસી હાલ ઘાટકોપર, ગં. સ્વ. લક્ષ્મીબેન લક્ષ્મીદાસ સચદેવ (ઉં.વ. ૯૬) મંગળવાર, તા. ૩.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે કેશવલાલ રણછોડદાસ ઠકરાળના દિકરી. તે પ્રવીણભાઈ, મધુબેનના ભાભી. તે સ્વ. કુસુમબેન શાંતીલાલ જટાણીયા, ભાવનાબેન કિર્તીકુમાર માખેચા, આરતીબેન હેમંતકુમાર ઠક્કરના માતુશ્રી. તે હસમુખભાઈ, દિનેશભાઈ, સવિતાબેનના બેન. હરેશભાઈ, મુકેશભાઈ, ઉષાબેન, પ્રિતીબેન, સ્નેહલ, જય, ગુડ્ડુના નાની. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ કેશોદ હાલ મીરારોડ, ગં.સ્વ. મધુકાન્તાબેન તથા સ્વ. શશીકાંત ડાહ્યાલાલ માખેચાના પુત્ર કમલેશભાઈ માખેચા (ઉં.વ.૬૧) ૩૦/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જયાબેનના પતિ. ખુશ્બૂ રોમિયો મસ્કરેનહાસ, વર્ષા સન્ની સિંહ, પ્રતીક-મયૂરીના પિતા. જતીન, ભાવેશ તથા મોના નરેશભાઈ ખાખરીયાના ભાઈ. સ્વ. મહેશભાઈ, જગદીશભાઈ, સ્વ. વિનોદભાઈ, મનુભાઈ, ભરતભાઈ, ગં. સ્વ. ભાનુબેન રાજેન્દ્ર પૌરાણા તથા કુંદનબેન કનૈયાલાલ મહેતાના ભત્રીજા પ્રાર્થનાસભા ૧/૧/૨૬ના ૫.૩૦ થી ૭.૦૦ હાલાઇ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**મચ્છુકઠિયા સઇ સુતાર**

સ્વ. ભગીરથ માણેકલાલ જંગબારી (પીઠડીયા)ના ધર્મપત્ની શારદાબેન (ઉં.વ.૬૯) તે ખેલન (રાજુ) પારીખના સાસુ. અનુપા ઋષિકાના માતુશ્રી. એકાંશના નાની ૨૯/૧૨/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૨/૧/૨૬ના રોજ ૪થી ૬. સોની વાડી, શિમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

ચલાળાવાળા હાલ કાંદિવલી, પુષ્પાબેન નટવરલાલ ભુવાના પુત્રવધૂ ગં.સ્વ. વિભાબેન (ઉં.વ.૬૪) તા. ૩૦-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. કિર્તીભાઈના પત્ની. અ.સૌ. વંદનાના માતૃશ્રી. અનુરાગ પાંડેના સાસુ. સરોજ-હસમુખરાય ચિતલિયા, ગં.સ્વ. કોકિલા વિનોદરાય મહેતા, નયના-રાજેન્દ્ર, રંજન-જીતેન્દ્ર, હર્ષા-યોગેશના ભાભી. પિયરપક્ષે સિહોરવાળા ત્રંબકલાલ મનસુખલાલ મહેતાના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**લોહાણા**

અ.સૌ. અંજના (અંજુ) પ્રકાશ ઠક્કર (કારિયા) (ઉં.વ.૭૧) તે સ્વ. જશુમતી રતિલાલ ઠક્કરના પુત્રવધુ. પાયલ અમીત નારકર તથા બીજલનાં માતુશ્રી. કૃષ્ણ તથા વીરના નાનીમા. ગં.સ્વ. ઉષા ગીરીશકુમાર પારપાણી, હેમંત તથા બેલાના ભાભી. નિમેષ મુળજીભાઇ વસાણીના બેન મંગળવાર, તા. ૩૦/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧/૧/૨૬ના ૫:૦૦થી ૭:૦૦. અમૃત બાગ, બજાજ રોડ, વિલે પાર્લે વેસ્ટ.

**પરજિયા સોની**

સરસિયાવાળા, હાલ બોરીવલી, સ્વ. ઉષાબેન સલ્લા (ઉં.વ.૬૬) ૨૬/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અરવિંદભાઈ રામજીભાઇ સલ્લાના ધર્મપત્ની. સ્વ. ચંપાબેન, સ્વ. રામજીભાઈ ભુરાભાઈ સલ્લાના પુત્રવધૂ. સ્વ. સંતોકબેન, સ્વ. ત્રિભુવનભાઈ ભુટાભાઈ થડેશ્વર જેતપુરવાળાના દીકરી. અનિલભાઈ, કિરણબેન, ઉત્પલભાઈના માતૃશ્રી. અ.સૌ. તૃપ્તિઅનિલ સલ્લા, અ. સૌ. ચેતના ઉત્પલ સલ્લાના સાસુ. માનવ, ગ્રીષ્મા અને નિશાંતના દાદી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૦૧/૦૧/૨૦૨૬ના ૪થી ૬. સોનીવાડી શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણીક**

બગસરા નિવાસી, હાલ ભાયંદર, સ્વ. સુશીલાબેન ધીરજલાલ ખુશાલચંદ વસાણીના પુત્રવધૂ. અ. સો. પારુલ (ઉં.વ.૫૭) તે શરદ વસાણીના ધર્મપત્ની. હર્ષના માતુશ્રી. અનીતા રાજેશકુમાર કાલાવાડિયા, મીના ભરતકુમાર આણંદપરા, નિલેશના ભાભી. ધનલક્ષ્મી મનસુખલાલ દેવજીભાઇ દોશીની દીકરી. મીતા મનીષ કુમાર માવાણી, પંકજ, કલ્પેશના બેન. તા. ૩૦.૧૨.૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૦૨/૦૧/૨૬ને શુક્રવારે ૪થી ૬. વિનાયક હોલ (ગણપતિ મંદિર), ૨જા માળે, વિનાયક નગર, રેલવે સ્ટેશનની બાજુમાં, ભાયંદર વેસ્ટ.

**સુરતી વિશા લાડ વણિક**

ગં. સ્વ. મધુરીબેન દલાલ, તે સ્વ. ચંદ્રવદન દલાલના ધર્મપત્ની (ઉં.વ. ૯૨). તે સંજયના માતુશ્રી. પૂર્વીના સાસુ. વિધી, વરૂણ, મિનાલીના દાદી. સ્વ. તુલસીદાસ, સ્વ. મોતીબેન મહેતાના દીકરી. સ્વ. નટવરભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. સુરેશભાઈ, દિલીપભાઈ, સ્વ. સુશીલાબેન, સ્વ. ઉષાબહેન, સ્વ. અંજનાબેનના ભાભી તા. ૩૧-૧૨-૨૫, બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

છેલ્લા પાનાનું ચાલુ

## વિરારનું નામ

માનવામાં આવે છે કે સત્તાવાર સ્તરે કોઈ દરખાસ્ત રજૂ કરવામાં આવી નથી. સ્થાનિકો અને મરાઠી ભાષીઓએ આનો વિરોધ કર્યો છે. વિરાર એક ઐતિહાસિક અને ભૌગોલિક ઓળખ ધરાવતું નામ છે. નામ બદલવા પાછળનો ચોક્કસ એજન્ડા શું છે? એવો ઘણા લોકોએ પ્રશ્ન કર્યો છે. જ્યારે કેટલાક લોકોએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, શહેરોની ઓળખ ભૂંસી નાખવાના પ્રયાસો સહન કરવામાં આવશે નહીં. ■

## મતદારો મૂંઝવણમાં

કરીને તેઓ ચૂંટણી લડી રહ્યા છે.

રાજકીય પક્ષોની એકબીજા સાથે યુતિને કારણે મુંબઈગરાના મગજ ચકરાઈ જાય એવી પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ છે. અત્યાર સુધી ઉદ્ધવ અને રાજ ઠાકરેની મનસે એકબીજા વિરુદ્ધ લડી રહ્યા હતા અને હવે બંને ભાઈઓ મરાઠી માણૂસના નામે સાથે ચૂંટણી લડી રહ્યા છે. તો ધનુષ્યબાણના નિશાન સાથેની શિંદેની શિવસેના તેમની જ સેના બાળઠાકરેના વિચારધારા સાથેની સાચ્ચી શિવસેના છે અને મરાઠી માણૂસની હિત સાધનારી છે, તેથી તેઓ જ મરાઠી માણૂસના મતના ખરા હકદાર છે. મરાઠી મતદારો હવે ઠાકરે ભાઈઓને સાથ આપે કે શિવસેનાના ધનુષ્યને મત આપે તેની મૂંઝવણ સતાવી રહી છે.

તો હંમેશાંની માફક જ ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારને પાર્ટીએ ટિકિટ નહીં આપતા પક્ષ સામે બળવો કરીને અપક્ષ ઝુકાવનારાઓનું અને યુતિ સાથેનો ધર્મ નિભાવવા પક્ષના સિનિયરોએ બેઠક પોતાના સાથીપક્ષને આપી દેતા વર્ષો સુધી પક્ષને નિષ્ઠાવાન રહ્યા બાદ પણ ટિકિટ નહીં મળતા પક્ષને ટાટા-બાય બાય કરીને બીજા પક્ષમાં છેલ્લી ઘડીએ પ્રવેશ કરીને તેમાંથી મિનિટોમાં ટિકિટ મેળવીને ચૂંટણીના મેદાનમાં ઊતરેલા ઉમેદવારોનું પ્રમાણ વધુ છે. પક્ષમાં ટિકિટ નહીં મળતા બળવો કરનારા અને પક્ષપલટો અને આયાતી ઉમેદવાર જેવા ચક્કરમાં કયા પક્ષનો કોણ ઉમેદવાર છે? અને તેમની માટે વર્ષો સુધી કામ કરનારો તેમનો લોકપ્રતિનિધિ હવે કયા પક્ષમાંથી ચૂંટણી લડી રહ્યો છે જેવી બાબતોને લઈને મતદારો ભારે ગૂંચવાઈ ગયા છે. ■

## વિકાસ કાર્યનું

મળેલા જવાબોનું વિશ્લેષણ કરીને તૈયાર કરવામાં આવેલા લેખમાં જણાવવામાં આવ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં પાલિકા દ્વારા વિકાસ કાર્યો માટે ફાળવવામાં આવેલા ૯૯ ટકાથી વધુ ફંડ મહાયુતિના વિધાનસભ્યોના મતવિસ્તાર માટે ફાળવવામાં આવ્યું છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું કે ફેબ્રુઆરી ૨૦૨૩થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન રસ્તાના સમારકામ, ડ્રેનેજ અપગ્રેડ, હેલ્થ ફેસિલિટી અને બ્યુટીફિકેશન જેવા જાહેર વિકાસના કર્યો માટે પાલિકાએ કુલ રૂ. ૧,૪૯૦.૬૬ કરોડથી વધુ રકમ ફાળવી હતી.

પાલિકાએ ફાળવેલા રૂ.૧,૪૯૦.૬૬ કરોડમાંથી રૂ. ૧,૪૭૬.૯૨ કરોડ રૂપિયા ભાજપ, અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના મહાયુતી ગઠબંધનના વિધાનસભ્યો અને સાંસદોનાં વિસ્તારોમાં વાપરવામાં આવ્યા હતાં. જેમાંથી ભાજપના જનપ્રતિનિધિના વિસ્તારોમાં ૧૦૭૬.૭ કરોડ રૂપિયા, એકનાથ શિંદેની સેનાના જનપ્રતિનિધિના વિસ્તારોમાં ૩૭૨.૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા.

કોંગ્રેસના એક વિધાનસભ્ય અમીન પટેલના મુંબાદેવી મતવિસ્તારમાં ૧૩.૭૪ કરોડ રૂપિયા એટલે કે કુલ ફાળવણીના માત્ર ૦.૯ ટકા ભંડોળ ફાળવવામાં આવ્યું, જ્યાં લઘુમતીઓની વસ્તી ખૂબ મોટી છે. બાકીના શિવસેના (યુબીટી) ના બધા દસ વિધાનસભ્યો, કોંગ્રેસના બે અન્ય વિધાનસભ્યો અને સમાજવાદી પાર્ટીના એક વિધાનસભ્યને કોઈ ફંડ મળ્યું નહીં. ■

## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૬૮૨-સી)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૩૨. જમીન - મિલકત**

■ બંગલો નવો જ લોનાવાલામાં કિ. 3.50. 9925404512. (બી-૧૬૯૦૬)

**૩૩. ધંધાદારી**

**‘‘પાર્ટ ટાઈમ કામ’’..**

પૂર્ણ સમય આવક.. ઉત્તમ જીવન સાથે.. (Part Time Work.. Full time Income with Best Life). ‘સ્વીટી’ - 9429991857. (બી-૧૬૯૦૭)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**■ હોમાત્મક - સુંદરકાંડ દ્વારા આર્થિક - માનસિક - શારીરિક સમસ્યા નિવારણ. ૯૯૯૮૭૮૭૧૪૩. (બી-૧૬૮૧૮)**

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રિઝલ્ટ. 7219004517. (૬૮૬-એ)**

**લગ્ન યોગ**

જન્મ તારીખ - સમય - સ્થાન વોટ્સઅપ : 7304586200 (ફોન કરો 11-5). (૬૯૫-એ)

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**

પાર્સલ માટે એકમાત્ર જૂનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440/ 9224320626. (બી-૧૬૮૩૫)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## કોર્ટના કર્મચારીઓને

ન્યાયમૂર્તિ અશ્વિન ભોબેની ખંડપીઠે મુખ્ય ન્યાયધીશના નિવાસસ્થાને એક વિશેષ સુનાવણી કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે, પાલિકા કમિશ્નર, જે જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે પણ કામ કરી રહ્યા છે. તેમને હાઈ કોર્ટ અથવા તેને આધિન કોર્ટના કર્મચારીઓને ચૂંટણીની ડ્યુટી માટે તેમની સેવા માગવાનો હેતુથી કોઈ પણ ઓર્ડર કે નોટિફિકેશન જાહેર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

બોમ્બે હાઈ કોર્ટની ખંડપીઠે પોતાની સુનાવણીમાં કોર્ટની પ્રશાસનિક ન્યાયધીશ સમિતિ દ્વારા ૨૦૦૮માં લેવાયેલા નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. આ નિર્ણય હેઠળ હાઈ કોર્ટ અને તેને આધિન કોર્ટના કર્મચારીઓને ચૂંટણીની ડ્યુટીમાંથી મુક્ત રાખવામાં આવશે. ■

## શ્રી અંબાદેવી મંદિર

નિગમને પ્રવાસન માળખાના વિકાસ માટે ફાળવવામાં આવી હતી, પરંતુ અત્યાર સુધી તેનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. તેથી ચિખલદરા ખાતે દેવી પોઈન્ટ અને વિરાટ દેવી મંદિરોનું સંચાલન કરતી શ્રી અંબાદેવી ટ્રસ્ટે ધાર્મિક સ્થળોના વિકાસ માટે જમીન માંગી હતી.

કેબિનેટના નિર્ણય મુજબ જમીન મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ નિગમ પાસેથી પરત લેવામાં આવશે. તેની બાદ તેને ઓક્યુપન્સી ક્લાસ-ટૂ દરજ્જા હેઠળ ટ્રસ્ટને મફતમાં ફાળવવામાં આવશે. મુખ્યમંત્રી કાર્યાલયના એક નિવેદનમાં જણાવાયું છે કે જમીનનો ઉપયોગ ફક્ત ધાર્મિક હેતુઓ માટે જ થઈ શકશે. ■

## ચૂંટણી પેપર્સમાં

હકીકત જાહેર ન કરવાથી ચૂંટણીમાં ચૂંટાઈ આવવાનો ઈરાદો નથી લાગતો, એમ કોર્ટે કહ્યું હતું.

કરુણા મુંડેએ એનસીપીના રાજકારણીની પહેલી કાયદેસર રીતે પરિણીત પત્ની હોવાનો દાવો કરીને લોકપ્રતિનિધિત્વ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કોર્ટનો સંપર્ક કર્યો.

તેમની મુખ્ય ફરિયાદ એ હતી કે તેઓ એનસીપી નેતાની પહેલી કાયદેસર રીતે પરિણીત પત્ની હોવા છતાં નવેમ્બર ૨૦૨૪માં બીડ જિલ્લાના પારલીથી વિધાનસભા ચૂંટણી લડતી વખતે ધનંજય મુંડે દ્વારા ઉમેદવારી પત્રોમાં તેમનું નામ દર્શાવવામાં આવ્યું હતું.

બીજી બાજુ એનસીપી નેતાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે તેમનો સંબંધ સંમતિથી હતો, જેના પરિણામે બે બાળકો થયા. ભૂતપૂર્વ મંત્રીએ બાળકોના દસ્તાવેજોમાં ફક્ત તેમનું નામ અને અટકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. ધનંજય મુંડેના વકીલે દલીલ કરી હતી કે ફરિયાદીને સંપૂર્ણ જાણકારી હતી કે એનસીપીના ધારાસભ્ય પહેલાથી જ પરિણીત હતા, પરંતુ સ્વેચ્છાએ સંબંધ બાંધ્યો હતો, જે નવેમ્બર ૨૦૨૦ માં સમાપ્ત થયો હતો. (પીટીઆઈ) ■

## પાલિકા ચૂંટણી

તેઓ એક સભા કરવાના છે. ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે આની ટીકા કરી છે. જો રાષ્ટ્રપતિને મ્યુનિસિપલ ચૂંટણી માટે લાવવામાં આવે તો તે આશ્ચર્યજનક નથી. જો લોકો વિદેશથી મોદીને ગળે લગાવવા આવે તો તે પણ આશ્ચર્યજનક નથી. આ ભાજપની પરંપરા બની ગઈ છે. મોદી ૧૧ મી તારીખે મુંબઈ આવી રહ્યા છે. પ્રચાર ૧૩મી તારીખે સમાપ્ત થાય છે. એક ખાસ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, એમ સંજય રાઉતે કહ્યું હતું.

મોદી મુંબઈમાં જૈન સમુદાયના કાર્યક્રમનું આમંત્રણ સ્વીકારી મુંબઈ આવી રહ્યા છે. તેઓ તે સમુદાયના લોકોને પ્રભાવિત કરવા આવી રહ્યા છે. ચૂંટણી પંચ શું કરી રહ્યું છે? રાજ્ય ચૂંટણી પંચના એક અધિકારી વાઘમારે છે. આ વાઘમારેએ પોતાના નામ પ્રમાણે વર્તવું જોઈએ અને ભાજપના વરુઓને રોકવા જોઈએ, એમ સંજય રાઉતે ટીકા કરી હતી. ■

## જ્વેલરી સ્ટોર

થઈ ગયો હતો. નાલાસોપારા પૂર્વમાં રેલવે સ્ટેશન નજીકના દીપા બાર પાસે કેટલાક શકમંદો શસ્ત્રો સાથે ભેગા થવાના હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના ઇન્ચાર્જ શાહુરાજ રણવરેને સોમવારે મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે છટકું ગોઠવી બારમાં રેઇડ કરી હતી.

બારમાંથી પકડાયેલા ચારેય આરોપી પાસેથી એક પિસ્તોલ, ત્રણ કારતૂસ, એક પિસ્તોલ જેવું દેખાતું લાઈટર, સ્ક્રૂડ્રાઈવર સહિતનાં શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યાં હતાં. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે નાલાસોપારા પૂર્વમાં ટાંકી રોડ પરની એક જ્વેલરીની દુકાનમાં તેમણે લૂંટની યોજના બનાવી હતી.

પકડાયેલા આરોપીમાંથી ખાન રેકોર્ડ પરનો ગુનેગાર હોઈ તેની વિરુદ્ધ મુંબઈના કાલાચોકી પરિસરમાં હત્યાનો ગુનો નોંધાયેલો હતો. એ સિવાય બાન્દ્રા, માહિમ, થાણે અને ગુજરાતના ઉમરગામ પોલીસ સ્ટેશનમાં પણ લૂંટ અને આર્મ્સ ઍક્ટ હેઠળ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીના ફરાર સાથીની પોલીસ શોધ ચલાવી રહી છે. ■

## ૨૬/૧૧ના હીરો

પરત ફર્યા હતા. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે મહારાષ્ટ્રના રાજ્ય ગૃહ વિભાગે બુધવારે આ સંબંધિત આદેશ જારી કરીને સદાનંદ દાતેને મહારાષ્ટ્ર પોલીસ દળના વડા તરીકે નિયુક્ત કર્યા છે. સદાનંદ દાતેએ પુણે યુનિવર્સિટીના ‘આર્થિક ગુનાઓ’ વિષય પર પીએચડી એટલે કે ડૉક્ટરેટ થયેલા છે. સદાનંદની કામગીરી કરીને વાત કરવામાં આવે તો, ૨૬/૧૧ના મુંબઈ આતંકી હુમલામાં તેમણે લોકોને બચાવવાની સારી કામગીરી કરી હોવાથી હીરો તરીકે ખ્યાતિ પામેલા સદાનંદ દાતેને આ નિમણૂક બે વર્ષ માટે મળશે. તેમને તેમના શૌર્યપૂર્ણ કાર્યો બદલ રાષ્ટ્રપતિ પોલીસ પદકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૫૯ વર્ષના દાતે અગાઉ મહારાષ્ટ્ર એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ના વડા પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત તેમણે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)માં ડીઆઈજી, સીઆરપીએફમાં આઈજી (ઓપ્સ) તથા મીરા-ભાયંદર અને વસઈ-વીરારના પોલીસ કમિશનર તરીકે પણ સેવા આપી છે. ■

## જામીન પર છૂટીને

છે. છેલ્લા એક વર્ષમાં તેની આ પાંચમી વખત ધરપકડ કરવામાં આવી છે. દરેક ગુનામાં જામીન પર છૂટ્યા પછી તે ફરી ચોરી કરતો હોવાનું તપાસમાં જણાયું હતું. ડિસેમ્બર, ૨૦૨૪માં દાદર પોલીસે ધરપકડ કર્યા બાદ ફેબ્રુઆરી, ૨૦૨૫માં આરોપી જામીન પર છૂટ્યો હતો. પછી ૨૦ માર્ચે તેણે વડાલા ટીટીમાં ચોરી હતી. એ કેસમાં ૨૭ જૂને જામીન પર છૂટીને આરોપીએ બીજે જ દિવસે, ૨૮ જૂને આગ્રીપાડામાં હાથફેરો કર્યો. પછી ૧૮ ઑક્ટોબરે જામીન પર છૂટીને તેણે ૨૩ નવેમ્બરે ભાયખલામાં તિજોરી સાફ કરી હતી. ભાયખલા પોલીસે પહેલી ડિસેમ્બરે અરબાઝની ધરપકડ કરી હતી. એ કેસમાં ૧૮ ડિસેમ્બરે જામીન પર છૂટીને બે દિવસમાં, ૨૦ ડિસેમ્બરે તેણે મહાલક્ષ્મી નજીક સાત રસ્તા પાસેના ઓમકાર ટાવરમાંના ફ્લૅટમાં ચોરી કરી હતી.

આ ફ્લૅટમાં રહેતા ફરિયાદી સુરેશ જયસ્વાલના પુત્રનાં ૨૯ નવેમ્બરે લગ્ન થયાં હતાં. પછી ૧૯ ડિસેમ્બરે જયસ્વાલ કુટુંબ ઉજ્જૈનમાં મહાકાલ મંદિરે દર્શન માટે ગયું હતું. ૨૦ ડિસેમ્બરે બપોરના સમયે આરોપીએ જયસ્વાલના બંધ ફ્લૅટનું તાળું તોડ્યું હતું. કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને ૩.૨૫ લાખની રોકડ મળી ૨૧.૭૪ લાખની મતા ચોરી હતી. કન્સ્ટ્રક્શન કંપનીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતા જયસ્વાલની ફરિયાદને આધારે આગ્રીપાડા પોલીસે ગુનો નોંધ્યો હતો. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ થઈ હતી. પછી ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી તેને તાબામાં લેવાયો હતો. તેણે આપેલી માહિતી પરથી ઝવેરી ચવ્હાણની પણ ધરપકડ કરાઈ હતી. ■

## આજે હોબાળો થશે

પોલીસ સંજય રાઉતના ઘરે પહોંચી ગઈ હતી. બીજી તરફ નવા વર્ષનું સ્વાગત કરવા માટે બધે ભીડ વધી રહી હતી. આ રીતે આવા સંદેશાઓએ ખળભળાટ મચાવ્યો છે. પોલીસ દળે પણ આ સંદેશને ગંભીરતાથી લીધો છે. મુંબઈ પોલીસ અને બોમ્બ ડિટેક્શન ટીમ રાઉતના ઘરે પહોંચી ગઈ હતી.

સંજય રાઉતના ઘરની બહાર પાર્ક કરેલી મારુતિ સુઝુકી વેગનર કાર કોની છે, આ કાર અહીં કોણે પાર્ક કરી હતી તેની માહિતી માગવામાં આવી રહી છે. પોલીસે આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસ માટે લીધા છે. આ ધમકીભર્યો સંદેશ કોણે લખ્યો છે તે શોધવા માટે શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. ■

## બદલાપુરથી કર્જત

ભીડ, વિલંબ અને લોકલ ટ્રેન રદ થવાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ત્રીજી અને ચોથી લાઈન શરૂ થયા પછી આ સમસ્યાનો ઉકેલ આવશે. આનાથી બદલાપુર, વાંગણી, શેલુ, નેરલ, ભીવપુરી રોડ અને કર્જતના હજારો મુસાફરોને ફાયદો થશે. લોકલ સેવાઓમાં વધારો કરવાનું અને લાંબા અંતરની ટ્રેનો માટે અલગ રૂટ આપવાનું શક્ય બનશે. આનાથી માલગાડીઓની અવરજવર પર કોઈ અસર થશે નહીં. જમીન સંપાદન પ્રક્રિયા પૂર્ણ થયા પછી આગામી ૩ થી ૪ વર્ષમાં આ કાર્ય પૂર્ણ થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, કલ્યાણથી આગળની રેલ મુસાફરી ઝડપી, સલામત અને વધુ આરામદાયક બનશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

## મર્દાનગીનો મિથ્યા ખ્યાલઃ 'સ્ત્રી ન બનવા'ની જીદમાં ખોવાતું પુરુષત્વ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



(પ્રતીકાત્મક તસવીર)

**અભિનેતા** ઈશાન ખટ્ટરે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં અત્યંત મર્મસ્પર્શી ઊંડી વાત કરી કે, પુરુષોને પુરુષ થતાં શીખવવામાં આવતું જ નથી. તેમને માત્ર એટલું જ શીખવવામાં આવે છે કે સ્ત્રી કઈ રીતે ન બનવું?!

આ વિધાન ભારતીય સમાજમાં પુરુષોના ઉછેર પાછળ રહેલી એક ગંભીર અને મનોવૈજ્ઞાનિક ક્ષતિ તરફ આંગળી ચીંધે છે. વર્ષોથી આપણા પરિવારોમાં છોકરાઓને મોટો કરવાની જે પદ્ધતિ રહી છે, તેના મૂળમાં 'પુરુષ કેવા હોવું' તેના કરતાં 'સ્ત્રી જેવા કેમ ન દેખાવું' તે વાત વધારે પ્રબળ રહી છે. આ વિચાર જ સામાજિક અસમાનતા અને લિંગભેદનું સૌથી મોટું કારણ બને છે, કારણ કે જ્યારે તમે કોઈ વ્યક્તિને કંઈક 'ન બનવાનું' શીખવો છો, ત્યારે તમે પરોક્ષ રીતે બીજી વ્યક્તિ કે લિંગને ઊતરતું સાબિત કરી રહ્યા હો છો.

આપણા ઉછેરના પાયામાં જ એક વિચિત્ર નકારાત્મકતા વણાયેલી છે. જ્યારે કોઈ નાનો છોકરો રડે છે ત્યારે તેને તરત જ કહેવામાં આવે છે કે 'છોકરીની જેમ શું રડે છે?' અથવા જ્યારે તે ડરે છે, ત્યારે તેને કહેવાય છે કે 'બંગડી પહેરી લે બંગડી!'

અહીંથી જ એક બાળકના માનસપટ પર એ છાપ અંકિત થઈ જાય છે કે રડવું, ડરવું, સંવેદનશીલ હોવું કે લાગણીશીલ બનવું એ માત્ર સ્ત્રીનાં લક્ષણ છે અને એક 'સાચો પુરુષ' એ છે જે આ તમામ લાગણીઓનો ત્યાગ કરે. પરિણામે, આપણે એક એવા પુરુષ વર્ગનું નિર્માણ કરીએ છીએ, જે શારીરિક રીતે મજબૂત હોઈ શકે છે, પણ ભાવનાત્મક રીતે અત્યંત નબળો અને અસુરક્ષિત હોય છે. પુરુષત્વને આપણે પથ્થર જેવી કઠોરતા માની લીધી છે, જ્યારે વાસ્તવમાં પુરુષત્વ એ સુરક્ષા અને સમજદારીનું નામ હોવું જોઈએ.

આ ઉછેરની સૌથી મોટી નકારાત્મક અસર એ છે કે પુરુષ પોતાની લાગણીને વ્યક્ત કરતા ડરવા લાગે છે. મનોવિજ્ઞાન કહે છે કે જ્યારે લાગણીઓ બહાર નથી આવતી ત્યારે તે ક્રોધ અથવા હિંસામાં રૂપાંતરિત થાય છે. આજે સમાજમાં જોવા મળતી અનેક નકારાત્મક પ્રવૃત્તિઓ પાછળ પુરુષની આ 'લાગણીહીન' દેખાવાની મથામણ જવાબદાર છે. જે ઉછેરમાં બાળકને શીખવવામાં આવે છે કે સ્ત્રીત્વ એ નબળાઈ છે તે મોટો થઈને સ્ત્રીનો આદર કેવી રીતે કરી શકશે? જે સંસ્કારોમાં 'સ્ત્રી ન બનવું' એ જ સર્વોપરિ સિદ્ધાંત હોય ત્યાં અસમાનતા આપોઆપ જન્મે છે. સ્ત્રીત્વના ગુણો જેવા કે કરુણા, દયા, અને પ્રેમ એ કોઈ લિંગની જાગીર નથી. તે માનવતાનાં લક્ષણો છે, પરંતુ પુરુષોને આ ગુણોથી વંચિત રાખીને આપણે તેમને અડધા માનવી બનાવી દઈએ છીએ.

અહીં રસપ્રદ વાત એ છે કે, પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં 'અર્ધનારીશ્વર'ની કલ્પના હતી, જે સમજાવે છે કે દરેક મનુષ્યમાં સ્ત્રી અને પુરુષ બંને તત્ત્વ રહેલાં છે. પૂર્ણતા ત્યારે જ મળે છે જ્યારે આ બંને તત્ત્વનું સંતુલન હોય, પરંતુ આજના આધુનિક કહેવાતા સમાજે પુરુષને એક એવા ચોકઠામાં કેદ કરી દીધો છે, જ્યાં તેણે સતત સાબિત કરવું પડે છે કે તે કેટલો શક્તિશાળી - મજબૂત છે. એક પુરુષ રસોડામાં મદદ કરે, ઘરના કામ કરે કે બાળકોને પ્રેમથી સાચવે તો સમાજ તેને 'બાયલો' કહેવા લાગે છે. આ માનસિકતા જ પુરુષને એક જવાબદાર પિતા, સંવેદનશીલ પતિ અને સારા મિત્ર બનતા અટકાવે છે. પુરુષોને 'સુરક્ષિત' રહેતા શીખવવામાં આવે છે, પણ 'સંવેદનશીલ' રહેતા નહીં.

ઈશાન ખટ્ટરનીની વાત પાછળનો ગૂઢ અર્થ એ પણ છે કે આપણે લિંગ સમાનતાની વાતો તો કરીએ છીએ, પણ તેના અમલીકરણ માટે પુરુષોના માનસમાં પરિવર્તન લાવવું જરૂરી છે. પુરુષોને એ સમજાવવાની જરૂર છે કે સ્ત્રીના ગુણો અપનાવવાથી તેમનું પુરુષત્વ ઓછું નથી થતું, પણ તેમનું વ્યક્તિત્વ વધુ ખીલે છે. જે પુરુષ પોતાની આંખના આંસુને છુપાવતો નથી અને પોતાની ભૂલ સ્વીકારવાની હિંમત રાખે છે, તે જ ખરેખર પુરુષ છે. મર્દાનગીનો અર્થ કોઈને દબાવવામાં નહીં, પણ કોઈને સાથ આપવામાં હોવો જોઈએ. જ્યારે આપણે આપણા દીકરાઓને એવું કહીશું કે 'તું રડી શકે છે, તું ડરી શકે છે અને તું કોઈના પ્રત્યે નમ્ર બની શકે છે,' ત્યારે જ આપણે એક સાચા સમાજનું નિર્માણ કરી શકીશું.

અંતે, ઈશાન ખટ્ટરનું નિવેદન એક આહ્‌વાન છે કે આપણે આપણા ઉછેરની પદ્ધતિને ફરીથી ચકાસીએ. પુરુષ હોવું એટલે માત્ર શક્તિનું પ્રદર્શન કરવું એવું નથી, પણ જવાબદારી અને ગૌરવ સાથે જીવવું તે છે. સ્ત્રી જેવું 'ન બનવાની' સ્પર્ધામાં પુરુષ પોતાનું અસલી માનવત્વ ખોઈ રહ્યા છે. જે દિવસે સમાજ સ્ત્રીત્વને નબળાઈ માનવાનું બંધ કરશે અને પુરુષોને પોતાની સંવેદનાઓ સાથે જીવવાની આઝાદી આપશે, તે દિવસે લિંગ અસમાનતાના મૂળિયાં આપોઆપ નબળા પડી જશે. સાચી મર્દાનગી એ છે જે સ્ત્રીનો આદર કરે અને પોતાની અંદર રહેલા સ્ત્રીત્વના સદગુણોને સ્વીકારીને એક સંપૂર્ણ મનુષ્ય બને. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પત્નીઓને બધું યાદ કઈ રીતે રહે છે?!

ડીયર હની,

એક બહુ જાણીતો જોક છે.

પત્નીઃ તમે મારો જન્મદિવસ કેમ ભૂલી ગયા?

પતિઃ તારો જન્મદિવસ હું કેવી રીતે યાદ રાખું? તું દર વર્ષે તો કહે છે કે તારી ઉંમર વધી જ નથી, તું હજુ પણ ૨૫ની જ લાગે છે... તો પછી મને એમ કે તારો જન્મદિવસ આવ્યો જ નથી!

વેરી સ્માર્ટ જવાબ!

દરેક પત્નીની પતિ પ્રત્યે ફરિયાદ હોય છે કે તમને તો કાઈ યાદ જ રહેતું નથી... 'કૌન બનેગા કરોડપતિ'માં ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા પરિવાર સાથે આવેલા અને અમિતાભ બચ્ચને એમના પત્નીને પૂછ્યું કે, તમારા પતિ સામે કોઈ ફરિયાદ? તો પત્નીએ કહ્યું કે, એ ભૂલી બહુ જાય છે. આજે કોઈ વાત કરી હોય તો બહુ જલદી ભૂલી જાય છે અને યાદ કરાવીએ તો એમ કહે કે, તે મને ક્યારે કીધું હતું?!

આમ આદમીથી માંડી મોટા માણસો સુધી આ ફરિયાદ સામાન્ય છે.જોકે સવાલ અહીં એ છે કે, પત્નીઓને બધું યાદ કેમ રહે છે? તારી જ વાત કરું તો તને ઘરના બધા સભ્યોના જન્મદિન યાદ હોય છે. એટલું જ નહિ, પ્રસંગોમાં કોણે કેટલો વ્યવહાર કરેલો એ પણ યાદ હોય છે. ક્યા પ્રસંગમાં કોણે શું પહેર્યું હતું એ પણ યાદ હોય છે.

બીજી તરફ પતિઓન - પુરુષો ને આવી વાતો યાદ રહેતી નથી. હા, એમના કામકાજની વિગતો યાદ રહે છે, પણ ઘરની વાતો યાદ રહેતી નથી. અહી જ પુરુષ અને સ્ત્રીમાં અંતર પડે છે. શું આ પાછળ કોઈ વિજ્ઞાન કામ કરે છે ? હા, એવું કૈક તો છે જ સ્ત્રીઓમાં સામાન્ય રીતે 'એપિસોડિક મેમરી' વધુ પ્રબળ હોય છે. એ ઘટનાઓ, લાગણીઓ અને જે તે પ્રસંગે કોણે શું પહેર્યું હતું કે શું વાત કરી હતી, તેવી વિગતો યાદ રાખવામાં કુશળ હોય છે. તેમના માટે જન્મદિવસ કે વર્ષગાંઠ એ માત્ર એક તારીખ નથી, પણ એક લાગણી છે.

બીજું એક કારણ સામાજિક પણ છે કે, પરંપરાગત રીતે ઘરના સંબંધો જાળવી રાખવાની અને સામાજિક જવાબદારી સંભાળવાની જવાબદારી પત્ની પર વધુ હોય છે. કોને ક્યારે વિશ કરવું, કોને શું ગિફ્ટ આપવી, આ બધું મેનેજ કરવું એ તેના રોજિંદા કાર્યોનો એક ભાગ બની જાય છે. તેને 'મેન્ટલ લોડ' પણ કહેવામાં આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો પુરુષનું મગજ ઘણીવાર 'ટાસ્ક ઓરિએન્ટેડ' (કામ પૂરતું) હોય છે. એ મોટી સમસ્યાઓ ઉકેલવામાં કે ઓફિસના કામમાં એટલા ડૂબી જાય છે કે નાની વિગતો તેમના મગજમાંથી નીકળી જાય છે. જ્યારે સ્ત્રીનું મગજ 'મલ્ટી-ટાસ્કિંગ' -એક સાથે અનેક કામ સરળતાથી કરી શકે છે.

પુરુષ આ બાબતે દરેક વખતે માર ખાય છે , પણ અમિતાભ બચ્ચને કુમાર મંગલમની પત્નીને ટીપ આપી કે, મોબાઈલમાં વોઈસ રેકોર્ડર હોય છે એ ચાલુ રાખો અને પતિ ભૂલી જાય ત્યારે એને એ સંભળાવો એટલે એની પાસે સ્વીકાર કરવા સિવાય કોઈ ઉપાય નહિ રહે ! .

વાત સાચી છે. ટેકનોલોજી કામ લાગે છે આવા કામોમાં. ગૂગલ રિમાઈન્ડરમાં માત્ર તે દિવસનું જ નહીં, પણ ૨ દિવસ અગાઉનું રિમાઇન્ડર સેટ કરો, જેથી ગિફ્ટ કે પ્લાનિંગ કરવાનો સમય મળે. જો તમે ઓફિસમાં વધુ સમય વિતાવતા હો તો તમારી ડેસ્ક ડાયરીમાં પહેલા પાના પર જ આ ચાર-પાંચ મહત્ત્વની તારીખો લખી રાખો. ઘરમાં એક એવું કેલેન્ડર રાખો જ્યાં બધાના જન્મદિવસ સાથે મોટા અક્ષરે નામ લખેલું હોય. રોજ સવારે ચા પીતી વખતે તેના પર નજર નાખવાની આદત પાડો.

આ બધું તો ખરું, પણ સાચો ઉપાય તો એ જ છે કે, તમે તારીખો ભૂલી જ જતા હો તો પત્ની સમક્ષ સ્વીકારી લો. પત્નીને કહો કે આપણે સાથે મળીને ફોનમાં રિમાઇન્ડર સેટ કરીએ? ફાયદો એ થશે કે પત્ની નારાજ પણ નહિ થાય અને ખોટું પણ નહીં લાગે અને બંને સાથે મળીને સેલિબ્રેટ કરી શકશો. બાકી પત્ની પાસે આ મુદ્દે તો તમે ટૂંકા જ પડવાના. હજુ ય ભરોસો પડતો નથી? તો સાંભળો આ જોક...

પત્નીઃ સાંભળો છો, આજે આપણી મેરેજ એનિવર્સરી છે. આજે આપણે બહાર જમવા જઈશું અને પછી કંઈક સરસ ગિફ્ટ અપાવજો.

પતિ (કંટાળીને): પણ ગયા મહિને જ તો આપણે જમવા ગયા હતા અને તને સાડી અપાવી હતી!

પત્નીઃ અરે, એ તો મારો જન્મદિવસ હતો! અને એની પહેલા જે હોટલમાં ગયા હતા એ તમારો જન્મદિવસ હતો. ગયા રવિવારે ગયા એ પપ્પાની રિટાયરમેન્ટ પાર્ટી હતી... અને હા, પેલી જ્વેલરી લીધી એ તો ભાઈના લગ્નની ખુશીમાં હતી!

પતિ (માથું પકડીને): ઓ ભગવાન! તને આ બધું આટલું ડિટેલમાં કેવી રીતે યાદ રહે છે?

પત્નીઃ બહુ સિમ્પલ છે... તમે કઈ તારીખે કેટલા રૂપિયા વાપર્યા ને, એનો હિસાબ રાખું એટલે તારીખ તો આપોઆપ યાદ રહી જ જાયને!

તારો બન્ની.

# સંધ્યા છાયા

## વડીલોએ હવે આત્મ-નિર્ભર બનતા શીખવું પડશે

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**સમય** બદલાયો છે. સંયુક્ત કુટુંબ તૂટી રહ્યા છે. સંતાનો કામ-ધંધાએ પરદેશ કે બીજાં શહેરોમાં સ્થાયી થઈ રહ્યાં છે. આવા સમયે પોતીકા ઘરમાં વૃદ્ધ પતિ-પત્ની બે જ રહી જાય છે. સંતાનોના પરિવાર દૂર છે. ઘણીવાર કજિયા-કંકાસને કારણે પણ માતા-પિતા એકલા રહી જાય છે અને પરિવારજનો દૂર જતા રહે છે. સંયુક્ત કુટુંબ તૂટવાના કારણ અનેક છે, પણ આપણે અહીં એની ચર્ચા નથી કરવાના. હકીકત એ છે કે સંયુક્ત કુટુંબ તૂટવાના કારણે વૃદ્ધો એકલા પડી જાય છે. વળી, મેડિકલ ફેસિલીટીઝ વધવાને કારણે વૃદ્ધોની ઉંમર પણ વધતી જાય છે. દવાને સહારે એ ઘણાં વર્ષો સુધી ટકી રહે છે. પતિ-પત્ની બંને હોય ત્યાં સુધી તો વાંધો આવતો નથી, તકલીફ ત્યારે ઊભી થાય છે જ્યારે બેમાંથી એક હંમેશાં માટે અલવિદા કરી દે છે. પતિ-પત્ની બેઉ હોય ત્યારે તો એ એકમેકને સંભાળી લે છે. ડોક્ટર પાસે જવાનું હોય કે રિપોર્ટસ કઢાવવા જવાનું હોય બંને એકબીજાનો હાથ પકડીને ડોક્ટર પાસે જઈ આવે છે. પણ બેમાંથી એકની વિદાય બીજા માટે વસમી પુરવાર સાબિત થાય છે. રહી ગયેલાં એકલા પાત્રની મુશ્કેલી નડે છે. એમાંયે જો સ્ત્રી એકલી પડી જાય તો બહારનાં કામ માટે તેમજ મેડિકલ માટે તે મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

આ ઉમાબહેનની જ વાત કરું. પતિ તો વર્ષો પહેલાં ગુજરી ગયા હતા, પરંતુ પુત્ર હતો. પુત્રના સહારે તેમનું જીવન વ્યતીત થતું હતું. ઉમાબહેન ક્યારેય ઘરની બહાર એકલાં જતાં ન હતાં. બેન્કનું કામ હોય કે ડોક્ટર પાસે જવાનું હોય તો કિશોર વયના પુત્ર સાથે બધે જ જતા. પુત્ર મોટો થતો સારી કંપનીમાં નોકરીએ લાગી ગયો હતો. તેણે જ પસંદ કરેલી કન્યા સાથે વિવાહ-બંધનમાં બંધાયો. બધું સરસ ચાલતું હતું. ત્યાં પુત્રની ટ્રાન્સફર કેનેડા થઈ. પુત્ર અને પુત્રવધૂ તો રાજીરાજી થઈ ગયા આવી તક મળી તે કોઈ છોડાય? પણ ઉમાબહેન ડરી ગયાં. આ લોકો જશે તો હું કઈ રીતે રહીશ? ઉમાબહેને દીકરાને કહ્યું,

'બેટા, શું જરૂર છે ત્યાં જવાની? અહીં તારે ક્યાં કંઈ ખોટ છે? સારો પગાર પણ મળે છે. બીજું કેટલું જોઈએ?'

'મમ્મી, કેવી વાત કરે છે? લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવાનું હશે? લોકો આવી તક માટે તરસતા હોય છે, પગાર પણ કેટલો બધો વધારે ઓફર કર્યો છે. મમ્મી, આ જ તો ઉંમર છે કમાવવાની એક વાર મોટી બચત થઈ જાય તો પછી જિંદગીની નિરાંત થઈ જાય. એટલે જવાનું તો નક્કી છે. હા, તું અહીં એકલી પડી જશે, પણ શું થઈ શકે? અમે ત્યાં સારી રીતે સેટલ થઈ જઈશું એટલે તને પણ ત્યાં જ લઈ જઈશું.'





ઉમાબહેનની નામરજી છતાં પણ દીકરો-વહુ ગયાં. ઉમાબહેન અહીં એકલાં પડ્યાં . તેમને જરાય ગમતું નથી. બહારથી કંઈ લાવવા-મૂકવાની મુશ્કેલી પડે છે. દીકરાએ દૂધવાળા, શાકવાળા, ફ્રૂટવાળા, કરિયાણાવાળા, મેડિકલની દુકાન બધાંના નંબર સેવ કરી દીધાં છે અને સમજાવ્યું છે કે તારે બધી ચીજ વસ્તુ ફોન કરીને મંગાવી લેવાની જેથી તારે જવાની જરૂર ન પડે.

ઉમાબહેન ચીજ-વસ્તુ મંગાવે તો ખરા પણ જે વસ્તુ આવે તે તેમને પસંદ જ ન પડે. આની ફરિયાદ પુત્રને ફોન કરી કરીને કર્યા કરે. પુત્ર ઑફિસમાં વ્યસ્ત હોય ઈરિટેટ થઈને પુત્ર જરાક ખિજાઈ જાય તો ઉમાબહેન રડવા બેસે, 'મારો દીકરો તો કેનેડા જઈને સાવ બદલાઈ ગયો છે, મારી એકેય વાત સાંભળતો નથી.'

આટલી નાની વાત તો ૬૫ વર્ષના ઉમાબહેને ટેકલ કરી જ લેવી જોઈએ ને? પણ ઉમાબહેન વારંવાર માંદાં પડે. જરાક થાય એટલે પુત્રને ફોન કરે,દીકરો કહે, 'ડોક્ટર પાસે જઈ આવ.'

'એકલી કેવી રીતે જાઉં?'

બે-ચાર વાર તો પાડોશી ઉમાબહેનને ડોક્ટર પાસે લઈ ગયા. પણ પછી તો રોજનું થયું. વળી, નાની નાની વાત ઉમાબહેન ધમાલ મચાવી દે. રજનું ગજ કરી નાખે. નાનકડી બીમારીમાં પણ રાડારાડ કરીને ગામ ભેગું કરે. દર વખતે તેમની સાથે ડોક્ટરને ત્યાં જવા કોણ નવરું હોય?

૬૫ વર્ષની ઉંમર કાંઈ એવી ઉંમર નથી કે પોતાનું કામ પોતે ન કરી શકે. હમણાં ઉમાબહેન થોડા બીમાર છે, કકળાટ કરીને દીકરાને કેનેડાથી બોલાવ્યો છે. દીકરો પરેશાન છે. ઉમાબહેનની શું વ્યવસ્થા કરવી? આમ કંઈ ઘડી ઘડી તો કેનેડાથી આવી ન શકાય અને પાડોશી કે સંબંધીઓને પણ ઘડી ઘડી તો પરેશાન ન જ કરી શકાયને? ઉમાબહેનને વૃદ્ધાશ્રમમાં મૂકવાનો વિચાર તેમનો પુત્ર કરી રહ્યો છે.

આ ઉદાહરણ એટલાં માટે આપ્યું કે વૃદ્ધોએ પોતાના કામ પોતે જાતે કરતા શીખવું જ પડશે. જો વૃદ્ધો આત્મનિર્ભર રહે તો સંતાન પર કે બીજા કોઈ પર આધાર રાખવો નહીં પડે અને પોતાની જિંદગી આનંદથી જીવી શકશે. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## ‘કિસી દિન ઐસે હી મર ગઈ તો બીવી સે નારાજ રહોગે, ઓર ફિર કભી મિલ નહીં પાઓગે’

(ભાગઃ ૧૧)

નામઃ મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)
સમયઃ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળઃ બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમરઃ ૩૬ વર્ષ

અમે લંડન ગયાં એ પહેલાં મેં મનોમન જીવવાની આશા છોડી દીધી હતી, પણ કિશોરને કોણ જાણે કેમ એવું લાગતું હતું કે, લંડનમાં મારી તબિયત સુધરશે. મેં એને ખૂબ સમજાવ્યા કે આપણે પહેલાં લંડન જઈને મારી તબિયતની તપાસ કરીએ પછી લગ્ન કરીએ, પરંતુ કિશોરે આગ્રહ રાખ્યો કે, લગ્ન કરીને જ લંડન જઈએ! મેં જ્યારે સાંભળ્યું કે મારી પાસે બે વર્ષથી વધારે સમય નથી, ત્યારે મેં હોસ્પિટલના દસમા માળેથી કૂદવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કિશોર સમયસર જાગી ગયા અને એમણે મને કૂદતી અટકાવી! શું ફાયદો થયો? મૃત્યુ નિશ્ચિત હતું... હું એ જ ક્ષણે ગુજરી ગઈ હોત તો આ પીડામાંથી પસાર થવું પડ્યું ન હોત! આજે જે રીતે પીડાઈ રહી છું એમાંથી તો બચી હોત! ખેર, હવે કલાકોનો પ્રશ્ન છે પછી હું મારા આખરી સફર પર નીકળી જઈશ!

લંડનથી પાછા આવ્યા ત્યારે મેં ‘અરેબિયન વિલા’માં રહેવાને બદલે મારા પતિને ઘેર, ‘ગૌરી કુંજ’ રહેવાનું નક્કી કર્યું, પરંતુ કિશોરના માતા-પિતાએ મારો સ્વીકાર ન કર્યો અને એ ‘ગૌરી કુંજ’નું ઘર છોડીને અશોક કુમારને ઘેર રહેવા ચાલી ગયા. નોકરો સિવાય એ ઘરમાં કોઈ નહોતું. નાનકડો છ વર્ષનો અમિત, જેને રૂમાદેવી પાછો મૂકી ગયા હતા એણે કદાચ મારી પાસેથી માતૃત્વની અપેક્ષા રાખી હશે, પણ હું તો પથારીમાંથી જ ઊઠી શકતી નહોતી, એને માટે શું કરી શકું!

ડૉક્ટરોએ કિશોરને સ્પષ્ટ કહ્યું હતું કે, મારી સાથે શરીરસંબંધ બાંધવાનો પ્રયત્ન ન કરવો. કદાચ, આવા કોઈ એક્સાઈટમેન્ટમાં કે હૃદયના ધબકારા વધવાને કારણે મારું હાર્ટ ફેઈલ થઈ શકે છે... હું એમને જેટલા નજીક લાવવાનો પ્રયાસ કરતી એટલા એ ઈરાદાપૂર્વક મારાથી દૂર રહેતા. એકાંત ટાળતા! મને ખૂબ ફ્રસ્ટ્રેશન આવતું કે, હું એમને શરીરસુખ આપી શકતી નહોતી, પરંતુ હું પણ કંઈ કરી શકું એમ નહોતી. મને એક ડર લાગતો, ક્યાંક કિશોર મને તલાક ન આપી દે! જોકે, એમણે કોઈ દિવસ એવી કોઈ વાતનો ઉલ્લેખ સુધ્ધા કર્યો નથી.

આજે વિચારું છું તો સમજી શકું છું કે, એમને કેટલી તકલીફ થઈ હશે. સાંઈઠના દાયકામાં એમનું કામ વધવા લાગ્યું હતું. પાર્શ્વ ગાયક તરીકે એમનું નામ ખૂબ લોકપ્રિય થતું ગયું. એ વ્યસ્ત રહેવા લાગ્યા હતા. મારું ધ્યાન રાખવા માટે નોકરચાકર હતા, પરંતુ બીમારી અને એકલતાને કારણે હું ચીડચીડી થઈ ગઈ હતી. એ જ્યારે ઘરે આવતા ત્યારે એમની સાથે સારી રીતે વાત કરવાને બદલે મારી પાસે ફક્ત ફરિયાદો હતી. મારી જીદ કે વારંવારના આગ્રહને કારણે ડરીને કદાચ એમણે મને ‘અરેબિયન વિલા’ શિફ્ટ કરવાનું નક્કી કર્યું. હું અબ્બુને ઘરે પાછી આવી ગઈ. અખબારો અને ફિલ્મી દુનિયાના લોકોએ આ વાતને ખૂબ ચગાવી. લોકોએ એવી વાતો પણ કરી કે, કંજુસ કિશોર કુમારે સારવારનો ખર્ચ ન કરવો પડે એટલા માટે મધુબાલાને એના પિતાને ઘરે શિફ્ટ કરી દીધી! દુનિયાને મોઢે ગરણું નથી બાંધી શકાતું. સારી-ખરાબ વાતો કરનારા લોકો આપણી આસપાસ હોય જ છે, પરંતુ હું જાણું છું કે, કિશોર મને મળવા રોજ આવતા. હું સાવ એકલવાયી અને અંધારામાં પડી રહેતી ત્યારે કિશોરે પ્રોજેક્ટર વસાવ્યું. ઘરમાં જ ૧૬ એમ.એમની ફિલ્મો જોઈ શકાય એવી વ્યવસ્થા કરી. મારા મનોરંજન માટે એ બને તેટલો પ્રયાસ કરતા, પરંતુ હું કોઈ રીતે ખુશ નહોતી રહી શકતી...

એ ગાળામાં એક વાર યુસુફ મને મળવા આવ્યો. કદાચ, દયા આવી હશે કે પછી લોકોના મોઢેથી મારી સ્થિતિ સાંભળીને એને લાગ્યું હશે કે, છેલ્લીવાર મને મળી લે! ‘ગંગા જમના’ની રિલીઝ પછી દિલીપ કુમારની એક નવી જ ઈમેજ ઊભી થઈ હતી. યુસુફ મળવા આવવા લાગ્યો ત્યારથી મારી તબિયત થોડી સારી થવા લાગી. પૈસાની તકલીફ તો હતી જ, પરંતુ મને કોઈ પર વિશ્વાસ નહોતો. થોડા ઘણા પૈસા મારી પાસે હતા એ મેં યુસુફને આપ્યા અને કહ્યું કે, મને આ પૈસા ઈન્વેસ્ટ કરી આપ. દર મહિને થોડા પૈસા મળે એવી વ્યવસ્થા કરી આપ. દિલીપે



મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)

એ પૈસા બેંગ્લોરના એક ડિસ્ટ્રિબ્યુટરને આપ્યા. મને દર મહિને ત્રણ હજાર રૂપિયા મળે એવી વ્યવસ્થા થઈ, પરંતુ કિશોરને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એને ખૂબ આઘાત લાગ્યો. મેં એના પર ભરોસો ન કર્યો અને યુસુફને પૈસા આપ્યા એ વાતે અમારી વચ્ચે મન ઊંચા થઈ ગયા. કિશોરે મળવા આવવાનું બંધ કરી દીધું! મેં એની માફી માગી... થોડા દિવસ તો એ નારાજ રહ્યા પછી એક દિવસ મેં કહ્યું, ‘કિસી દિન ઐસે હી મર ગઈ તો બીવી સે નારાજ રહોગે, ઓર ફિર કભી મિલ નહીં પાઓગે.’ કિશોરને સત્ય સમજાઈ ગયું. એણે ફરી એક વાર રોજ આવવાનું શરૂ કરી દીધું.

૧૪ ફેબ્રુઆરી, ૧૯૬૯... મારો ૩૬મો જન્મદિવસ હતો. ‘સિને એડવાન્સ’ નામની એક પત્રિકાને મેં ઈન્ટરવ્યૂ આપ્યો હતો ત્યારે એણે પૂછ્યું હતું, ‘તમારી બીમારીમાંથી સ્વસ્થ થયા પછી તમે શું કરવાનું વિચાર્યું છે?’

મેં કહ્યું હતું, ‘હું ચોક્કસ કહી શકતી નથી, પણ જો અલ્લાહ મને કંઈક કરવાની શક્તિ આપશે, તો હું ફરીથી ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કરીશ. મારી એકમાત્ર ઈચ્છા શક્ય તેટલી વધુ ફિલ્મોમાં કામ કરવાની છે.’ આ કહેતી વખતે મને ખબર હતી કે, હું કોઈ ખ્વાબોની દુનિયામાં છું. આવું કશું થવાનું નથી- અલ્લાહ મને ફરી ઊભી નહીં થવા દે એ હું જાણતી જ હતી.

ઈન્ટરવ્યૂ લેનારે પૂછ્યું હતું, ‘શું તમે અત્યાર સુધી ફિલ્મોમાં જે શ્રેષ્ઠ કામ કરી શક્યા છો તેનાથી ખુશ નથી?’ મેં એને કહ્યું હતું, ‘ના, કોઈપણ ભૂમિકા કેટલી સારી રીતે ભજવી શકાય એની કોઈ મર્યાદા નથી હોતી. મારી જૂની ફિલ્મોમાં કરેલા કામ કરતાં હજુ વધુ સારું કામ હું કરી જ શકું છું.’ હું શું બોલી રહી હતી! હવે કામ કરવાનો જ સવાલ નહોતો...

એણે સવાલ પૂછ્યો હતો, ‘શું તમે મને તમારા અનુભવો અને યાદો વિશે કંઈક કહેવા માગો છો?’

મેં કહ્યું હતું, ‘મારે હજુ ઘણો અનુભવ મેળવવાનો બાકી છે. યાદો જીવનના અંતમાં આવે છે, અને તે માટે હજુ પણ ઘણું વહેલું છે. હું લાંબું જીવવા માંગુ છું.’ આ મારી દુઆ હતી, જુનુન કે આરઝુ હતી... પણ, મારી દુઆ કબૂલ થવાની નહોતી! ‘ફરી ફિલ્મોમાં કામ કરીશ ત્યારે જોઈશ કે હું કેટલી સફળ થઈશ.’ પછી, થોડીવાર મૌન રહીને મારા જ શબ્દોની વ્યર્થતા સમજીને મેં કહ્યું હતું, ‘શું તમારી ઈચ્છા છે કે હું એક કલાકાર તરીકેનું મારું જીવન અધૂરું છોડી દઉં? અલ્લાહની શરણાગતિ સ્વીકારું છું, પરંતુ એને વિનંતી કરું છું કે, મને થોડું વધારે જીવવા દે.’ મને ડૂમો ભરાઈ ગયો હતો. મેં રુંધાયેલા ગળે કહ્યું હતું, ‘મને હજુ કામ કરવા દો! મને હજી વધુ જીત અને હાર જોવા દો!’

પણ, એ બધું ઈન્ટરવ્યૂ લેનારના હાથમાં ક્યાં હતું? એ તો અલ્લાહના હાથમાં હતું અને અલ્લાહ પોતાનું ફરમાન આપી ચૂક્યા હતા. ૧૪મી ફેબ્રુઆરી પછીના અઠવાડિયે મારી તબિયત બહુ બગડી. ૨૧મીએ શુક્રવાર હતો. હું નમાઝ પઢીને હું પથારીમાં સૂતી એ પછી ઊઠી શકી નહીં. મને હૃદયમાં ખૂબ પેઈન થયું. આ બીજો હાર્ટ એટેક હતો. શુક્રવારે મને મળવા આવેલા કિશોર રોકાઈ ગયા. શનિવારની સવાર થોડી સારી ઊગી... પરંતુ, સાંજ સુધીમાં હું ખૂબ પીડામાં હતી. શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. રવિવારે સવારે કિશોરને કોલકાતા જવાનું હતું. મેં એમને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ હજારોનું નુકસાન થઈ જાય એમ હતું એટલે એ રાત્રે પોતાના ઘરે ગયા. સવારની ફ્લાઈટ હતી.

અડધી રાત્રે અબ્બુએ એમને ફોન કર્યો. એ ‘અરેબિયન વિલા’ આવ્યા ત્યારે હું શ્વાસ લઈ શકતી નહોતી. સહુ આસપાસમાં રડી રહ્યા હતા ત્યારે મેં કહ્યું, ‘રોના બંધ કરો ઔર મુઝે ચૈન સે મરને દો!’ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, પરંતુ એ પછી મેં આંખો ખોલી નહીં...

નોંધઃ ૨૨ ફેબ્રુઆરીએ પોણા દસ વાગ્યે મધુબાલાનું મૃત્યુ થયું. બપોરે અઢી વાગ્યે એમનો જનાજો ‘અરેબિયન વિલા’થી લઈ જવામાં આવ્યો. એમની અંતિમ યાત્રામાં પૃથ્વીરાજ કપૂર, આશા પારેખ, નૌશાદ, માલા સિંહા, જયકિશન, સુનીલ દત્ત, નરગિસ, નિમ્મી, વિજયાલક્ષ્મી, ગીતા દત્ત, તબસ્સુમ જેવા અનેક લોકો હતાં. દિલીપ કુમાર ‘ગોપી’ના શુટિંગ વખતે ચેન્નાઈ હતા, એ પહોંચ્યા ત્યારે દફનક્રિયા પૂરી થઈ ગઈ હતી. દુઃખની વાત એ છે કે, એમણે છેલ્લા દિવસોમાં અનેક લોકોને ફોન કર્યા, પરંતુ કોઈ મળવા આવ્યું નહીં! એમનો છેલ્લો જન્મદિવસ એકલવાયો અને પીડામાં વીત્યો. (સમાપ્ત)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## ક્રેડિટ કાર્ડ તો આપો?




‘સાંભળો છો? મહેમાન આવવાના છે ને ઘરમાં શાકભાજી, દૂધ, અનાજ વગેરે વગેરે લાવવાનું છે. તો મને તમે બે હજાર રૂપિયા આપી રાખો. એટલે હું રસોઈ કરીને બપોરે રિક્ષા કરીને માર્કેટમાંથી એક સાથે બધું લેતી આવીશ.’

‘તે તું તારા વગેરે વગેરેનું લિસ્ટ મને આપી દે. હું બધું લાવીને ઘર ભેગું કરી દેવા. તારે ઊંચકવાનું પણ મટે.’

(ચોવીસ કલાક ઘરમાં બેસી કંટાળ્યા લાગે છે ભાઈ. બજારમાં નીકળવાના લાગે છે. પોતાને મનગમતું ખાવાનું હો ઢગલો લઈ આવશે.)

‘તે તમને એમ છે કે હું બે હજાર રૂપિયામાં કટકી મારીશ? કે પછી બધા પૈસા સાડી કે ઘરેણાં લાવવામાં વાપરી નાખીશ?’

‘ના, ના. સાવ એવું પણ નથી.’ એમ કહી હીંચકે ઝૂલવા લાગ્યા.

‘ના, ના, સાવ એવું પણ નથી એટલે શું?’

‘એટલે કંઈ નહીં. સવાર સવારમાં માથું ના ખાતી.’

‘તો તમે સવાર સવારમાં શું કરો છો? જ્યારના રિટાયર્ડ થયા છો ત્યારના હીંચકે ઝૂલવાનું અને ઑર્ડર છોડવાના. ઘરમાં આમ કેમ છે? તેમ કેમ છે? રસોઈ કેમ નથી? ફલાણું ક્યાં ગયું? ફોન પર કોની સાથે વાત કરે છે? શોપિંગ શું કામ કરવા જાય છે? કેટલા રૂપિયા બગાડી આવ્યાં? રિક્ષાવાળાને કેટલા આપ્યા? બાપ રે બાપ! હું તો આખો દિવસ આરોપી બનીને કોર્ટના કઠેડામાં ઊભી હોઉં એવી મારી તો ખરાબ દશા થઈ ગઈ છે. બાજુવાળા રમેશભાઈને જોઈ લો. કેવા સાલસ, કેવા મહેનતુ અને પરોપકારી! પત્ની સાથે પણ કેટલા પ્રેમથી વાતો કરે. બંને સાથે જ જમવા બેસે. સાંજે વોક કરવા પણ સાથે જાય. શોપિંગમાં પણ જરાય માથું ના મારે. સીધા ખિસ્સામાંથી કાર્ડ જ આપી દે. જેટલું શોપિંગ કરવું હોય એટલું ધરાઈને મીરાબહેન શોપિંગ કરી શકે.’

(ભાઈ તો બધામાં જ માથું મારે. શાક, રેશનથી લઈ ઘરના ઝાડુ, પોતાનો સામાન હો જાતે લેવા જાય. વિશ્વાસ કરે એ બીજા!)

‘સાંભળો છો? આજે સાંજે મહેશ્વરી હોલમાં પાણીના ભાવે સેલ છે. સાડીથી લઈ જાતજાતની વસ્તુ પાણીના ભાવે. કાલે મહેમાન આવશે તો એમને પણ તો સાડી આપવી પડશે. તમારી ત્રણ કાકી અને ત્રણ દીકરી માટે છ સાડી અડધા ભાવે લઈ આવીશ. તમારે તો કેવી મોટી બચત થશે! એક કામ કરો. રોકડા દસ હજાર કરતાં તમારી તિજોરીમાં સાચવીને મૂકેલા જાતજાતનાં ડેબિટ, ક્રેડિટ કાર્ડ, સિલ્વર, ગોલ્ડન અને ઇન્ટરનેશનલ કાર્ડમાંથી કોઈપણ એક કાર્ડ આપશો તો ચાલી જશે. આમ પણ મારે બહેનપણીઓ સામે વટ પાડવાનો છે. દર વખતે બાજુવાળી મીરાં, રૈના, સુષ્મા, પન્ના જાતજાતનાં ક્રેડિટ કાર્ડ કાઢીને મને નીચું જોવડાવે છે. પેલી લુખ્ખી મીના - કે જેનો પતિ સાવ બેકાર છે- એ પણ ક્રેડિટ કાર્ડ લાવીને આંગળીમાં ગોળ ગોળ ફેરવીને મને પૂછે, ‘તું ક્રેડિટ કાર્ડ વાપરતી નથી? તું ગૂગલ પે કરતી નથી? તું જરા પણ અપડેટ કેમ નથી થતી?’ મને તો એટલું નીચા જોણું થાય છે કે.... મારા કરતાં તમારી ઇજ્જતનો મને વિચાર આવે છે. લોકો શું વિચારશે કે રમલીને એનો હસબન્ડ એક કાર્ડ સુધ્ધાં નથી આપતો?’

‘મારી ઇજ્જત ઉપરનું પ્રવચન પત્યું, રમીલાબહેન? તો હું કશું બોલું?’

‘તમે શું બોલવાના? બોલવા જેવું ક્યાં રાખ્યું જ છે? રેશન તમે લાવો, ફિનાઈલ, એસિડ, પોતાં, કાંસકો, પાવડર સુધ્ધાં તમે લાવવા દોડી જાવ અને બે રૂપિયાનો કાંસકો બસો રૂપિયામાં લાવો. ઠગાઈને આવો, પણ સતી સીતા જેવી પત્ની ઉપર વિશ્વાસ ન હોવાથી એક રૂપિયો સુધ્ધાં શોપિંગ કે કોથમીર લેવા ન આપો. તિજોરી ઉપર ફેણિયા નાગની જેમ બેઠા છો, પણ યાદ રાખજો. પેલું કયું મંદિર કે જેનાં દ્વાર ખૂલતાં નથી અને સરકારે પણ ખજાનાથી હાથ ધોઈ નાખ્યા છે? એ રીતે જ તમારી તિજોરી રામ જાણે કોણ સફાચટ કરી જશે! અને પેલા જાતજાતનાં કાર્ડ મને બતાવી બતાવીને, વારંવાર લલચાવીને પાછા તિજોરી ભેગાં કરો છો, તે ઠેરના ઠેર રહી જશે. એના કરતાં છૂટથી વાપરો અને બીજાને વાપરવા દો.’

‘રમીલાબહેન, તમે બોલી રહ્યાં હોય તો હવે હું બોલું?’

‘હા, હા, હવે તમે ઘરે બેઠા બેઠા નવું શીખ્યા છો. ગાંધીજી જેમ તેમનાં પત્નીને કસ્તુરબા કહેતા, તેમ તમે મને બા નહીં, તો બહેન લગાવીને... મને ‘ રમીલાબહેન’ કહીને એક અલગાવની દીવાલ ઊભી કરી રહ્યા છો. હવે રહી રહીને હું તમને અળખામણી ને લો કેટેગરીની લાગુ છું. એટલે તમે મને શોપિંગ માટે રોકડા રૂપિયા કે ક્રેડિટ કાર્ડ આપતા નથી. તમારાં સગાં હવે ભેટ લીધા વિના સુરતથી ધોયેલાં મોઢા જેવાં જશે અને ગામ આખામાં મારી જ બુરાઈ થશે. બધા વાંક તો વહુનો જ કાઢે ને? જાણી જોઈને બેંકિંગ પણ શીખવતા નથી, કાર્ડ આપતા નથી. આના કરતાં તમે રિટાયર્ડ જ ના થયા હોત, તો હું ભર બપોરે આરામથી રિક્ષા કરાવીને મન ફાવે તે બજારમાં ફરતી હોત અને પાણીના ભાવે વસ્તુ લાવીને પૈસાની બચત પણ કરી શકત. મારી બા તો ફોન ઉપર સલાહ આપે જ છે કે જમાઈને માથે ના ચડાવતી. બીજી કોઈ પાર્ટટાઇમ નોકરીએ લગાવી દે. કામને બહાને બહાર જશે તો બે પૈસા કમાશે અને તું શાંતિથી શોપિંગ કરી શકશે. આમ પણ જમાઈ ભારે કંજૂસ છે. સીધી આંગળીથી ના નીકળે તો ટેઢી આંગળીથી પણ લક્ષ્મી કઢાવતી રહેજે ને સોનું - ચાંદી ભેગું કરજે. સ્ત્રીનું આ છૂપું ધન ગમે ત્યારે કામ આવે છે. સમજી?’

‘હવે તમે બોલી રહ્યાં હો તો હું બોલું?’

‘જોયું... જોયું? નામ બોલવામાં પણ કંજૂસાઈ કરે છે આ માણસ! હવે આવા માણસનું મારે શું કરવું? કહો.’

ત્યાં પતિદેવ મોટું પોટલું લઈને ખોલતાં બોલ્યા, ‘કાલે રાતે ઊંઘ નહીં આવી, ત્યારે બોક્સ પલંગમાંથી આ પોટલાં કાઢ્યાં અને થોડાં માળિએથી પણ કાઢ્યાં. રમીલાબહેન, આમાં પ્રાઇઝ ટેગ સાથે પચ્ચીસ સાડીઓ છે. એનું શું પાણીના ભાવે સેલ કાઢવાનાં છો? બોલો, આની પ્રાઇઝ. હું ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કરવા તૈયાર છું અને મારી કાકીઓને આમાંથી કઈ સાડીઓ આપવાની છે તે બહાર કાઢી લો. બાકીનું સેલ આપણે ઓટલા ઉપર કાલથી ખૂલ્લું મુકીશું. વ્યાજ નહીં મળશે, પણ મુદ્દલ તો મળી જ જશે. ડાર્લિંગ, તારી પસંદગી ખરેખર સારી છે હોં! અને આ ખરીદીના પૈસા કઈ તિજોરીમાંથી તને મળ્યા હતા વહાલી?’ ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## જિંદગી માગે છે જાતની સ્વીકૃતિ

**મીની** એક એવી છોકરી, જે જિંદગીને પુરજોશથી જીવવા ટેવાયેલી. એની હાજરી માત્રથી ઓરડો જીવંત થઈ ઊઠે. એના શબ્દો એટલે જાણે આબેહૂબ આનંદના પ્રતીક. સ્વભાવે એ અત્યંત વાચાળ. એના વિચારો કોઈ જ ખચકાટ વગર પ્રદર્શિત થતા. અન્યાયની વાત આવે ત્યારે એ ઝાંસીની રાણી બની જતી અને અભાવની વાત નીકળે ત્યાં ભાવવિભોર. આવી મીની પોતાના મિત્રો અને પોતાના વ્હાલુડાઓની રક્ષા કાજે રાણકબાઈ બનીને ઊભી રહેતી અને અણગમતા લોક માટે આફત.



તેજ બુદ્ધિ, મજબૂત મનોબળ ને ખુશમિજાજ સ્વભાવે ભેગાં મળી મીનીના વ્યક્તિત્વનું સાવ અનોખું ઘડતર કરેલું. જોકે એનું જીવન પહેલેથી થોડા વિરોધાભાસોથી ભરેલું રહ્યું. ઘરમાં એકબાજું મસ્તીખોર મીની હતી તો બીજી તરફ મૂંગાદેવ સમાન બહેન રીંકુ મેદાન મારી જતી. સ્કૂલમાં મિજાજી મીની ચોતરફ છવાયેલી રહેતી ત્યારે વખાણ ખાટી જતી એની બેસ્ટ ફ્રેન્ડ બુલબુલ. જે એના નામ માફક ચહેકતા નહોતી શીખી. ઊલટું સાવ ચૂપ રહેતી. જાણે મોંમાં જીભ નથી. મીની એને ‘બોબડી બુલબુલ’ કહીને ચીડવતી, પણ થયું એવું કે, ઉંમર વધી એમ આ મૂંગી રીંકુ ને બોબડી બુલબુલ લોકોનું ધ્યાન ખેંચવા લાગ્યાં. આમ પણ ટીનએજમાં ઠરેલાં અને ઠાવકાં હોવાનો બહુ ફાયદો મળતો હોય છે , જે આ બંનેને પણ મળ્યો. ઓછું બોલવાના ગેરફાયદા કરતાં ફાયદા અનેક હતા. જ્યારે મીનીને બોલવામાં કોઈ બંધન ના નડે. એની જીભ તો જાય ભાગી એટલે એક તબક્કે બોલબોલ કરીને માથું પકવતી મીની બધાંને કઠવાં લાગવા માંડી.

ધીમે-ધીમે એના પર કમેન્ટ્સનો મારો ચાલુ થયો :

‘યાર, તું આટલું બધું બોલીને થાકતી નથી? તે લપલપિયા કાચબાની વાર્તા સાંભળી છે? તું આટલું બધું કેમનું બોલી શકે છે.’ આ મતલબનાં વાક્યો મીનીના કાને રોજેરોજ અફળાવા લાગ્યાં.

શરૂઆતમાં મીનીએ ગણકાર્યું નહીં. હસીને વાત ઉડાવી દીધી, પણ એક દિવસ લાઈબ્રેરીમાં બે છોકરી વચ્ચેની ખુસરપુસર એના કાનને વીંધતી ચાલી :

‘આ જો બકબક બસંતી. માય ગોડ, કેટલું બોલે છે. એ નજીક આવે તો ડર લાગે કે હવે આપણને ભણવા દેશે કે નહી.’

આ વાક્ય મીનીના હૃદયમાં સોંસરવું ઊતરી ગયું. જીવનમાં પહેલીવાર એને જાત માટે અણગમાનો અહેસાસ થયો. પોતાના પર ઘૃણાનો ભાવ ઊભરાયો. ‘હું કેમ બોલ્યા વગર નથી રહી શકતી... બધા મને હંમેશાં કેમ ટોક્યા રાખે છે..?. શું બોલવાની આવી બધી સજાઓ મળતી હશે.’ બસ, એ દિવસથી હરહંમેશ હસતી-રમતી રહેતી મીની ચૂપ થઈ ગઈ. એ જાતને સહુથી અલગ મહેસૂસ કરવા લાગી. એનો આત્મવિશ્વાસ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો. દરરોજ રાત્રે એ વિચારતી : ‘શું ખોટું છે મારામાં... હું કેમ ચૂપ ના રહી શકું?’

અંતે એ હતાશાની સોડમાં એવી તો સંતાઈ કે હાસ્ય એનાથી જોજનો દૂર વહી નીકળ્યું. શબ્દો સંગાથ છોડી ગયા ને આત્મવિશ્વાસનો કચ્ચરઘાણ વળી ગયો. ધીમે ધીમે એને ઘરમાં રીંકુ ને સ્કૂલમાં બુલબુલ સાથે સરખામણીનો અનુભવ થવા લાગ્યો.

પોતાના શબ્દો પર એને અણગમો ઊભરાતો. રીંકુ જે શાંત, સાધારણ કોઈ સંઘર્ષ વગર જીવન જીવી રહી હતી અને બુલબુલ બોલ્યા વગર બોલ્ડ દેખાતી એનાથી મીનીને ઈર્ષ્યા થવા લાગી. એણે જાતને અળગી કરી લીધી. પોતાની જીવંતતા ગુમાવી દીધી અને તોય લોકો કંઈ એમ એના પર ઓળઘોળ ના થયા. પરિણામ એ આવ્યું કે, પહેલા મીની માઉસ જેવી ગોળમટોળ દેખાતી મીની છછૂંદર જેવી થઈ ગઈ.

આ તો ભલું કરજો કે, દિવાળીની રજાઓ આવી ને ઘરમાં અદિતની એન્ટ્રી પડી. અદિત એટલે મીનીનો સૌથી વહાલો ભાઈ- એના મામાનો દીકરો. મીની માટે જેને સગ્ગી બહેનથી પણ વિશેષ સ્નેહ હતો એવા અદિતે પગ મુકતાંવેંત હરખ-શોક બંનેનો અનુભવ એકસાથે કર્યો. મીનીને મળવાના ઉત્સાહ સાથે આવેલા અદિતને મીનીને જોઈ આંચકો લાગ્યો. એ રાત્રે અગાશીની પાળી પર બેસેલા ભાઈ-બહેને દિલ ખોલીને વાત કરી. મીનીએ મહિનાઓ પછી પોતાની ચિંતા, તુલના, ઈર્ષ્યા, બંધન બધું જ છુટ્ટું મુક્યું. અદિત તો મીનીના ન્યુ નોર્મલ વર્ઝનને જોઈ અવાચક રહી ગયો. ઘડીક હબક ખાધા બાદ એણે ગળું ખંખેર્યું પછી બોલ્યો, ‘‘મીની, શાંત રહેવાનો મતલબ એ નથી કે, તું જે છે એ બદલી નાખે. જ્યાં જરૂર લાગે ત્યાં તારે ચોક્કસ બોલવાનું છે. અમુક સમયે ચૂપ રહેવું એ તો કાયરતાની નિશાની કહેવાય અને કોઈ બીજા માટે તારા સ્વભાવને બદલવાની પણ જરૂર નથી. હા, માત્ર જ્યાં એનો અતિરેક થઈ રહ્યો છે ત્યાં અટકતા શીખ. પછી જો બધું જ સરખું થઈ જશે. મને મારી ઓરિજનલ મીની પાછી જોઈએ છે. મીની માઉસ જેવ સમજી!’’

મીની હસી પડી. વેકેશન ખૂલતાં મીનીએ પોતાના ડરનો સામનો કરવાનો નિર્ણય લઇ લીધો. એ સ્કૂલમાં ગઈ, માથું ઊંચકીને જાતની અંદર આત્મવિશ્વાસને ફરી બેઠો કર્યો. પહેલા થોડું અજીબ લાગ્યું, પણ જેમ-જેમ સમય પસાર થયો એમ એણે જોયું કે, પોતે બોલે કે ચૂપ રહે. એનાથી લોકોને બહુ ખાસ કોઈ ફર્ક પડતો નહોતો. બસ, એ દિવસે રિસેસમાં પેલી ખોવાયેલી મીની એને ફરી જડી. જે હસી-મજાક કરતી, ખુલ્લા દિલે બોલતી, લોકોને સલાહ આપતી અને વિચારોને નચિંત રીતે પ્રદર્શિત કરતી. મીનીના જાણે જીવમાં જીવ આવ્યો. એણે શીખી લીધેલું કે જીવન જાતને સાબિત કરવા માટે નથી હોતું. જિંદગી તો ખુદ જાતની સ્વીકૃતિ માગે છે. ■

ફેશન

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# લગ્ન સીઝન માટે રેડી છો?

નમસ્કાર સખી સહેલીઓ સ્વાગત છે તમારું ફેશન વર્લ્ડમાં જ્યાં તમને મળશે નવા ટ્રેન્ડની માહિતી, કયાં કપડાં ક્યારે પહેરવા જોઈએ અને કેવી રીતે લગ્ન ગાળો ચાલે જ છે અને તમને બધાને સૌથી મોટો મૂંઝવતો પ્રશ્ન એટલે કે શું પહેરશું? મોટાભાગની મહિલાઓને કપડાં રિપીટ કરવા ગમતા નથી. તે ઉપરાંત કૈક નવું પણ પહેરવું હોય છે અને તેની સાથે ,મગજમાં એ પણ વિચાર ચાલતો હોય છે કે, એવું કૈક બનાવીયે કે જે પછી ક્યારેક પણ મિક્સ એન્ડ મેચ કરી પહેરી શકાય. આની માટે બેસ્ટ ઓપશન છે હેવી ફેબ્રિકનો ઘાઘરો અને પ્લેન ટોપ. હેવી ફેબ્રિક એટલે, જામેવાર કે બનારસી ફેબ્રિકનો ઘાઘરો અને તેની સાથે પ્લેન ફેબ્રિક એટલે કે, સિલ્ક ફેબ્રિકનો પ્લેન કુર્તો. આ કોમ્બિનેશન સાથે દુપટ્ટો ફેરવો કે નહીં એ તમારી પર્સનલ ચોઈસ પર આધાર રાખે છે. કરીનાએ રોયલ બ્લ્યૂ અને ગ્રે કોમ્બિનેશનમાં બનારસી ઘાઘરો પહેર્યો છે અને તેની સાથે પ્લેન બ્લુ કલરમાં સિલ્કનું પ્લેન ટોપ પહેર્યું છે.બનારસી ફેબ્રિકમાં ઘાઘરો હોવાથી તેમાં કઈ પણ વર્ક કરવાની જરૂર નથી હોતી. બનારસી ફેબ્રિક પોતામાં જ એટલું રીચ છે કે તેમાં બીજું કઈ વર્ક કરવાની જરૂર હોતી નથી અને પહેરવા પછી હેવી લાગે છે. આ ઘાઘરા સાથ તેને રોયલ બ્લુ કલરનો પ્લેન કુર્તો પહેર્યો છે કે જેની લેન્થ કાફ સુધી છે.

કરીના જે ઘાઘરો પહેર્યો છે તેનો બેઝ રોયલ બ્લુ કલરનો છે અને તેની પર ડલ ગોલ્ડનું વીવિંગ કરેલુ છે. પ્લેન બ્લુ કુર્તામાં કલોઝ નેક રાખ્યું છે અને એલ્બો સ્લીવ્ઝ રાખી છે. આ લુક સાથે તેણે રોયલ બ્લુ કલરનો જ ફ્લોઈ દુપટ્ટો પહેર્યો છે. જેમાં સ્કોલોપ્સ શેપમાં ડલ ગોલ્ડ કલરનું વર્ક કરવામાં આવ્યું છે. દુપટ્ટાંના હિસાબે ઓવર ઓલ લુક ગ્રેસફુલ લાગે છે. હેરસ્ટાઇલમાં તેણે સેન્ટર પાર્ટીશન લઇ લો બન રાખ્યો છે. અને કાનમાં મોટા ઇઅર રિંગ પહેરી તેના લુકને હાઈલાઈટ કર્યો છે. આ રીતે સિમ્પલ રહીને પણ ટ્રેન્ડી લાગી શકાય.; બીજો લુક છે ,આ એકદમ સેફ કોમ્બિનેશન છે કોઈ પણ ઉંમરની યુવતી કે મહિલાને સારું જ લાગે. મરૂન જામેવાર ઘાઘરા સાથે પ્લેન મરૂન કુર્તા. મારું બેઝ પર ગોલ્ડ કલરનું વીવિંગ છે. મરૂન સાથે ગોલ્ડ એ એક ટ્રેડિશનલ લુક આપે. આ એક કલાસિક કોમ્બિનેશન છે જે ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતું નથી. જ્યારે કઈ સૂઝે નહિ કે કયું કોન્બિનેશન પહેરવું છે ત્યારે તમે મરૂન અને ગોલ્ડ કોમ્બિનેશનનું સિલેક્શન કરી શકો. આ ફોટામાં મરૂન કલરનો જામેવારનો ઘાઘરો છે અને તેની સાથે પ્લેન મારું કુર્તો પહેર્યો છે. કુર્તાની નેકલાઈન યુ શેપની છે. જ્યારે ઓપન નેકલાઇન હોય ત્યારે તમે કોઈ નેક પીસ પહેરી શકો. નેક પીસની પસંદ તમારા બોડી ટાઈપ અનુસાર કરવી. આ લુક સાથે મરૂન કલરનો જ ફલોઈ દુપટ્ટો છે જેમાં ચારેય કોર્નરમાં ગોલ્ડ કલરની સ્કોલોપ્સ લેસ નાખવામાં આવી છે. કુર્તાની લેન્થ એ રીતે રાખવામાં આવી છે કે, ઘાઘરાની ડિઝાઇન દેખાય. જેટલી સિમ્પલ પેટર્ન હશે તેટલું જ એલિગન્ટ લાગશે. અને હેરસ્ટાઇલમાં જો વાળ બાંધેલા હશે તો તમારો મેકઅપ અને જ્વેલરી હાઈલાઈટ થશે. આ લુક કોઈ પણ વયની મહિલા પહેરી શકે. જેટલું બ્રાઇટ કલર કોન્બિનેશન હશે તેટલી તમારી બોડી ફ્રેમ ટ્રિમ થશે. કુર્તાની લેન્થ તમારી હાઈટ અને બોડી ટાઈપ પ્રમાણે રાખી શકાય. જો આ બન્ને કોમ્બિનેશનનું કમ્પેરિઝન કરીયે તો , રોયલ બ્લુ કોમ્બિનેશન એ યન્ગ યુવતી માટે છે જ્યારે મરૂન કલર કોમ્બિનેશન થોડો મેચ્યોર લુક આપે છે. બીજી ખાસ વાત ધ્યાન રાખવા જેવી એ છે કે, જ્યારે પણ બનારસી કે જામેવારનો પહેરવો હોય અને તમે તમારી ચોઈસ મુજબ કસ્ટમાઈઝડ કરવાના હોવ ત્યારે ખાસ એ ધ્યાન રાખવું કે, જામેવાર અને બનારસી ફેબ્રિક થોડું થીક હોય છે. તેથી ઘાઘરો કળી વાળો કરાવવો અને તમારી કમરના સાઈઝ મુજબ જ કરાવવો. ચુનવાળો ઘાઘરો કરાવવો નહિ, તેનાથી કમરનો ભાગ વધારે લાગશે. તેથી જો તમારું શરીર ભરેલું હશે તો વધારે જાડા લાગશો. હેવી ફેબ્રિકના ઘાઘરા બનાવતી વખતે બીજી વાત એ ધ્યાનમાં રાખવી કે ઘાઘરામાં ફ્યુસિન્ગ નાખવું અને ઘાઘરામાં નીચે ૧૦ થી ૧૫ ઇંચમાં કેન કેન નાખવું. જેથી જ્યારે તમે ઘાઘરો પહેરો ત્યારે થોડો શરીરથી અળગો રહે. અને તેનો ઓવરઓલ લુક સારો આવે છે. જામેવાર અને બનારસી ફેબ્રિકનું ટેક્ચર એટલું રીચ છે કે તેમાં કોઈ કામ કરાવવવાની જરૂર પડતી નથી અને સિમ્પલ ઘાઘરો પહેરવાથી પણ રીચ લુક આવે. ■



વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# પ્રથમ મહિલા કુલપતિ એવાં આ ગુજરાતણને ઓળખો છો?



હંસા મહેતા

જેઓ એમ કહે છે કે ગુજરાતીઓને તો માત્ર રૂપિયા કમાતા જ આવડે છે અને ગુજરાતણો માત્ર ગરબા રમતા જ શીખી છે, તેમણે ગુજરાતની અને દેશની એક લાડકીનું જીવન જાણ્યું નહીં હોય. આપણે વાત કરવી છે આજથી સવાસો વર્ષ પહેલાં જન્મેલી એક ગુજરાતણની. તેના પિતા મનુભાઈ ત્યારની બરોડા કોલેજ (આજે મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી)માં ફિલસૂફીના પ્રોફેસર અને પછી વડોદરા રાજ્યના દીવાન હતા. તેમના દાદા ગુજરાતી સાહિત્યનું ગૌરવવંતુ નામ, જેમણે ગુજરાતને સૌપ્રથમ નવલકથા 'કરણ ઘેલો' આપી, શ્રી નંદશંકર મહેતા. અને એ લાડકીનું નામ પણ એટલું જ જાણીતું છે, હંસા મહેતા.

દેશમાં જ્યારે સ્ત્રી શિક્ષણનો આંકડો માત્ર ૨ ટકા જેટલો હતો, તેવા કાળમાં ૧૯૧૮માં તેઓ પિતાના પગલે ચાલીને ફિલસૂફી વિષય સાથે સ્નાતક થયા. ત્યારબાદ તેઓ પત્રકારત્વ અને સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવા લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ ગયાં.

આ ઘટનાએ તેમના જીવનમાં નવો વળાંક લીધો. લંડનમાં તેમની મુલાકાત સરોજિની નાયડુ સાથે થઇ. નાયડુ હંસા બહેનના માર્ગદર્શક બન્યા અને તેમને જીનિવામાં ૧૯૨૦ના આંતરરાષ્ટ્રીય મહિલા મતાધિકાર જોડાણ પરિષદમાં લઇ ગયા. ત્યાં તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓને સહન કરવા પડતા અન્યાયો અને અસમાનતાની જાણ થઇ. ગુલામ ભારતને આઝાદી અપાવવા લડત ચલાવતા લોકોમાં મહિલાઓની પણ ભાગીદારી હોવી જોઈએ, તેવી સરોજિની નાયડુની વિચારધારાથી હંસાબહેન પ્રભાવિત થયાં. ૧૯૨૨માં તેઓ જેલમાં બંધ મહાત્મા ગાંધીને મળ્યાં. ત્યાંથી તેમની આઝાદીમાં લડતમાં ભાગીદારી શરુ થઇ. ૧૯૨૩માં, હંસાબહેન ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓની મુલાકાત લેવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ આવ્યા જ્યાં તેમણે અમેરિકામાં મહિલા શિક્ષણ વિશે ઊંડી જાણકારી મેળવી.

આ બધી ઘટમાળા વચ્ચે તેમણે ડૉ. જીવરાજ મહેતા સાથે લગ્ન કર્યાં. ડૉ. જીવરાજ મહેતા પણ પ્રખર રાષ્ટ્રવાદી અને ગાંધીવાદી હતા. ગમે તેટલી ભણેલી અને સક્ષમ મહિલાને સમાજ સામે લડવાનો વારો આવે જ છે, તે ફરીવાર સાબિત થયું. નાગર બ્રાહ્મણની દીકરીએ વાણિયાના દીકરા સાથે લગ્ન કર્યાં એટલે હંસાબહેનનો જ્ઞાતિ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો. તેમના પતિ ડૉ. જીવરાજ મહેતા આગળ જઈને ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા!

૧૯૩૦માં ગાંધીજીએ મહિલાઓને આઝાદીની લડત માટે આગળ આવવા હાકલ કરી. હંસા મહેતાએ વિદેશી કપડાં અને દારૂ વેચતી દુકાનો સામે ધરણાંનું આયોજન કર્યું અને ગાંધીજીની સલાહ અનુસાર સ્વતંત્રતા ચળવળની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. આ માટે તેમને ત્રણ વખત જેલની સજા ફટકારવામાં આવી. તેમણે દેશ સેવિકા દળની સ્થાપના કરી.

૧૯૩૭માં બોમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ચૂંટાયેલાં તેઓ પ્રથમ મહિલા હતાં અને શિક્ષણ અને આરોગ્ય મંત્રીના સંસદીય સચિવ તરીકે પણ નિયુક્ત થયાં હતાં. સંસદીય સચિવ તરીકે, તેમણે વ્યાવસાયિક, વાણિજ્યિક અને તકનીકી શિક્ષણ માટે શાળાઓની સ્થાપના કરી. તેમણે ૧૯૩૧-૪૬ સુધી બોમ્બે યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ સેવા આપી.

હંસાબહેનનું રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે અદ્ભુત યોગદાન રહ્યું. ભારતીય બંધારણનો મુસદ્દો તૈયાર કરનાર બંધારણ સભાનો ભાગ રહેલી ૧૫ મહિલાઓમાં તેઓ પણ સામેલ હતાં. તેમણે એવી નાગરિક સંહિતા માટે લોબિંગ કર્યું જે લિંગ સમાનતા તરફ દોરી જાય, જેનો હેતુ આખરે ધર્મ આધારિત કાયદાઓને રદ કરવાનો હતો. તેઓ મૂળભૂત અધિકારો પર સલાહકાર સમિતિ અને પેટા સમિતિના સભ્ય પણ હતાં. આ બંધારણ સભામાં તેમણે ભારતમાં મહિલાઓ માટે સમાનતા અને ન્યાયની પ્રખર હિમાયત કરી.

હંસાબહેન ૧૯૨૬માં બોમ્બે સ્કૂલ્સ કમિટીમાં ચૂંટાયાં અને ૧૯૪૫-૪૬માં ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સની સ્થાપના કરી,અને પછીથી પ્રમુખ બન્યાં. તેમણે મહિલા અધિકારોના ચાર્ટરનો પ્રસ્તાવ મૂક્યો, જ્યાં તેમણે ભારતીય સ્વતંત્રતાના સંઘર્ષને મહિલા અધિકારો માટેના સંઘર્ષ સાથે જોડ્યો. તેમણે એ પ્રતિજ્ઞાનો સમાવેશ કર્યો કે શિક્ષણ, મતાધિકાર, પગાર અને મિલકત જેવાં ક્ષેત્રોમાં મહિલાઓને સમાન અધિકારો છે. તેમણે ખાસ ક્વોટાને પણ નકારી કાઢ્યા, તેના બદલે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સમાન ક્ષેત્રની હિમાયત કરી. ૧૯૪૬માં, આ પેનલ આખરે મહિલાઓની સ્થિતિ પર યુ.એન. કમિશન બન્યું.

૧૯૪૭-૫૨ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચમાં ભારતના પ્રતિનિધિ તરીકે તેઓ કાર્યરત રહ્યાં. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવાધિકાર માટેના આંતરરાષ્ટ્રીય અધિકાર બિલ સામે વિરોધ કર્યો. તેની કલમ ૧ ની શરૂઆત એ હતી કે ''બધા માણસો (પુરુષો) સ્વતંત્ર જન્મે છે અને ગૌરવ અને અધિકારોમાં સમાન છે.'' તેમનો વિરોધ હતો કે સમાનતાની વાત કરતી વખતે આ શબ્દો યોગ્ય નથી કેમકે અંગ્રેજી મેન શબ્દમાં વુમનનું સ્થાન ક્યાં? તેમના પ્રયત્નોના કારણે આ શબ્દો બદલીને ''બધા મનુષ્યો'' કરવામાં આવ્યું.

૧૯૪૬ થી ૧૯૪૮ સુધી, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા યુનિવર્સિટીના કુલપતિ તરીકે અને ૧૯૪૯થી ૧૯૫૮ સુધી બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિ તરીકે તેમણે સેવા આપી. તેઓ માત્ર ભારતના જ નહીં, પણ વિશ્વમાં શૈક્ષણિક સંસ્થાના કુલપતિ પદે બિરાજનાર પ્રથમ મહિલા હતા.

૧૯૪૯-૫૮ ની વચ્ચે, તેમણે એમએસને એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી બનાવી જે તે સમય સુધી ફક્ત એક પોલિટેકનિક, એક સંગીત શાળા અને એક સંસ્કૃત પાઠશાળા હતી. તેમણે સામાજિક કાર્ય અને ગૃહ વિજ્ઞાન ફેકલ્ટી અને સૌથી મહત્ત્વનું, ફાઇન આર્ટ્સ ફેકલ્ટીની સ્થાપના કરી જે આજે ભારતની શ્રેષ્ઠ ફેકલ્ટીઓમાંની એક છે. ૧૯૬૪માં, રાષ્ટ્રીય મહિલા શિક્ષણ પરિષદની સમિતિના અધ્યક્ષ તરીકે, તેમણે છોકરાઓ અને છોકરીઓ માટે અલગ અલગ અભ્યાસક્રમના દૃષ્ટિકોણને પડકાર્યો અને દલીલ કરી કે ''સ્ત્રી યોગ્યતા'' જેવી કોઈ વસ્તુ નથી.

બહુ ઓછા લોકો જાણે છે કે, સંયુક્ત રાષ્ટ્રસંઘ તેમના નામે એક ચર્ચા શ્રેણીનું આયોજન કરે છે, જેનું નામ છે ડૉ. હંસા મહેતા સંવાદ. એક ગુજરાતી તરીકે આપણા માટે આ ગર્વ લેવા જેવી વાત છે. લંડનની નેશનલ પોર્ટ્રેટ ગેલેરીમાં હંસા મહેતાનું બે પુરુષો (તેમના પિતા અને પતિ) સાથેનું એક અસામાન્ય સ્ટુડિયો પોર્ટ્રેટ છે. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चव | ભીનું |
| चंग | સમૃદ્ધિ |
| चिंब | કમરપટ્ટો |
| चिर | સ્વાદ |
| चंगळ | દીર્ઘકાળ |

## જાણવા જેવું

ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં શુમારે ૨૯.૫ દિવસ લાગે છે. પૃથ્વીની આસપાસ ચંદ્ર જેટલા કાળમાં ફરે છે તેટલા કાળમાં તે ચંદ્ર પોતાની ધરીની આસપાસ એક પ્રદક્ષિણા કરે છે. આને લીધે ચંદ્રનો ફક્ત અર્ધો ભાગ આપણને નિત્ય દેખાય છે, બાકી રહેલો અર્ધો ભાગ બિલકુલ દેખાતો નથી.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ મહિલાની સાસુના સાસુના એકમાત્ર દીકરાના સગા સાળાના પિતાશ્રીની દીકરી એ મહિલાને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ  બ) બહેન
ક) ભાભી  ડ) માસી

## નોંધી રાખો

બોલતા શબ્દો સારા મિત્રો બનાવવાની તાકાત ધરાવે છે તો દાના દુશ્મન પણ ઊભા કરી શકે છે. માટે બોલવામાં હંમેશા ધ્યાન રાખવું.

## શબ્દ લાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | ■ | | ■ | |
| ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | | | ■ | |
| ૧૩ | ■ | | ■ | ૧૪ | | ■ | ■ | ૧૫ | |
| ૧૬ | | | ૧૭ | ■ | ■ | ૧૮ | ૧૯ | ■ | ■ |
| ■ | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | ૨૫ | ■ | | ■ | |
| | ■ | ૨૬ | | | | ■ | ૨૭ | ૨૮ | ■ |
| | ■ | | ■ | ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | ૩૨ |
| ૩૩ | | | | | ■ | ૩૪ | | | |

### આડી ચાવી

૧. અગત્ય, આવશ્યકતા (૪)
૪. વાર્ષિક અને ખર્ચનો આશરે હિસાબ દેખાડતું કાગળિયું (૫)
૭. વાંદરો (૨)
૮. કૂહાડી (૩)
૧૦. --- ભગાડે રોગ (૨)
૧૨.સરખાપણું (૪)
૧૪.દિવસ (૨)
૧૫.જે અમર છે (૨)
૧૬.નવું (૪)
૧૮.--- નો ઘડો ફૂટયા વગર ન રહે (૨)
૨૦.રૂઢિ, પ્રથા (૨)
૨૧.સ્રષ્ટા, રચયિતા (૪)
૨૩.ફોગટ, અવાસ્તવિક (૨)
૨૪.પ્રયોજન, કારણ (૨)
૨૬.કામકાજમાં લીન અથવા મગ્ન (૪)
૨૭.દાનવીર, દાતર (૨)
૨૯.દીકરી (૩)
૩૧.સુંદર સ્ત્રી (૨)
૩૩.સદાચારનો નાશ કરે તેવું --- (૫)
૩૪.દિવાળી (૪)


### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વૈ | જ્ઞા | ૨ નિ | ૩ ક | ■ | ■ | ૪ ઝ | ૫ વે | રા | ૬ ત |
| દે | ■ | ૭ મ | રો | ■ | ૮ વ | ળાં | ક | ■ | હો |
| ૯ હી | ર | ક | ■ | ૧૦ પા | ■ | ૧૧ ઝ | રો | ■ | મ |
| ■ | ■ | ૧૨ ખા | ૧૩ ર | વો | ■ | ળાં | ■ | ૧૪ સં | ત |
| ૧૫ સ | ૧૬ મ | ર | થ | ■ | ૧૭ શ્રી | ■ | ■ | તા | ■ |
| ■ | ર | ■ | ■ | ૧૮ ગૌ | ■ | ૧૯ ધ | ૨૦ ન | પ | તિ |
| ૨૧ અ | મી | ■ | ૨૨ પ | ■ | ૨૩ ઘ | રા | ક | ■ | ■ |
| ક | ■ | ૨૪ મા | ર | ■ | ડી | ■ | ૨૫ વે | પા | ૨૬ ર |
| લં | ■ | ૨૭ ર | બા | રી | ■ | ૨૮ વા | સ | ■ | વૈ |
| ૨૯ ક | હ્યા | ગ | રું | ■ | ■ | ૩૦ ચ | ર | વૈ | યો |

### ઊભી ચાવી

૧. જીદ, દુરાગ્રહ (૨)
૨. ભારતનું ચલણી નાણું (૩)
૩. તપસ્યા (૨)
૪. સૂર્ય (૪)
૫. --- જનાર્દન (૩)
૬. તેરશ (૪)
૯. પાકનો હિસ્સો (૩)
૧૧.ગાય (૪)
૧૩.કૂતરો (૨)
૧૭.મગ્ન, લીન (૨)
૧૮.પવિત્ર (૨)
૧૯.પ્રપિતામહ (૪)
૨૨.માર્ગ, રાહ (૨)
૨૩.ઉજાણી (૪)
૨૪.વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૨૫.જાળવણી (૩)
૨૬.ઈચ્છા, અભિલાષા (૩)
૨૮.શાંત (૩)
૩૦.ટીપ, વિગતવાર નોંધ (૨)
૩૨.ફૂલઝાડ ઉછેરનાર (૨)

## ઓળખાણ પડી?



જાપાનીઝ સંસ્કૃતિના ખ્યાતિપ્રાપ્ત કલાકારોની નકલ કરી દેશવાસીઓ અને વિદેશમાં પણ લોકપ્રિયતા મેળવનારી કલાકારની ઓળખાણ પડી?

અ) Yuki Himura બ) Atsuko Okatsuka ક) Naomi Watanabe ડ) Kenshi Yonezu

## સુડોકુ-૯૧૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૫ | | | | | |
| ૬ | | | ૨ | | | | ૫ | |
| | | | ૪ | | | ૩ | ૨ | |
| ૧ | | | | | | | ૯ | ૭ |
| ૩ | | ૪ | | | | ૬ | | ૨ |
| ૭ | ૮ | | | | | | | ૫ |
| | ૫ | ૨ | | | ૯ | | | |
| | ૬ | | | | ૪ | | | ૧ |
| | | | | | ૨ | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૪ | ૨ | ૮ | ૧ | ૫ | ૯ | ૭ |
| ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૪ | ૨ |
| ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૬ | ૫ | ૯ | ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ | ૬ | ૫ | ૪ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૨ | ૮ | ૪ | ૩ | ૬ |
| ૪ | ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૯ | ૨ | ૬ | ૩ | ૧ | ૪ | ૭ | ૮ | ૫ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| घोंगावणे | ગુંજવું |
| घोटविणे | ઘૂંટવું |
| घोटाळणे | ગૂંચવાવું |
| घोडचूक | મોટી ભૂલ |
| घोडसाळ | તબેલો |

**ગુજરાત મોરી મોરી રે:**
મમ્મી

**ઓળખાણ પડી?**
બિદ્યાદેવી ભંડારી

**માઈન્ડ ગેમ :**
તમિલનાડુ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
કડ

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

આપેલા વાક્યમાં એક ઘટાદાર વૃક્ષ સંતાયું છે એ શોધી કાઢો જોઉં.

અંદરની હવડ હવા બહાર નીકળી ગઈ.

## માઈન્ડ ગેમ

વિવિધ રાજ્યોના પહેરવેશની ખાસિયત હોય છે. વીંટીને પહેરવાનો સ્કર્ટ જેવો ફનેક પોશાક કયા રાજ્યની વિશિષ્ટતા છે એ જણાવો.

અ) આસામ  બ) મણિપુર  ક) ઓડિશા  ડ) હરિયાણા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્લ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જયવંત પદમશી ચિખલ (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિજય આસર (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ ભાબુભાઈ મિસ્ત્રી (૪૧) દીપિકા દોશી (૪૨) પ્રજ્ઞા પુરોહિત (૪૩) પ્રમોદ પુરોહિત (૪૪) હિના દલાલ (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) નયના ગિરીશ મિસ્ત્રી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ધીરેન્દ્ર મુલરાજ (૫૨) ભામિની સંપટ (૫૩) ગીતા ઉદેશી

# વર્ષ ૨૦૨૬ એટલે ખેલનો ખજાનોઃ ક્રિકેટના ત્રણ વિશ્વ કપ અને ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ

નવી દિલ્હીઃ ભારત અને ભારતીય સ્પોર્ટ્સપર્સન્સ માટે ૨૦૨૫નું વર્ષ કેટલીક નિરાશાઓને બાદ કરતા એકંદરે રોમાંચક અને ગૌરવશાળી બન્યું અને હવે ૨૦૨૬ની નવી સાલ ભારતીય ખેલકૂદ માટે સિરીઝો અને સ્પર્ધાઓનો ખજાનો લઈને આવી ગઈ છે. ક્રિકેટ સહિત ઘણી રમતોમાં ભારતીયોને વિશ્વ ખિતાબ જીતવાની તક મળશે. ૨૦૨૮માં લૉસ ઍન્જલસમાં ઑલિમ્પિક ગેમ્સ યોજાવાની છે અને એ માટેના ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ટૅલન્ટ અને ક્ષમતા બતાવવાની ભારતીય ખેલવીરો અને વીરાંગનાઓને તક મળશે. ભારતના જૂના-ખેલાડીઓ તથા ઍથ્લીટો મેડલના મંચ પર પહોંચવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે આપણે અહીં ૨૦૨૬ના નવા વર્ષમાં ચંદ્રકો અને ટ્રૉફી જીતવા શેમાં તક મળવાની છે એના પર નજર કરીએ.




૨૦૨૬ના પહેલા ત્રૈમાસિક ગાળામાં તો ક્રિકેટના સ્ટેડિયમો જ ગૂંજતા રહેશે. આ સમયગાળાની શરૂઆત ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝથી થશે, જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા હજારો પ્રેક્ષકોને સ્ટેડિયમ તરફ આકર્ષશે અને કરોડો દર્શકો ટીવી સામે ગોઠવાયેલા રહેશે. યાદ રહે, ૨૦૨૬ના વર્ષમાં આઇપીએલ ઉપરાંત ક્રિકેટના ત્રણ-ત્રણ વર્લ્ડ કપ રમાવાના છે અને આવું જવલ્લે જ બનતું હોય છે એટલે ૨૦૨૬નું વર્ષ મોટા ભાગે ક્રિકેટમય બની રહેશે એમાં બેમત નથી.

## જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ

(૧) ૧૧મી જાન્યુઆરીએ ભારત-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ત્રણ મૅચની વન-ડે સિરીઝ શરૂ થશે અને ત્યાર પછી પાંચ મૅચની ટી-૨૦ શ્રેણી પણ રમાશે.

(૨) ૧૫મી જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી સુધી ઝિમ્બાબ્વે અને નામિબિયામાં અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપ રમાશે.

(૩) અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલના બીજા જ દિવસે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે. ભારત અને શ્રીલંકામાં આ વિશ્વ કપ ૭ ફેબ્રુઆરીથી ૮ માર્ચ સુધી ચાલશે.

(૪) ૧૨ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી ટેનિસની ઑસ્ટ્રેલિયન ઓપન રમાશે.

(૫) ૧ માર્ચથી એએફસી વિમેન્સ એશિયન કપ ફૂટબૉલ સ્પર્ધા રમાશે.

(૬) ૩જી માર્ચે બૅડમિન્ટનની ઑલ ઇંગ્લૅન્ડ ચૅમ્પિયનશિપ શરૂ થશે.

## એપ્રિલ-મે-જૂન

(૧) ચેસની ધ કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ સાયપ્રસમાં રમાવાની છે અને આ સ્પર્ધા માર્ચના અંતમાં શરૂ થઈ હશે અને એપ્રિલમાં પૂરી થશે. એમાં આર. પ્રજ્ઞાનાનંદ, આર. વૈશાલી, કૉનેરુ હમ્પી, દિવ્યા દેશમુખ સહિત ભારતના ટોચના ખેલાડીઓ ટૅલન્ટ બતાવશે. આ ટૂર્નામેન્ટમાં વિજેતા બનનાર ખેલાડી પછીથી વર્લ્ડ ચૅમ્પિયનશિપના તાજ માટે વર્તમાન વિશ્વ વિજેતા ડી. ગુકેશને પડકારશે.

(૨) મોંગોલિયામાં બૉક્સિંગની એશિયન ચૅમ્પિયનશિપ પણ વિશ્વભરનું ધ્યાન ખેંચશે. માર્ચના અંતે શરૂ થયેલી આ સ્પર્ધા ૧૧મી એપ્રિલે પૂરી થશે.

(૩) ૧ એપ્રિલે અમદાવાદમાં વેઇટલિફ્ટિંગની એશિયન ચૅમ્પિયનશિપ શરૂ થશે.

(૪) અમદાવાદમાં ૨૪મી એપ્રિલે બૅડમિન્ટનના થૉમસ અને ઉબેર કપ રમાશે.

(૫) ૨૮મી એપ્રિલે લંડનમાં આઇટીટીએફ વર્લ્ડ ટીમ ટેબલ ટેનિસ ચૅમ્પિયનશિપ ફાઇનલ્સ શરૂ થશે જેમાં ભારતના પુરુષ અને મહિલા, બન્ને વર્ગના ખેલાડીઓ ક્વૉલિફાય થયા છે.

(૬) ૧૨મી જૂનથી ઇંગ્લૅન્ડમાં મહિલાઓનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે. એમાં ભારતની મહિલા ક્રિકેટરો ૨૦૨૫ના વન-ડે વર્લ્ડ કપની માફક ટી-૨૦ વિશ્વ કપનો પણ પ્રથમ તાજ જીતવા મેદાને પડશે.

(૭) મે મહિનામાં ઍથ્લેટિક્સની ડાયમંડ લીગ રમાશે. એમાં ખાસ કરીને ભાલાફેંકમાં નીરજ ચોપડા ફરી એક વાર મેડલ જીતવા માટેની અગ્નિપરીક્ષા આપશે. યાદ રહે, ૨૦૨૫ની સાલમાં નીરજે કરીઅરમાં પહેલી વખત ૯૦ મીટરની હદ પાર કરી હતી.

(૮) મે મહિનામાં ટેનિસની ફ્રેન્ચ ઓપન ચૅમ્પિયનશિપ રમાશે. જૂનમાં વિમ્બલ્ડન પણ રમાશે.

(૯) ૧૧મી જૂને અમેરિકા, કૅનેડા, મેક્સિકોમાં ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ શરૂ થશે જેમાં કુલ ૪૮ દેશ ભાગ લેશે.

## જુલાઈ-ઑગસ્ટ-સપ્ટેમ્બર

(૧) જુલાઈમાં ભારતીય ક્રિકેટરો ઇંગ્લૅન્ડના લાંબા પ્રવાસે જશે.

(૧) ૨૩મી જુલાઈથી સ્કૉટલૅન્ડના ગ્લાસગોમાં ૭૪ દેશ વચ્ચેની કૉમનવેલ્થ ગેમ્સ રમાશે જેમાં ભારતીયોને ખાસ કરીને શૂટિંગ, રેસલિંગ, બૉક્સિંગ, વેઇટલિફ્ટિંગ અને ઍથ્લેટિક્સમાં મેડલ મળવાની આશા છે. આ એ રમતોત્સવ છે જે ચાર વર્ષ પછી (૨૦૩૦માં) અમદાવાદમાં યોજાવાનો હોવાથી ૨૦૨૬ની રમતો ભારતના કરોડો સ્પોર્ટ્સપ્રેમીઓમાં મોટું આકર્ષણ જમાવશે.

(૨) ૧૪મી ઑગસ્ટથી બેલ્જિયમ અને નેધરલૅન્ડ્સમાં મેન્સ અને વિમેન્સનો હૉકી વર્લ્ડ કપ રમાશે.

(૩) ૧૭મી ઑગસ્ટે દિલ્હીમાં બૅડમિન્ટનની વર્લ્ડ ચૅમ્પિયનશિપ યોજાશે.

(૪) ૨૨મી ઑગસ્ટથી ભુવનેશ્વરમાં વર્લ્ડ ઍથ્લેટિક્સ કૉન્ટિનેન્ટલ ટૂર ઇવેન્ટ યોજાશે

(૫) ૪-૫ સપ્ટેમ્બરે બ્રસેલ્સમાં ઍથ્લેટિક્સની ડાયમંડ લીગ ફાઇનલ્સ રમાશે.

(૬) ૧૯મી સપ્ટેમ્બરે જાપાનમાં એશિયન ગેમ્સ શરૂ થશે.

(૭) ચેસ ઑલિમ્પિયાડ પણ સપ્ટેમ્બરમાં તાશ્કંદમાં યોજાશે જેની તારીખો હજી નક્કી નથી, પણ ૨૦૨૫ની આ સ્પર્ધામાં ભારતના પુરુષ અને મહિલા વર્ગના ખેલાડીઓ ગોલ્ડ મેડલ જીત્યા હોવાથી ૨૦૨૬ની ઇવેન્ટ પણ ચેસપ્રેમીઓને ઘેલું લગાડશે.

## ઑક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર

(૧) ૨૪મી ઑક્ટોબરે બહરીનમાં કુસ્તીની વર્લ્ડ ચૅમ્પિયનશિપ યોજાશે.

(૨) ૨૭મી ઑક્ટોબરે ચીનમાં વેઇટલિફ્ટિંગની વર્લ્ડ ચૅમ્પિયનશિપ યોજાશે.

(૩) ૧ નવેમ્બરે કતારના દોહામાં યોજાનારી શૂટિંગની ચૅમ્પિયનશિપ યોજાશે જેમાં ભારતીય નિશાનબાજોને ઑલિમ્પિક્સ માટેનો ક્વૉટા મેળવવાનો મોકો મળશે.

(૪) ડિસેમ્બરમાં વર્લ્ડ ચેસ ચૅમ્પિયનશિપ યોજાશે.

(૫) નીરજ ચોપડાની ભાલાફેંકની એનસી ક્લાસિક ચૅમ્પિયનશિપ તેમ જ વર્લ્ડ બૉક્સિંગ કપ પણ ૨૦૨૬માં યોજાશે જેની તારીખો હવે પછી નક્કી થશે. ■

# સારા તેન્ડુલકરની ગોવાની ટ્રિપ ચર્ચાના ચકડોળે, બિયરની બૉટલવાળી વીડિયો ક્લિપ વાઇરલ

પણજીઃ સચિન તેન્ડુલકર ક્રિકેટના મેદાનથી દૂર થઈ ગયો એને ૧૨ વર્ષ થઈ ગયા, પરંતુ સમયાંતરે તેના પરિવારના કોઈ મેમ્બરનો સોશ્યલ મીડિયામાં ઉલ્લેખ થતો રહેતો હોય છે. અર્જુન તેન્ડુલકર મુંબઈની ટીમ છોડીને ગોવાની ટીમમાં જોડાયો ત્યાર પછી તે વધુ ચર્ચામાં રહે છે અને હાલમાં તે ગોવા વતી વિજય હઝારે ટ્રૉફી વન-ડે ટૂર્નામેન્ટમાં રમી રહ્યો છે એટલે ફરી તેનું નામ ક્રિકેટમાં ચર્ચાઈ રહ્યું છે, પરંતુ આ વખતે સચિનની પુત્રી સારા તેન્ડુલકરને ગોવા સાથે મીડિયાની ડિબેટમાં સાંકળી લેવામાં આવી છે.



બની શકે કે સારા તેન્ડુલકર ગોવામાં મિત્રો કે સગાંસંબંધીઓ સાથે હૉલિડે માણવા ગઈ હશે, પણ તેના હાથમાં એક બૉટલ હતી એને લઈને વીડિયો વાઇરલ થયો છે.

વીડિયો ક્લિપમાં જોવા મળે છે કે રેડ ફ્લોરલ મિની ડ્રેસમાં સજ્જ સારા તેના ત્રણ મિત્રો સાથે જઈ રહી છે અને તેના હાથમાં બૉટલ છે જેનો વીડિયો નજીકથી પસાર થતી કોઈ વ્યક્તિએ લઈ લીધો હશે અને વાઇરલ કર્યો હશે. વીડિયોની કૅપ્શનમાં એવું લખવામાં આવ્યું છે કે સારા બિયરની બૉટલ સાથે જઈ રહી હતી અને એ જ મુદ્દો સૌથી વધુ ચર્ચામાં છે.

આ વીડિયો ગોવાના ઍરોસિમ બીચ નજીકનો છે. કેટલાકે સારાના આ વીડિયોને આધારે ટીકાત્મક ટિપ્પણી કરી છે, જ્યારે અમુકનું એવું કહેવું છે કે રજનું ગજ કરી નાખવામાં આવ્યું છે. એક નેટ યુઝરે ત્યાં સુધી લખ્યું છે કે ‘ સચિને એક સમયે જાહેરાત કરી હતી કે તે ક્યારેય આલ્કોહૉલ તથા તમાકુને પ્રમોટ નહીં કરે, પણ તેની જ પુત્રી સારા ગોવાના રસ્તા પર આ રીતે જોવા મળી!’ ■

# ગાંગુલીને ફરી નિરાશા, કાવ્યાની ટીમે પણ બાજી મારી





કેબેખાઃ સાઉથ આફ્રિકાના કેબેખા (અગાઉનું નામ પોર્ટ એલિઝાબેથ) શહેરમાં મંગળવારે રમાયેલી એસએ૨૦ ટૂર્નામેન્ટની રોમાંચક મૅચમાં પ્રીટોરિયા કૅપિટલ્સનો સનરાઇઝર્સ ઈસ્ટર્ન કૅપ ટીમ સામે ૪૮ રનથી પરાજય થયો એ બાદ મુખ્ય ચર્ચા એ છે કે સૌરવ ગાંગુલીના કોચિંગમાં રમી રહેલી પ્રીટોરિયાની ટીમે સતત બીજી હાર જોવી પડી છે. આઇપીએલની ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારને એસએ૨૦માં સનરાઇઝર્સ ઈસ્ટર્ન કેપ ટીમ ખરીદી છે અને મંગળવાર સુધીમાં આ ટીમ બન્ને મૅચ જીતીને પૉઇન્ટ્સ-ટેબલમાં સૌથી વધુ ૧૦ પૉઇન્ટ સાથે મોખરે હતી. બીજી બાજુ, પ્રીટોરિયાની ટીમ બન્ને મૅચ હારી હોવાથી મંગળવાર સુધીમાં એના નામે એકેય પૉઇન્ટ નહોતો.

પ્રીટોરિયાને બૅટિંગમાં સનરાઇઝર્સનો ક્વિન્ટન ડિકૉક (૭૭ રન, ૪૭ બૉલ, છ સિક્સર, પાંચ ફોર) સૌથી ભારે પડ્યો હતો. તેની અને મૅથ્યૂ બીટ્ઝકી (બાવન રન, ૩૩ બૉલ, એક સિક્સર, સાત ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૧૧૬ રનની ભાગીદારી થઈ હતી જે પ્રીટોરિયાની ટીમને નડી હતી. આ ભાગીદારીની મદદથી સનરાઇઝર્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૮ રન કર્યા હતા. પ્રીટોરિયાની ટીમના સ્પિનર કેશવ મહારાજને એક પણ વિકેટ નહોતી મળી, જ્યારે લુન્ગી ઍન્ગિડી ૩૫ રનમાં એક જ વિકેટ લઈ શક્યો હતો. કેશવ મહારાજના નેતૃત્વવાળી પ્રીટોરિયાની ટીમમાં નામાંકિત બૅટ્સમેન હતા. જોકે ૧૮૯ રનના મોટા લક્ષ્યાંક સામે એમાંનો એક પણ બૅટ્સમૅન હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો. વિકેટકીપર શાઈ હોપના ૩૬ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ડેવાલ્ડ બ્રેવિસ ફક્ત ૧૨ રન અને શેરફેન રુધરફર્ડ પચીસ રન કરી શક્યા હતા. પ્રીટોરિયાની ટીમ ૧૮ ઓવરમાં ૧૪૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. સનરાઇઝર્સના જાણીતા બોલર્સ ઍડમ મિલ્ને ચાર વિકેટ લીધી હતી. શનિવારે ફાફ ડુ પ્લેસીના સુકાનમાં જોહનિસબર્ગ સુપર કિંગ્સ (૬/૧૬૮) સામે પ્રીટોરિયા કૅપિટલ્સ (૯/૧૪૬)નો બાવીસ રનથી પરાજય થયો હતો. ■

# બરોડાની ટીમનો આ ત્રીજો પંડ્યા વળી કોણ છે?: વિજય હઝારેની એક મૅચમાં પાંચ સેન્ચુરી

રાજકોટઃ અહીં બુધવારે વિજય હઝારે ટ્રૉફી વન-ડે ટૂર્નામેન્ટની મૅચ હાઈ-સ્કોરિંગ થઈ જેમાં પાંચ બૅટ્સમેને સેન્ચુરી ફટકારી હતી અને છેવટે બરોડાએ હૈદરાબાદ સામે ૩૭ રનથી વિજય મેળવ્યો હતો.

બરોડાની ટીમનો કૅપ્ટન કૃણાલ પંડ્યા છે. આ ટીમ વતી તેનો નાનો ભાઈ હાર્દિક પંડ્યા પણ રમતો હોય છે. બુધવારની રાજકોટની મૅચના પાંચ સેન્ચુરિયનમાં બરોડાનો ઓપનર નિત્ય પંડ્યા (૧૨૨ રન, ૧૧૦ બૉલ, એક સિક્સર, બાર ફોર) પણ હતો. ૧૯ વર્ષનો નિત્ય લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન છે. તે ઇન્ડિયા અન્ડર-૧૯ વતી પણ રમી ચૂક્યો છે. બુધવારે બરોડા વતી અમિત પાસી (૧૨૭ રન, ૯૩ બૉલ, સાત સિક્સર, બાર ફોર) અને કૃણાલ પંડ્યા (૧૦૯ અણનમ, ૬૩ બૉલ, એક સિક્સર, અઢાર ફોર)એ પણ સદી ફટકારી હતી. બરોડાના ૪/૪૧૭ના સ્કોર સામે હૈદરાબાદની ટીમ અભિરથ રેડ્ડી (૧૩૦ રન) અને પ્રગ્નય રેડ્ડી (૧૧૩ રન)ની સદી છતાં ૪૯.૫ ઓવરમાં ૩૮૦ રન કરી શકી અને બરોડાનો રોમાંચક વિજય થયો હતો. ■

## અન્ય કેટલીક મૅચોમાં શું બન્યું?

(૧) જયપુરમાં મુંબઈએ સરફરાઝ ખાનના ૧૫૭ રનની મદદથી આઠ વિકેટે ૪૪૪ રન બનાવ્યા બાદ ગોવાની ટીમ અભિનવ તેજરાણા (૧૦૦ રન)ની સદી છતાં નવ વિકેટે ૩૫૭ રન કરી શકી અને મુંબઈનો ૮૭ રનથી વિજય થયો હતો. ગોવાના અર્જુન તેન્ડુલકરને ૭૮ રનમાં વિકેટ નહોતી મળી.

(૨) રાજકોટમાં જમ્મુ-કાશ્મીરની ટીમ મોહમ્મદ શમીની બે તેમ જ આકાશ દીપ તથા મુકેશ કુમારની ચાર-ચાર વિકેટને લીધે ૬૩ રન કરી શકી હતી અને બેન્ગાલે એક વિકેટે ૬૪ રન કરી લીધા હતા.

(૩) બેંગલૂરુમાં સૌરાષ્ટ્ર (૭/૨૫૪)નો આંધ્ર (૧૦/૧૮૦) સામે ૭૪ રનથી વિજય થયો.

(૪) અલુરમાં ગુજરાત (૧૦/૨૮૩)ની રેલવે (૬/૨૮૭) સામે હાર થઈ. ■

# હાર્દિક પંડ્યા અને ઑસ્ટ્રેલિયાના પારસી ક્રિકેટર વચ્ચે શું કનેક્શન છે, જાણો છો?

બ્રિસ્બેનઃ ૨૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અને લેફ્ટ-આર્મ સ્પિનર જેર્સિસ વાડિયાનું નામ ભારતીય ક્રિકેટમાં અજાણ્યું છે, પણ હાર્દિક પંડ્યા અને તેના મોટા ભાઈ કૃણાલ પંડ્યાના પરિવારમાં જાણીતું છે અને એનું કારણ એ છે કે વાડિયા અને પંડ્યા બંધુઓના પરિવાર વચ્ચે વર્ષોથી મૈત્રી છે.





હવે તો જેર્સિસ વાડિયા ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)માં પણ ફેમસ થઈ ગયો છે. તેણે શનિવારે શાહીન શાહ આફ્રિદી, મૅથ્યૂ કુહનેમન અને મૅથ્યૂ બાર્ટલેટ જેવા જાણીતા બોલર્સની હાજરીમાં ફટકાબાજી કરી હતી. વાડિયાએ બ્રિસ્બેન હીટ સામેની મૅચમાં ૧૬ બૉલમાં ત્રણ સિક્સર અને એક ફોરની મદદથી ૩૪ રન કર્યા હતા.

પારસી સમુદાયનો જેર્સિસ વાડિયા ઍડિલેઇડ સ્ટ્રાઇકર્સ ટીમમાં છે અને આ તેની બીજી જ મૅચ હતી. તેણે મૅચ પછી કહ્યું, ‘ મને તો દરેક બૉલ પર છગ્ગો ફટકારવાનું મન થયું હતું.’ તેને આ ફટકાબાજી બદલ હાર્દિક પંડ્યા તેમ જ નિકોલસ પૂરનના મૅસેજ મળ્યા હતા.

ખુદ વાડિયાએ એક મુલાકાતમાં કહ્યું, ‘ હાર્દિક પંડ્યા એક સમયે મારા મમ્મી પાસેથી ટ્યૂશન લેતો હતો. હાર્દિકની ભારત વતી કરીઅરની શરૂઆત હતી એ અરસામાં એક સમયે તે મુંબઈમાં અમારા વાડિયા પરિવારના ઘરે થોડા દિવસ રહ્યો હતો. હાર્દિકના પિતા હિમાંશુ પંડ્યા પાસેથી મને ઘણું માર્ગદર્શન મળ્યું હતું. મેં હાર્દિકને વર્ષો સુધી પ્રૅક્ટિસ કરતો (ક્રિકેટની કરીઅર માટે અવિરતપણે તનતોડ મહેનત કરતો) જોયો હતો. એના પરથી હું પણ વધુ આત્મવિશ્વાસ રાખતો થયો હતો.’

વાડિયા ભૂતકાળમાં બરોડા વતી અન્ડર-૧૬ અને અન્ડર-૧૯ ક્રિકેટ મૅચો રમ્યો હતો. ૨૦૨૦ના લૉકડાઉનને કારણે તેની કરીઅર ખોરવાઈ ગઈ હતી. ૨૦૨૨માં તે માતા-પિતાની ઇચ્છાની વિરુદ્ધ જઈને (માત્ર ક્રિકેટમાં કારકિર્દી બનાવવાની ઇચ્છાને લક્ષમાં રાખીને) ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થયો હતો. જેર્સિસ વાડિયાના પિતા દિલઝાન વાડિયા બૉલિવૂડ અભિનેતા છે. તેના દાદા નેવિલ ૧૬ વર્ષ પૂર્વે માઇનર ક્રિકેટના ક્ષેત્રે સેન્ચુરી ફટકારનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બન્યા હતા અને તેમનું નામ ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં નોંધાયું હતું.

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ટેસ્ટ કૅપ્ટન ટિમ પેઇન અને રાયન હૅરિસ સહિતના કોચનો જેર્સિસ વાડિયાને બહુ સારો સપોર્ટ મળ્યો છે. વાડિયાની ચોગ્ગા-છગ્ગાની ફટકાબાજી જોઈને પેઇને એક વાર એક કોચને પૂછ્યું, ‘ આ છોકરો ક્યાંથી આવ્યો છે?’

જેર્સિસ વાડિયા ઇન્ટરવ્યૂમાં કહે છે, ‘ શરૂઆતમાં ઍડિલેઇડ સ્ટ્રાઇકર્સ ટીમમાં મારો ઉપયોગ સ્પિનર તરીકે થતો હતો, પણ પછીથી મારી બૅટિંગે પણ સૌને પ્રભાવિત કર્યા હતા. હું બે ભાષા (ગુજરાતી અને હિન્દી) સારી રીતે બોલી જાણું છું. હું મુંબઈ ઇન્ડિયન્સને સપોર્ટ આપીને મોટો થયો છું. ઍડિલેઇડ ઓવલ અને વાનખેડેમાં સેન્ચુરી ફટકારવાનું મારું સપનું છે. હું ઑસ્ટ્રેલિયા વતી ત્રણેય ફૉર્મેટમાં રમવા માગું છું.’ ■

## દેશ વિદેશ

# સગીરાનો રેપિસ્ટ આરએસીનો જવાન વૃંદાવનમાં મુસ્લિમ મહિલા બની છુપાયેલો

લખનઊઃ કાયદાના રક્ષક જ્યારે ભક્ષક બને ત્યારે સમાજમાં ભારે રોષ જોવા મળે છે. રાજસ્થાનના ધોલપુર જિલ્લામાં સગીરા પર દુષ્કર્મ આચરી ફરાર થયેલા આરએસીના બરતરફ જવાન રાજેન્દ્ર સિસોદિયાને પકડવામાં પોલીસને મોટી સફળતા મળી છે. પોતાની ઓળખ છુપાવવા માટે આરોપી ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં મહિલાના કપડાં અને બુરખો પહેરીને રહેતો હતો. જોકે, પોલીસની બાજ નજરથી તે બચી શક્યો નહીં અને આખરે જેલના સળિયા પાછળ ધકેલાયો છે.

આ ગંભીર ઘટના ૧૫ ડિસેમ્બરે ધોલપુરના કોતવાલી વિસ્તારમાં બની હતી. આરોપી રાજેન્દ્ર સિસોદિયાએ પીડિતાના પિતાને રેલવેમાં નોકરી અપાવવાનું બહાનું બતાવી વિશ્વાસમાં લીધા હતા. એડમિટ કાર્ડ આપવાના બહાને તેણે ૧૬ વર્ષીય સગીરાને પોતાના ઘરે બોલાવી હતી. જ્યારે સગીરા તેના નાના ભાઈ સાથે ત્યાં પહોંચી, ત્યારે આરોપીએ ચાલબાજી કરી ભાઈને ડોક્યુમેન્ટની ફોટોકોપી કરાવવા બહાર મોકલી દીધો અને પછીથી સગીરા સાથે હેવાનિયત આચરી હતી. ■

# લોકોનું મૂલ્યાંકન જ્ઞાતિ, ભાષા કે સંપત્તિ વડે ન કરી શકાયઃ ભાગવત

રાઈપુર : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે બુધવારે કહ્યું હતું કે લોકોનું મૂલ્યાંકન જ્ઞાતિ, ભાષા કે સંપત્તિ વડે ન કરી શકાય. તેમણે ઉમેર્યું હતું કે દેશ દરેકનો છે. છત્તીસગઢના રાયપુર જિલ્લાના સોનપૈરી ગામમાં હિન્દુ સંમેલનને સંબોધતા ભાગવતે કહ્યું હતું કે એકતા તરફનું પહેલું પગથિયું અલગતા અને ભેદભાવની ભાવનાને ભુંસી નાખવાનું અને દરેકને પોતાના ગણવાનું છે.

ભાગવતે જણાવ્યું હતું કે આખો દેશ દરેકનો છે અને આ જ જુસ્સો સાચી સામાજિક એકતા છે. (એજન્સી) ■

# રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાની બીજી તિથિએ અયોધ્યા ફરી રામમય બન્યું

છેલ્લા દાયકામાં મોદીની નેતાગીરી હેઠળ અયોધ્યાની કાયાપલટ થઈ છેઃ યોગી આદિત્યનાથ

અયોધ્યાઃ શ્રીરામ જન્મભૂમિ મંદિરની પ્રતિષ્ઠા દ્વાદશીના અવસર પર રામલલ્લાનો ભવ્ય અભિષેક થયો હતો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રામમંદિર સંકુલમાંના અન્નપૂર્ણા મંદિર પર ધ્વજા ફરકાવી હતી અને પૂજામાં જોડાયા હતા.

આ પ્રસંગે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નેતાગીરી હેઠળ છેલ્લા દાયકામાં અયોધ્યાની કાયાપલટ થઈ છે.

દ્વાદશીના દિવસે જ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ તિથિ પર વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે રામલલ્લાનો અભિષેક કરવામાં આવશે. જેમાં યજ્ઞ, હવન અને પૂજનની પરંપરાગત વિધિઓ સંપન્ન થશે. ■

# આંધ્ર પ્રદેશમાં શિવલિંગને નુકસાન પહોંચાડવાના આરોપમાં એકની ધરપકડ

દ્રાક્ષારામમઃ આંધ્ર પ્રદેશના બી.આર. આંબેડકર કોનાસિમા જિલ્લાના દ્રાક્ષારામમ મંદિર પાસે શિવલિંગને નુકસાન પહોંચાડવાના આરોપમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના એક અધિકારીએ આ જાણકારી આપી હતી. પોલીસને મંગળવારે આ ઘટનાની માહિતી મળી હતી અને ઘટનાની જાણ થતા તેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા, જ્યાં મંદિરના કોનેરુ નજીક સ્થિત શિવલિંગ ક્ષતિગ્રસ્ત મળી આવ્યું હતું. રામચંદ્રપુરમના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) બી. રઘુવીરે પીટીઆઈને જણાવ્યું હતું કે, દ્રાક્ષારામમ મંદિરના કોનેરુ નજીક શિવલિંગને તોડવામાં આવી હોવાની જાણ કરવામાં આવી હતી. ■

# ચમોલીમાં હાઇડ્રોપાવર પ્રોજેક્ટ ટનલમાં ટ્રેન અકસ્માતઃ ૮૮ ઘાયલ

ગોપેશ્વર/દહેરાદૂનઃ ચમોલી જિલ્લામાં નિર્માણાધીન વિષ્ણુગઢ-પીપલકોટી હાઇડ્રોપાવર પ્રોજેક્ટની પીપલકોટી ટનલમાં લોકો ટ્રેન અથડામણમાં ૮૮ લોકો ઘાયલ થયા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. એક ટ્રેનમાં કામદારો અને અધિકારીઓ સવાર હતા, જ્યારે બીજીમાં સામગ્રી હતી.

ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ ઘાયલોને યોગ્ય સારવાર આપવાનો આદેશ આપ્યો હતો. ચમોલી જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરવ કુમારે જણાવ્યું હતું કે મંગળવારે રાત્રે ૮.૩૦ વાગ્યાની આસપાસ ટીએચડીસી (ભારત) દ્વારા બનાવવામાં આવી રહેલી ટનલની અંદર ટનલ બોરિંગ મશીન સાઇટ પર આ અકસ્માત થયો હતો. રાત્રિ શિફ્ટ દરમિયાન ટનલ ખોદકામ માટે કામદારોને લઈ જતી એક લોકો ટ્રેન ટનલની અંદર લગભગ બે કિલોમીટર અંદર હતી ત્યારે વિરુદ્ધ દિશામાંથી આવતી બીજી લોકો ટ્રેનએ કાબૂ ગુમાવી દીધો હતો અને તેની સાથે અથડાઈ ગઈ હતી.

ડીએમ ગૌરવ કુમાર અને પોલીસ અધિક્ષક સુરજીત સિંહ પનવર ગોપેશ્વર જિલ્લા હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા હતા.

કુમારે જણાવ્યું હતું કે અકસ્માત સમયે લોકો ટ્રેનમાં ૧૦૯ લોકો સવાર હતા, જેમાંથી મોટાભાગના મજૂર હતા. ■

# પુતિનના આવાસ પરના ડ્રોન હુમલાના ફૂટેજ જાહેર કરાયા

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનના વાયવ્ય રશિયામાંના નિવાસસ્થાનની નજીક રાતે તોડી પડાયેલા યુક્રેનના ડ્રોનની ફૂટેજ રશિયાના સંરક્ષણ મંત્રાલયે જાહેર કરી હતી.

પુતિનના ઘર પર હુમલો કરવા માટે યુક્રેને ડ્રોન મોકલ્યું હોવાથી બન્ને દેશ વચ્ચેની શાંતિ-મંત્રણા સામે જોખમ ઊભું થયું છે.

રશિયાનું સંરક્ષણ મંત્રાલય આ ડ્રોનને પુતિન પરનો ‘અંગત હુમલો’ અને ‘ત્રાસવાદી કૃત્ય’ ગણાવી રહ્યું છે, પરંતુ કીવ આ દાવાને ઉપજાવી કાઢેલા ખોટા ગણાવે છે.

વીડિયો ફૂટેજમાં ડ્રોનનો કાટમાળ જોઇ શકાય છે. ■

# વર્ષના અંતિમ સત્રમાં સેન્સેક્સમાં તેજી, નિફ્ટીએ ૨૬,૧૫૦ની સપાટી ફરી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પાંચ દિવસની પીછેહઠ બાદ રેન્જબાઉન્ડ પેટર્નમાં અથડાવા સાથે સ્થાનિક સંસ્થાઓની લેવાલીના ટેકાની મદદથી વર્ષના અંતિમ સત્રમાં સેન્સેક્સ સાતસો પોઇન્ટ ઉછળીને અંતે એક ટકા અથવા તો ૫૪૬ પોઇન્ટના સુધારા સાથે સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટીએ ૨૬,૧૫૦ની સપાટી ફરી હાંસલ કરી છે.

ત્રીસ શેરો ધરાવતો બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ પાંચ દિવસના ઘટાડા પછી, વર્ષના અંતિમ સત્રમાં ૫૪૫.૫૨ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા વધીને ૮૫,૨૨૦.૬૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. જ્યારે દિવસ દરમિયાન, તે ૭૬૨.૦૯ પોઈન્ટ અથવા ૦.૯૦ ટકા વધીને ૮૫,૪૩૭.૧૭ પોઇન્ટની પર બંધ થયો હતો.

જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ચાર દિવસના ઘટાડા પછી ૧૯૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકા વધીને ૨૬,૧૨૯.૬૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. વર્ષ ૨૦૨૫માં, સેન્સેક્સ ૭,૦૮૧.૫૯ પોઈન્ટ અથવા નવ ટકા વધ્યો છે, અને નિફ્ટી ૨,૪૮૪.૮ પોઈન્ટ અથવા ૧૦.૫૦ ટકા વધ્યો છે. સેન્સેક્સની કંપનીઓમાંથી, ટાટા સ્ટીલ, કોટક મહિન્દ્રા બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એક્સિસ બેંક, ટાઇટન અને ટ્રેન્ટ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. જોકે, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ અને સન ફાર્મા સૌથી ઘટનારા શેરોની યાદીમાં હતા.

ભારતીય ઇક્વિટી બજારોએ વર્ષના અંતિમ ટ્રેડિંગ સત્રનો અંત સકારાત્મક નોંધ સાથે થયો હતો, જેમાં સેન્ટિમેન્ટ નિર્ણાયક રીતે તેજીમાં આવ્યું હતું. આ સત્ર વર્ષના અંતમાં જોખમ લેવાની ક્ષમતામાં ધીમે ધીમે સુધારો જોવા મળ્યો છે, જે મુખ્યત્વે તાજી સ્થિતિને બદલે શોર્ટ કવરિંગ અને પસંદગીયુક્ત ખરીદી દ્વારા પ્રેરિત રહ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ ફર્મના સાધનોએ જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો. યુરોપમાં બજારો નજીવા નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, યુએસ બજારો મંગળવારે નીચા સ્તરે બંધ થયા હતા. મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ રૂ. ૩,૮૪૪.૦૨ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૧૫૯.૮૧ કરોડના શેર ખરીદ્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૩૧ ટકા વધીને ૬૧.૫૩ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું હતું. મંગળવારે સતત પાંચમા દિવસે ઘટીને, સેન્સેક્સ ૨૦.૪૬ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૮૪,૬૭૫.૦૮ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૩.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા ઘટીને ૨૫,૯૩૮.૮૫ પર બંધ થયો હતો.

ટોચના એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વ્યાપક ખરીદી હકારાત્મક રિસ્કઓન મૂડને પ્રતિબિંબિત કરે છે, જેમાં સાઇક્લિકલ, મેટલ, એનર્જી અને બેંકિંગ સેગમેન્ટમાં મજબૂત ગતિ જોવા મળી છે, જ્યારે ડિફેન્સ સ્ટોક્સનું ચિત્ર મિશ્ર રહ્યું છે. ટેકનોલોજી સ્ટોક્સમાં નબળાઈ જોવા મળી છે. આમ છતાં એકંદર સેન્ટિમેન્ટ રચનાત્મક દેખાય છે, જે સૂચવે છે કે રોકાણકારો સ્થિર મેક્રો પરિસ્થિતિઓ અને કોર્પોરેટ પરિણામોમાં સુધારો થવાની અપેક્ષાઓ વચ્ચે તમામ ક્ષેત્રોમાં પસંદગીપૂર્વક રોકાણ ઉમેરી રહ્યા છે.

ડિસેમ્બર મહિનામાં, સેન્સેક્સ ૦.૫ ટકા અને નિફ્ટી ૦.૩ ટકા ઘટ્યો હતો. નિફ્ટીમાં સૌથી વધુ વધારો જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા સ્ટીલ, ઓએનજીસી, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ, કોટક મહિન્દ્રા બેંકના શેરમાં થયો હતો, જ્યારે નુકસાનનોંધાવનારા શેરોમાં ટીસીએસ, બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ફોસિસનો સમાવેશ થાય છે.

ક્ષેત્રીય મોરચે, આઇટી અને ટેલિકોમ સિવાય, અન્ય તમામ ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા જેમાં મેટલ, મીડિયા, કેપિટલ ગુડ્સ, રિયલ્ટી, પ્રાઇવેટ બેંક, પીએસયુ બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, પાવર ઇન્ડેક્સમાં એકાદ ટકા જેટલો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ઓઇલ અને ગેસ ઇન્ડેક્સ ૨.૫૦ ટકા જેટલો વધ્યા હતા. સત્ર દરમિયાન ૧૨૦થી વધુ શેર તેમની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા, જેમાં એચઇજી, ક્રાફ્ટ્સમેન ઓટોમેશન, એચપીસીએલ, સેઇલ, બીપીસીએલ, બેંક ઓફ મહારાષ્ટ્ર, ટાઇટન કંપની, વોડાફોન આઈડિયા, કેનેરા બેંક, ઇન્ડસ ટાવર્સ વગેરેનો સમાવેશ થાય છે. એકંદરે ઓઈલ એન્ડ ગેસ અને એનર્જી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા. જ્યારે, ટેલિકોમ્યુનિકેશન અને આઈટી શેરો ઘટ્યા હતા અને એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૪.૦૫ લાખ કરોડનો ઉછાળો જોવા મળ્યો હતો.

સેન્સેક્સની ૨૫ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૫ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૦૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૯ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૪ ટકા વધ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૧.૭૨ લાખ કરોડથી રૂ.૪.૦૫ લાખ કરોડ વધીને રૂ.૪૭૫.૭૯ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ૨.૭૩ ટકા, એનર્જી ૨.૨૮ ટકા, મેટલ ૧.૫૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૯ ટકા, યુટિલિટીઝ ૧.૨૫ ટકા, પીએસયુ બેન્ક ૧.૨૨ ટકા, કેપિટલ ગુડ્સ અને પાવર ૧.૧૨ ટકા ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૯ ટકા, કોમોડિટીઝ ૧.૦૬ ટકા અને ઓટો ૧.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન ૦.૭૪ ટકા, આઈટી ૦.૨૩ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૧૧ ટકા ઘટ્યા હતા. એક્સચેન્જમાં ૪,૩૭૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૭૯૯ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૪૧૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૨ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૨૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૪૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ટોક્સને ઉપલી જ્યારે ૯ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટાટા સ્ટીલ ૨.૪૫ ટકા, કોટક બેન્ક ૨.૧૭ ટકા, રિલાયન્સ ૧.૮૬ ટકા, એક્સિસ બેન્ક ૧.૮૨ ટકા, ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૧.૮૧ ટકા, તાતા મોટર્સ ૧.૬૬ ટકા, ટ્રેન્ટ ૧.૬૫ ટકા, પાવર ગ્રીડ ૧.૬૩ ટકા, બીઈએલ ૧.૫૬ ટકા, એનટીપીસી ૧.૫૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૨૬ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૧.૨૪ ટકા વધ્યા હતા.

# સોનામાં ₹ ૧૪૦૪નો અને ચાંદીમાં ₹ ૧૯૦૯નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન ખાતે આજે ક્રિસમસની રજાના માહોલમાં એકંદરે પાંખાં કામકાજો રહેતાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો આગળ ધપતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૯૮થી ૧૪૦૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૯૦૯નો ઘટાડો આવ્યો હતો. એકંદરે આજે ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં ઊંચા મથાળેથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જોવા મળી હતી. તેમ જ વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦૯ના ઘટાડા સાથે રૂ. ૨,૩૦,૪૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવઘટાડો આગળ ધપતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૩૯૮ ઘટીને રૂ. ૧,૩૨,૬૬૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૦૪ ઘટીને રૂ. ૧,૩૩,૧૯૫ના મથાળે રહ્યા હતા. જોકે, ચાંદીની જેમ સોનામાં પણ ઊંચી સપાટીએથી જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, જ્યારે રોકાણકારોની છૂટીછવાઈ માગ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે નાતાલની રજાઓને ધ્યાનમાં લેતા પાંખાં કામકાજો વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૨૬.૬૫ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકાના ઘટાડા સાથે ૪૩૩૯.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૫.૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૨.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ વર્ષે રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો અને હળવી નાણાનીતિ અપનાવે તેવો આશાવાદ, ભૂરાજકીય તણાવ, કેન્દ્રવર્તી બૅન્કોની અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની સોનામાં આક્રમક લેવાલી રહેતાં આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૬૫ ટકાનો ઉછાળો આવી ગયો છે.

# કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલે ભારતની પ્રથમ ક્રોસ-બોર્ડર રિમોટ રોબોટિક સર્જરી કરી



મુંબઈઃ મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલે મુંબઈમાં બે દર્દીઓ પર ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય રિમોટ રોબોટિક સર્જરી સફળતાપૂર્વક હાથ ધરીને રાષ્ટ્રીય સ્તરે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. કોકિલાબેન હૉસ્પિટલના યુરો-ઓન્કોલોજી અને રોબોટિક સર્જરીના ડિરેક્ટર (ગ્રૂપ) ડો. ટી. બી. યુવરાજા ઓપરેટિંગ સર્જન હતા અને તેઓ ૫,૦૦૦ કિલોમીટર દૂર શાંઘાઈમાં હતા. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન (CDSCO) દ્વારા મંજૂરી મળ્યા બાદ, આ Toumai® રિમોટ રોબોટિક સર્જરી સિસ્ટમની સીમાડા વટાવીને ભારતમાં હાથ ધરાયેલી પ્રથમ ક્લિનિકલ પ્રક્રિયા છે અને તે દેશની રિમોટ સર્જિકલ ક્ષમતાઓમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

મુંબઈમાં બે દર્દીઓ પર આ સીમાચિહ્નરૂપ પ્રોસિજર હાથ ધરવામાં આવી હતી અને તેમાં રોબોટ-આસિસ્ટેડ રેડિકલ પ્રોસ્ટેટેક્ટોમી અને રોબોટ-આસિસ્ટેડ પાર્શિયલ નેફ્રેક્ટોમી સમાવિષ્ટ હતી. આ સર્જરીઓ ૫,૦૦૦ કિલોમીટરથી વધુના અંતરે રહેલા નિષ્ણાત સર્જન દ્વારા ત્યાં રહીને જ કરવામાં આવી હતી, જે જટિલ યુરોલોજિકલ પ્રોસિજર્સ માટે લાંબા અંતરથી કરાતા રોબોટિક હસ્તક્ષેપની સલામતી, ચોકસાઈ અને વિશ્વસનીયતા દર્શાવે છે. બંને સર્જરીઓ Toumai® સિસ્ટમનો ઉપયોગ કરીને દૂરના અંતરેથી કરવામાં આવી હતી.

કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલ્સના યુરો-ઓન્કોલોજી અને રોબોટિક સર્જરીના ડિરેક્ટર (ગ્રૂપ) ડૉ. ટી. બી. યુવરાજા, જેમણે દૂર અંતરેથી આ સર્જરી હાથ ધરી હતી, તેઓ ૪,૧૦૦થી વધુ રોબોટિક પ્રોસિજર્સનો અનુભવ ધરાવે છે. આ સિદ્ધિ અંગે ડો. ટી. બી. યુવરાજાએ જણાવ્યું હતું કે, રિમોટ રોબોટિક સર્જરીમાં ઉચ્ચ-ગુણવત્તાવાળી સર્જિકલ કેરની એક્સેસમાં પરિવર્તન લાવવાની ક્ષમતા છે. બે મોટા દેશોમાં આ પ્રોસિજર્સ સફળતાપૂર્વક હાથ ધરવાથી કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં દર્દીઓની સંભાળમાં નવીનતા, સલામતી અને શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

# રૂપિયો ૧૪ પૈસા ગબડ્યો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૪૪.૦૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ અને માસાન્તને કારણે ફોરેક્સ માર્કેટમાં ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી તેમ જ વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા નબળો પડીને ૮૯.૮૯ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૭૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૯૫ અને ઉપરમાં ૮૯.૮૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે ૮૯.૮૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

ગત ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪નાં અંતિમ સત્રમાં ડૉલર સામે રૂપિયો ૮૫.૬૪ની સપાટીએ બંધ રહ્યો હતો. આમ વર્ષ ૨૦૨૫માં ડૉલર સામે રૂપિયામાં અંદાજે ૪૨૫ પૈસાનું અથવા તો ૪.૯૬ ટકાનું ધોવાણ થયું છે. એકંદરે આ વર્ષમાં અત્યાર સુધીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૧૬.૫ અબજ ડૉલરની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રોકાણકારોનું માનસ ખરડાઈ ગયું હતું અને એશિયન ચલણોમાં સૌથી વધુ નબળી કામગીરી દાખવી છે.

## ગુજરાત

# સૌરાષ્ટ્ર-કચ્છ, ઉ.ગુજરાતમાં શિયાળે અષાઢી માહોલ

### માવઠાથી જીરું, ચણા, ધાણા, ઘઉંના પાકને નુકસાનની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે રાજ્યના વિવિધ ભાગોમાં માવઠાની આગાહી કરી હતી. જેના પગલે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં ભરશિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે રાજકોટ, ધોરાજી, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગર અને કચ્છમાં કમોસમી વરસાદ થયો હતો. તે ઉપરાંત બનાસકાંઠા, વાવ-થરાદમાં પણ કમોસમી વરસાદ થયો હોવાના સમાચાર મળ્યા હતા. કમોસમી વરસાદથી જીરુ, ચણા, ધાણા, ઘઉં સહિતના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોમાં સેવાઈ રહી છે.

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયું હતું. રાજકોટ શહેરમાં સાંજે પાંચ વાગ્યાથી કાલાવડ રોડ સહિત જુદા જુદા વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. તો બીજી તરફ ધોરાજી પંથકમાં સાંજે ચાર વાગ્યા બાદ વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને ગાજવીજ તેમજ ભારે પવન સાથે કમોસમી વરસાદ શરૂ થયો હતો, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું.

પડધરી પંથકમાં પડેલા ધોધમાર વરસાદની સાથે જેતપુર, ધોરાજી, જામકંડોરણા અને ઉપલેટા પંથકમાં પણ વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. કમોસમી વરસાદને કારણે માર્ગો ભીના થયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે અચાનક પડેલા વરસાદે લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

પોરબંદર શહેર સહિત ગ્રામ્ય પંથકના વિવિધ તાલુકાના વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હતો. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયું હતું. દ્વારકા, કલ્યાણપુર અને આસપાસનાં ગામોમાં પણ ઝરમર કમોસમી વરસાદ નોંધાયો હતો.

કચ્છના વાતાવરણમાં પણ અચાનક પલટો આવ્યો હતો. જિલ્લા મથક ભુજમાં બપોરના બે વાગ્યાની આસપાસ હળવું વરસાદી ઝાપટું વરસ્યું હતું જ્યારે મુંદરા તાલુકાના સમાઘોઘા, ગુંદાલા અને તેની આસપાસના વિસ્તારો, ગાંધીધામ સંકુલ તેમજ ભચાઉ પંથકમાં ભરશિયાળે છવાયેલા અષાઢી માહોલ વચ્ચે રસ્તામાંથી પાણી વહે એટલું જોરદાર ઝાપટું વરસી ગયું હતું.

આ ઉપરાંત રાપર તાલુકાના ભીમાસર, આડેસર, ખાંડેક, માંજુવાસ, ખેંગારપર, ગાગોદર સહિતના ગામોમાં માવઠું થયું હોવાના અહેવાલો મળ્યા હતા. કચ્છના હાજીપીર તરફના રણ કાંધી વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો હતો.

# અમદાવાદીઓએ નવા વર્ષને હર્ષોલ્લાસભેર આવકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૨૫ને વિદાય આપવા અને નવા વર્ષ ૨૦૨૬ને આવકારવા શહેરીજનો વિવિધ સ્થળોએ એકઠા થાય છે ત્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે લગભગ ૯૦૦૦ કરતા વધારે પોલીસકર્મી તહેનાત રહ્યા હતા. શહેરોમાં પોલીસે અગાઉથી જ સુરક્ષા માટે તમામ બંદોબસ્ત કરી રાખ્યા હતા. ૩૧ ડિસેમ્બર સાંજે છ વાગ્યાથી ૧લી જાન્યુઆરીની વહેલી સવાર સુધી આ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. સાબરમતી રિવરફ્રન્ટ, સીજી રોડ, એસજી રોડ, સિંધુ ભવન રોડ, સરદાર પટેલ રિંગ રોડ, સેટેલાઇટ, વસ્ત્રાપુર, મણિનગર, એલિસબ્રિજ, ગાયકવાડ હવેલી, અમરાઈવાડી અને અન્ય વ્યસ્ત વિસ્તારો જેવા લોકપ્રિય સ્થળોમાં ચર્ચ, મોલ, હૉટેલ, ક્લબ, ફાર્મહાઉસ અને ખાનગી પાર્ટી પ્લોટમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે.

ટ્રાફિક નિયમન માટે પણ આદેશો જાહેર કરવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય ઉજવણી કેન્દ્રોની આસપાસ ડાયવર્ઝન અને વૈકલ્પિક માર્ગો સૂચિત કરવામાં આવ્યા છે.

# એસ.ટી.ના ભાડામાં ત્રણ ટકાનો વધારો

અમદાવાદઃ ગુજરાત એસ.ટી.ના ભાડામાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેની અસર ૨૭ લાખ મુસાફરો પર પડશે. આ ભાડાવધારાનો અમલ ૩૧ ડિસેમ્બર બુધવારની મધરાતથી જ અમલ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દૈનિક ૮૦૦૦થી વધુ બસો થકી ૩૨ લાખથી વધુ કિ.મી.નું અંતર કાપી ૨૭ લાખ મુસાફરોને અસરકારક જાહેર પરિવહનની સુવિધાઓ પૂરી પાડે છે. જો કે નવા વર્ષની શરૂઆતથી એસટી નિગમની ટિકિટ મોંઘી થતાં પહેલાથી જ મોંઘવારીથી પીડિત ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મોટો ફટકો પડ્યો છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એટલે કે, એસટી નિગમ દ્વારા મુસાફરોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની મધ્યરાત્રીથી એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ૩% ભાડા વધારો કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

# નવ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચનાને બુધવારે કૅબિનેટ બેઠકમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

તેમણે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૦૯ જિલ્લાં મધ્યસ્થ સહકારી બૅંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યની વર્તમાન સહકારી બૅંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બૅંકોની રચના થશ.

બૅંકોની રચના માટે રાજ્ય સરકાર હવે નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બૅંકને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે, તેમ પણ વાઘાણીએ જણાવ્યું હતું.

# અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરનારા મહેસાણાનો યુવક દિલ્હી એરપોર્ટથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરનારા મહેસાણાના યુવકને ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી, કારણ કે તે કથિત રીતે અન્ય વ્યક્તિના નામે જારી કરાયેલા બનાવટી પાસપોર્ટનો ઉપયોગ કરીને ભારત પરત ફર્યો હતો.

મહેસાણાની ગાયત્રી સોસાયટીનો રહેવાસી ૩૦ વર્ષીય આરોપી, જીગર પટેલ, બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઈ૧૨૬ દ્વારા ડિપોર્ટી તરીકે આઈજીઆઈએના ટર્મિનલ ૩ પર પહોંચ્યો હતો. ઇમિગ્રેશન અધિકારીઓને તેના મુસાફરી દસ્તાવેજોમાં વિસંગતતાઓ જણાઈ આવ્યા બાદ ૧૯ ડિસેમ્બરે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

એફઆઈઆર મુજબ, પટેલ એપ્રિલ ૨૦૧૩માં ભારતીય પાસપોર્ટ પર યુએસ ગયો હતો જે જૂન ૨૦૨૨માં સમાપ્ત થઈ ગયો હતો. પરત ફરવા માટે, તેણે કથિત રીતે ઉત્તર પ્રદેશના કુશીનગરના ખુરશેદ અંસારીના નામે ૨૦૧૯માં ન્યૂ યોર્કમાં જારી કરાયેલ પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો, જે ખોવાઈ ગયો હોવાનું જણાવાયું હતું.

ઇમિગ્રેશન અધિકારીઓએ શોધી કાઢ્યું કે પાસપોર્ટ ભારત સરકારે બનાવેલા સુરક્ષાના નિમયો અનુસાર નથી અને તેને નકલી જાહેર કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન, પટેલે કહ્યું હતું કે તેણે અમદાવાદ સ્થિત એજન્ટ દ્વારા બનાવટી દસ્તાવેજ મેળવ્યો હતો. ભારતીય ન્યાય સંહિતા અને પાસપોર્ટ કાયદાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. બનાવટી પાસપોર્ટ, મુસાફરોના રેકોર્ડ અને સીસીટીવી ફૂટેજ જપ્ત કરવામાં આવ્યા છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# પાંચ વર્ષમાં પાંચ લાખથી વધુ આવાસનું લક્ષ્યાંક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હર સર કો છતના કાર્ય મંત્ર સાથે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સમગ્ર દેશમાં આગામી પાંચ વર્ષ દરમિયાન એક કરોડથી વધુ આવાસ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જે અંતર્ગત ગુજરાત પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે ૫.૫૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. આ આવાસોના નિર્માણથી ગુજરાતના લાખો ગરીબ પરિવારોને પાકા આવાસ મળશે. આગામી પાંચ વર્ષમાં આવાસ નિર્માણના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે મુખ્ય પ્રધાને અત્યારથી જ જમીન સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને વિવિધ કામગીરી હાથ ધરવા માટે રાજ્યના વહીવટી તંત્રને કૅબિનેટ બેઠકમાં આદેશો આપ્યા છે.

# સસ્તા અનાજના દુકાનદારોને અનાજનો જથ્થો સીસીટીવી કૅમેરાની નજર હેઠળ તોલીને સોંપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરમાં સસ્તા અનાજની દુકાનદારો દ્વારા ઘઉં, ચોખા, દાળ, ખાંડ સહિતના રેશનિંગ જથ્થામાં ઓછું વજન અને અપૂરતી ફાળવણીની વ્યાપક ફરિયાદો ઊઠતા રાજ્ય સરકારે પારદર્શક વહીવટ તરફ મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા હવે ગોડાઉન પરથી જ રેશનિંગનો જથ્થો દુકાનદારોની હાજરીમાં તોલીને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાથી રેશનિંગ વિતરણમાં વજન અને ગુણવત્તા અંગે થતી ફરિયાદો પર અંકુશ આવશે એવી અપેક્ષા છે. રાજ્ય સરકાર સુધી એવી ફરિયાદો સતત પહોંચી રહી હતી કે, ગોડાઉનમાંથી સસ્તા અનાજની દુકાનદારોને મળતો જથ્થો કાગળ પર દર્શાવેલા પ્રમાણ કરતા ઓછો હોય છે. કેટલાક કિસ્સાઓમાં બેગ ફાટેલી હોવાના કારણે વજન ઘટતું હોવાનું પણ સામે આવ્યું હતું. આ સ્થિતિના પરિણામે અંતે રેશનકાર્ડ ધારકો સુધી પૂરતો જથ્થો પહોંચતો ન હતો અને આ જવાબદારી દુકાનદારો પર આવી જતી હતી. આ ફરિયાદોને ગંભીરતાથી લઈ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે ગોડાઉન સ્તરે જ મોનિટરિંગ મિકેનિઝમ અમલમાં મૂક્યો છે.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

ટેન્ડર નોટીસ

**ટેન્ડર નોટીસ નં. M247GLRSSL30252630**

**તારીખ ૩૦.૧૨.૨૦૨૫**

**કામનું નામઃ** ઈલેક્ટ્રીક લોકોમોટીવ્સના સ્મૂથિંગ રેક્ટર્સ ટાઈપ SL-૩૦નું રિપેર/પુનર્વસન અને મોડિફિકેશન. **સ્થળઃ** CWM/ દાહોદ પ. રેલવેની ઓફિસ. **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૧૨,૧૩,૨૩,૬૪૮/-. **બીડ સુરક્ષાઃ** ₹ ૭,૫૬,૭૦૦/-. **ઈ-ટેન્ડરની સુપ્રતિ અને ખોલવાની તારીખ અને સમયઃ** ઈ-ટેન્ડરોની સુપ્રતિ **૨૨.૦૧.૨૦૨૬**ના **૧૪.૩૦** ક. સુધી અને તેજ દિવસે **૧૫.૦૦** ક. ખૂલશે. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો **www.ireps.gov.in**/E-Tenders/Works/IR Electrical પર ઉપલબ્ધ છે.

Ak-17-1-388

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**NOTICE**

Notice is hereby given to all Members of The HCCS Urban Co-operative Credit Society Ltd., Mumbai (the Society) having its registered office at 496/498, Sir J. J. Road, Mumbai - 400 008, that the Society is updating its KYC records of members as per the decision of the Board & the members in the AGM held on 28.09.2025. Those members who have not complied with their KYC requirements with the Society in the last two years are requested to do so on or before 16.01.2026 Members have already been informed by post for updation of their KYC records earlier, but in a few cases, the letters have returned with the remarks "Address Moved / Incomplete Address / Addressee not found, etc."

By this Notice, the Society wishes to give a final opportunity to all its members to submit their KYC documents to the Society at its registered office address given above within 15 days from the issue of this notice, failing which the Society shall take such legal steps as may be deemed appropriate in such cases.

For **The HCCS Urban Co-operative Credit Society Ltd., Mumbai**

Sd/-

**Vice Chairman/Hon. Secretary**

Place: Mumbai

Dated: 01.01.2026



**મુંબઈ પોર્ટ ઓથોરીટી**

ટેન્ડર મંગાવતી નોટીસ

MBPA એસ્ટેટમાં પ્રીન્સેસ ડોક (ફીલ્ડ અપ એરીયા) ખાતે પે એન્ડ પાર્કના સંચાલન અને વહીવટ માટે ટેન્ડર નં. ઈ-૨૯/૨૦૨૫ ઈ-ટેન્ડર સહ ઈ-ઓકશન માટે રીકવેસ્ટ ફોર પ્રપોઝલ (RFP) મંગાવાય છે. ટેન્ડરની વિગતો MbPAની વેબસાઈટ **http://www.mumbaiport.gov.in** અને **http://www.eprocure.gov.in/eprocure/app**

ચીફ એન્જીનિયર I/C

મુંબઈ પોર્ટ ઓથોરીટી

MbPA-38-2025

# ‘મતદારો મૂંઝવણમાં’

## કોને મત આપવો? પક્ષને કે પક્ષપલટો કરનારા ઉમેદવારોને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના ઈતિહાસમાં કદાચ આ વખતની ચૂંટણી સૌથી અનોખી બની રહેવાની શક્યતા છે, જેમાં મુંબઈના મોટાભાગના મતદારો ચૂંટણીમાં વોટ કોને આપવો એને લઈને દ્વિધામાં છે. પક્ષને વફાદાર રહીને તેમને મત આપવો કે પછી વર્ષોથી જે લોકો તેમની સમસ્યાને વાચા આપતા હતા તેમને વોટ આપવો? ચૂંટણીમાં કયો ઉમેદવાર કયાથી લડી રહ્યો છે, કયા પક્ષમાંથી લડી રહ્યો છે અને મત કોને આપવો એને લઈને મતદારો ભારે મૂંઝવણમાં છે. મતદારોને તો મત કોને આપવો એને લઈને માથમુ ખંજવાળી રહ્યા છે, પણ પક્ષ સાથે સંકળાયેલા કાર્યકર્તાઓની તકલીફ તો એનાથી પણ મોટી છે. પ્રચાર પક્ષ માટે કરવો કે પક્ષપલટો કરીને બીજા સાથે જોડાઈ ગયેલા પોતાના સાથીદાર માટે કરવો.

### કાર્યકર્તાઓ પણ મૂંઝવણમાં

મુંબઈગરા તો કોને મત આપવો તેને લઈને વિચારી વિચારીને થાકી ગયા છે, પણ રાજકીય પક્ષના કાર્યકર્તાઓની હાલત સૌથી વધુ કફોડી થઈ ગઈ છે. પક્ષની વિચારધારાને વફાદાર લઈને આયાતી ઉમેદવારો માટે ચૂંટણીમાં પ્રચાર કરવો કે પછી પક્ષ માટે પોતાની જાતને ઘસી નાખ્યા બાદ પણ ટિકિટ નહીં મળતા તેમના સાથીદારોએ અન્ય પક્ષમાં પ્રવેશ કરીને ચૂંટણી લડે છે તેમને સાથ આપવો એ સમસ્યા તેમને મૂંઝવી રહી છે.

આ વખતની ચૂંટણી દરેક રીતે અલગ બની રહેવાની છે. વર્ષોથી ભાજપ-શિવસેના સાથે મળીને કોંગ્રેસને સત્તાથી આવવા માટે રોકતા હતા પણ હવે રાજકીય તખતા પર આખું પિકચર જ બદલાઈ ગયું છે. શિવસેનાનું વિભાજન થયા બાદ હવે ઉદ્ધવ ઠાકરેની સેના અને એકનાથ શિંદેની એમ બે શિવસેના બની ગઈ છે. ભાજપ ઉદ્ધવને બદલે શિંદેની શિવસેના સાથે યુતિ કરીને મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડી રહી છે. તો રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)માં ભંગાણ પડતા કાકા-ભત્રીજાની બે અલગ અલગ એનસીપી થઈ ગઈ છે. તેથી હાલ ચૂંટણીના મેદાનમાં દેશના બે મોટા પક્ષ કોંગ્રેસ, ભાજપની સાથે જ બે શિવસેના અને બે રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને મનસે થઈ ગઈ છે, જેમાં ભાજપ-શિંદે સેના સાથે તો કોંગ્રેસ એકલા ચલોની નીતિ અમલમાં મૂકી છે તો ઉદ્ધવની સેના અને મનસેની સાથે શરદ પવારની રાષ્ટ્રવાદીએ યુતિ

(જુઓ પાનું ૪) ▸▸



**અસ્ત - અરુણોદય:**
૨૦૨૫ના સમાપન બાદ ૨૦૨૬નો અરુણોદય થયો છે. અનેક લોકો આ વર્ષનો પ્રારંભ ઘણા સંકલ્પો સાથે કરશે ત્યારે ૨૦૨૬ દરેકના જીવનમાં સુખ-સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ લાવે એવી પ્રાર્થના. (અમય ખરાડે)

# બદલાપુરથી કર્જત સુધી ટૂંક સમયમાં બે નવી લાઈન

કલ્યાણ: મધ્ય રેલવેના મુસાફરો માટે એક મોટા રાહતના સમાચાર છે. રેલવે મંત્રાલયે બદલાપુર અને કર્જત વચ્ચે ત્રીજી અને ચોથી નવી રેલવે લાઇનના નિર્માણ માટે અંતિમ મંજૂરી આપી દીધી હોવાથી કલ્યાણથી આગળની મુસાફરી ઝડપી અને વધુ અનુકૂળ બનશે. આ પ્રોજેક્ટ મુંબઈ શહેરી પરિવહન પ્રોજેક્ટ હેઠળ અમલમાં મૂકવામાં આવશે.

આ પ્રોજેક્ટને અગાઉ નાણાકીય મંજૂરી મળી ગઈ હતી. હવે તેના અમલીકરણ માટે લીલી ઝંડી આપવામાં આવી છે. કુલ ૩૨.૪૬ કિલોમીટર લાંબી બદલાપુર અને કર્જત વચ્ચેની ઉપનગરીય રેલ્વે લાઇન પર બે નવી લાઈનનું નિર્માણ થતા ચાર લાઈન થશે. આ મહત્વાકાંક્ષી પહેલ મુંબઈ રેલ્વે વિકાસ કોર્પોરેશન દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

હાલમાં, આ રૂટ પર ફક્ત બે રેલ્વે ટ્રેક કાર્યરત હોવાથી લાંબા અંતરની ટ્રેનો જતી હોય તે વખતે લોકલ ટ્રેન સેવાઓને અસ્થાયી રૂપે રોકવી પડે છે. મુસાફરોને

(જુઓ પાનું ૪) ▸▸

# વિરારનું નામ દ્વારકાધીશ રાખવામાં આવશે?

## ઉત્તર ભારતીયોનો ટેકો, મરાઠીઓનો આક્રોશ

મુંબઈ: છેલ્લાં કેટલાક સમયથી એવું જોવા મળી રહ્યું છે કે સરકાર દ્વારા શહેરો અને જિલ્લાઓના નામ બદલવામાં આવી રહ્યા છે. વિરારના નામને લઈને એક નવો વિવાદ ઊભો થયો છે. વિરારનું નામ બદલીને ‘દ્વારકાધીશ’ કરવાના પ્રસ્તાવ પર શહેરમાં અને સોશિયલ મીડિયા પર ચર્ચા ચાલી રહી હોવાથી આ અંગે ભારે રોષ ફેલાયો છે. વિરારમાં વિવિધ સ્થળોએ ‘જય દ્વારકાધીશ’ લખેલા બેનરો લગાવવામાં આવ્યા છે.

આ મુદ્દો સોશિયલ મીડિયા પર વીડિયો ક્લિપ્સ, પોસ્ટ્સ અને પ્રતિક્રિયાઓ દ્વારા ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં વિરારનું નામ બદલીને દ્વારકાધીશ કરવાની માગ થઈ રહી છે. એક મહિલાએ તો વિરાર નામ પસંદ ન હોવાથી નામ બદલીને દ્વારકાધીશ રાખવાની માગ કરી હતી. આ ઉપરાંત કેટલાક લોકોએ ભગવાન કૃષ્ણની દ્વારકા પર આધારિત દ્વારકાધીશ નામ યોગ્ય હોવાનું કહ્યું. ઉત્તર ભારતીય સમુદાયમાં કેટલાક લોકો આ મુદ્દાને ખુલ્લેઆમ સમર્થન આપી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે એવું

(જુઓ પાનું ૪) ▸▸

### દ્વારકાધીશ નામ ચર્ચામાં કેમ છે?

ગુજરાતના મૂળ દ્વારકાધીશ મંદિરની પ્રતિકૃતિ વિરારમાં બનાવવામાં આવી છે. ગયા મહિને આ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ મંદિર વસઈ-વિરાર વિસ્તારમાં એક નવું ધાર્મિક અને પર્યટન સ્થળ બન્યું છે. આ મંદિર સંપૂર્ણપણે પરંપરાગત રીતે સિમેન્ટ, રેતી કે આધુનિક સામગ્રીનો ઉપયોગ કર્યા વગર ફક્ત કોતરેલા પથ્થરોથી બનાવવામાં આવ્યું છે. આ મંદિરને કારણે વિરારનું નામ બદલવાની માગ થઈ રહી હોય તેવું લાગે છે. વિરારનું નામ બદલવાનો મુદ્દો ભવિષ્યમાં રાજકીય રંગ લે તેવી પુરેપુરી શક્યતા છે, અને સૌનું ધ્યાન શહેરની ઓળખ અને સામાજિક સંવાદિતા પર તેની શું અસર પડશે તેના પર છે. ■

# શુક્રવારે થાણેમાં પાણી નહીં

થાણે: થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઘોડબંદર વિસ્તારને પાણી પૂરું પાડતા હરિદાસ નગર ખાતે મુખ્ય પાણી પુરવઠા પરનો ૭૦૦ મીમી વ્યાસનો વાલ્વ ક્ષતિગ્રસ્ત થયો છે. પરિણામે આ વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે અને ઉપરોક્ત વાલ્વ ઇન્સ્ટોલ કરવો જરૂરી છે. નવો વાલ્વ ઇન્સ્ટોલ કરવા માટે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્ટેમ ઓથોરિટી શુક્રવાર, ૦૨/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી પાણી પુરવઠા યોજના બંધ કરશે.

પરિણામે ઘોડબંદર રોડ, લોકમાન્ય નગર, વર્તક નગર, સાકેત, રીતુ પાર્ક, જેલ, ગાંધી નગર, સિદ્ધાંચલ, ઇન્દિરા નગર, રૂપા દેવી, શ્રીનગર, સમતા નગર, સિદ્ધેશ્વર, ઇટરનિટી, જોહ્નસન, મુંમ્બ્રા અને કલવાના કેટલાક વિસ્તારોમાં શુક્રવાર, ૦૨/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી ૧૨ કલાક માટે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. ■

**પાલિકા ચૂંટણી પહેલા ચોંકાવનારો ખુલાસો**

# વિકાસ કાર્યનું ૯૯ ટકા ફંડ ‘મહાયુતિ’ના વિસ્તારોને ફાળે, વિપક્ષને ઠેંગો

મુંબઈ: ફેબ્રુઆરી, ૨૦૧૭ બાદ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પાલિકાની ચૂંટણી યોજાવી છે. દરેક પક્ષ મતદારોને રીઝવવા માટે પ્રચાર કરી રહ્યો છે. તાજેતરમાં મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને મોટી જીત મેળવી હતી. એવામાં એક અહેવાલ પ્રકાશિત થયો છે, જેમાં જણાવવામાં આવ્યું કે પાલિકા ચૂંટણીમાં મહાયુતિની જીત માટે પૃષ્ઠભૂમિ અગાઉથી તૈયાર કરી દેવામાં આવી છે.

અંગ્રેજી ભાષાના એક પ્રમુખ અખબારના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે પાલિકાએ ફંડની ફાળવણીમાં મહાયુતીના વિધાનસભ્યોના મત વિસ્તારોને પ્રાથમિકતા આપી છે, જ્યારે અન્ય પક્ષોના વિધાનસભ્યોના મત વિસ્તારોની ઉપેક્ષા કરવામાં આવી છે. રાઈટ ટૂ ઇન્ફોર્મેશન (આરટીઆઈ) દ્વારા

(જુઓ પાનું ૪) ▸▸

# કોર્ટના કર્મચારીઓને મળી પાલિકાની ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ

## હાઈ કોર્ટે કમિશનરના આદેશ પર લગાવી રોક

મુંબઈ: મુંબઈમાં ૧૫ જાન્યુઆરીના રોજ પાલિકાની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીના સફળ સંચાલન માટે ચૂંટણી પંચ રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને ડ્યુટી માટે ઓર્ડર મોકલી આપવામાં આવ્યા છે. પરંતુ કોર્ટના કર્મચારીઓ ચૂંટણીની ડ્યુટી કરશે નહીં. હાઈ કોર્ટના આદેશ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પાલિકાની ચૂંટણીને લઈને ચૂંટણી કમિશ્નરે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને ચૂંટણીના ઓર્ડર મોકલી આપ્યા હતા. જેમાં કોર્ટના કર્મચારીઓ પણ સામેલ હતાં. જેને લઈને ૨૨ ડિસેમ્બરે બોમ્બે હાઈ કોર્ટે સુઓમોટો લીધો હતો. જેને લઈને બોમ્બે હાઈ કોર્ટની ખંડપીઠે સુનાવણી કરી હતી.

બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને

(જુઓ પાનું ૪) ▸▸

### ચૂંટણી પહેલા કેબિનેટમાં ફક્ત એક નિર્ણય

# શ્રી અંબાદેવી મંદિર ટ્રસ્ટને જમીન ફાળવણીની મંજૂરી આપી

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે અમરાવતી જિલ્લાના ચિખલદરા ખાતે મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ નિગમની માલિકીની ત્રણ એકરથી વધુ જમીન શ્રી અંબાદેવી મંદિર ટ્રસ્ટને ફાળવવાની મંજૂરી આપી છે. આ જમીન લગભગ ૭.૫ એકર જમીનનો હિસ્સો છે. જે વર્ષ ૧૯૭૫માં મહારાષ્ટ્ર પ્રવાસન વિકાસ

(જુઓ પાનું ૪) ▸▸



# ૨૬/૧૧ના હીરો ડો.સદાનંદ દાતે મહારાષ્ટ્રના નવા ડીજીપી

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે વરિષ્ઠ આઈપીએસ અધિકારી સદાનંદ દાતેને રાજ્યના નવા પોલીસ મહાનિદેશક (ડીજીપી) તરીકે નિયુક્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ૧૯૯૦ બેચના આઈપીએસ અધિકારી અને ભૂતપૂર્વ એનઆઈએ ડીજી ડો. સદાનંદ દાતે ત્રીજા જાન્યુઆરી, ૨૦૨૬થી મહારાષ્ટ્રના પોલીસ મહાનિદેશક તરીકે કાર્યભાર સંભાળવાના છે. ૨૬/૧૧ મુંબઈ હુમલામાં શૌર્ય માટે રાષ્ટ્રપતિ પોલીસ પદકથી સન્માનિત થયેલા છે. હાલના ડીજીપી રશ્મી શુક્લા આવતા વર્ષ ૨૦૨૬માં ત્રીજા જાન્યુઆરીએ નિવૃત્ત થઈ રહ્યાં છે. તેમની નિવૃત્તિ બાદ સદાનંદ દાતે રાજ્યના સર્વોચ્ચ ક્રમના આઈપીએસ અધિકારી રહેશે. જેથી તેમની નવા ડીજીપી તરીકે નિયુક્તિ કરવામાં આવશે.

૧૯૯૦ બેચના આઈપીએસ અધિકારી સદાનંદ દાતે અગાઉ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના મહાનિદેશક તરીકે સેવા આપી ચૂક્યાં છે. તાજેતરમાં જ તેઓ મહારાષ્ટ્ર કેડરમાં

(જુઓ પાનું ૪) ▸▸

# પાલિકા ચૂંટણી માટે મહાયુતિનો માસ્ટર પ્લાન, નરેન્દ્ર મોદી મુંબઈ આવશે

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ૨૦૨૬ની ચૂંટણી બધા પક્ષો માટે મહત્વપૂર્ણ છે. ઠાકરે બંધુઓ માટે આ ચૂંટણી અસ્તિત્વની લડાઈ છે, જ્યારે દેશ અને રાજ્યમાં જીત મેળવનાર ભાજપ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક અધૂરું સ્વપ્ન છે. તેથી ભાજપ આ ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી દેશે અને એ જ થઈ રહ્યું છે. મહાયુતિએ મુંબઈ અને આસપાસના મહાનગરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો જીતવા માટે એક માસ્ટર પ્લાન બનાવ્યો છે.

૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ મુંબઈ, નવી મુંબઈ, બોરીવલી, થાણે અને મીરા-ભાયંદરમાં મહાયુતિની મોટી રેલીઓ યોજાશે. વિકાસના નામે મુંબઈમાં મહાયુતિની બેઠકોનું આયોજન કરવામાં આવશે. સૂત્રો અનુસાર આ બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભાજપના અન્ય રાજ્યના મુખ્ય પ્રધાનો હાજર રહેશે. બીએમસી ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે મુંબઈ આવી રહ્યા છે.

(જુઓ પાનું ૪) ▸▸




# જામીન પર છૂટીને ફરી ચોરી કરનારો રીઢો ચોર પકડાયો

### છેલ્લે મહાલક્ષ્મીના ફ્લૅટમાંથી આરોપીએ ૨૧.૭૪ લાખની મતા ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધરપકડ બાદ જામીન પર છૂટીને ફરી ચોરી કરનારા રીઢા ચોર સાથે આગ્રીપાડા પોલીસે ચોરીના દાગીના ખરીદનારા ઝવેરીને પણ પકડી પાડ્યો હતો. ૩૩થી વધુ ગુનામાં સંડોવાયેલા આરોપીએ છેલ્લે ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં દર્શને ગયેલા મહાલક્ષ્મીમાં રહેતા કુટુંબના ફ્લૅટમાંથી સોના-ચાંદીના દીગાના અને રોકડ મળી અંદાજે ૨૧.૭૪ લાખ રૂપિયાની મતા ચોરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ અરબાઝ અલી મોહસીન અલી મલિક ઉર્ફે રહેમાન ટેકડી (૨૭) અને અજિત ગોવિંદ ચવ્હાણ (૪૦) તરીકે થઈ હતી. આરોપી પાસેથી ૧૬.૫૧ લાખ રૂપિયાના સોનાના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા. પોલીસ કસ્ટડીમાં રહેલા બન્ને આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી અરબાઝ વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનોમાં ચોરીના ૩૩થી વધુ ગુના નોંધાયેલા

(જુઓ પાનું ૪) ▸▸

# જ્વેલરી સ્ટોર લૂંટવા પહેલાં દારૂ પીવા બારમાં બેસેલા ચાર લૂંટારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાતક શસ્ત્રોની ધાકે નાલાસોપારાના જ્વેલરી સ્ટોરમાં લૂંટ ચલાવતાં પહેલાં દારૂની જિયાફત માણવા બારમાં બેસેલા ચાર લૂંટારાને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ઈરશાદ નિયાઝ ખાન ઉર્ફે યુસુફ અમિન શેખ ઉર્ફે બાબુ હસન ખાન (૪૨), રેવાધર દુર્ગાદત્ત ભટ્ટ, મોહનસિંહ જોગીસિંહ રાવત અને સુમિત પપ્પુ રાવત તરીકે થઈ હતી. પોલીસની રેઇડનો અંદેશો આવતાં આરોપીઓનો સાથી મોહમ્મદ ફરાર (જુઓ પાનું ૪) ▸▸

# ચૂંટણી પેપર્સમાં માહિતી છુપાવવા બદલ ધનંજય મુંડે સામેની ફરિયાદ કોર્ટે ફગાવી

મુંબઈ: મહારાષ્ટ્રના બીડ જિલ્લાની એક કોર્ટે બુધવારે ભૂતપૂર્વ રાજ્ય પ્રધાન અને એનસીપીના નેતા ધનંજય મુંડે સામેની અરજી ફગાવી દીધી, જેમાં એક મહિલાએ તેમની પહેલી પત્ની હોવાનો દાવો કર્યો હતો, જેમાં તેમણે ૨૦૨૪ના ચૂંટણી ઉમેદવારી પત્રોમાં મહત્વપૂર્ણ માહિતી છુપાવવાનો આરોપ લગાવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે કરુણા મુંડેએ આરોપી સામે પ્રથમદર્શી કેસ સ્થાપિત કર્યો નથી અને વધુમાં ઉમેર્યું કે હકીકતો છુપાવવાનો હેતુ ચૂંટણી જીતવાનો નહોતો.

એવું લાગે છે કે ફરિયાદી દ્વારા દાવો કરાયેલા તથ્યો છુપાવવાથી તેમની ચૂંટણી જીત પર કોઈ અસર પડી નથી. તેથી આવી (જુઓ પાનું ૪) ▸▸

# ‘આજે હોબાળો થશે, રાત્રે ૧૨ વાગ્યે ધમાકો થશે’

## સંજય રાઉતના ઘરની બહાર એક કાર પર મેસેજ



મુંબઈ: મુંબઈમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ પૂરજોશમાં ચાલી રહી છે એવામાં ઠાકરે જૂથના નેતા સંજય રાઉતના ઘરની બહાર ધૂળિયા હાલતમાં પડેલી કાર પર ‘આજે હોબાળો થશે, રાત્રે ૧૨ વાગ્યે ધમાકો થશે’ એવું લખાણ લખેલું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતના ઘરની બહાર ધૂળિયા હાલતમાં પડેલી મારુતિ સુઝુકી વેગનર કાર પર આ લખાણ લખેલું હતું. ‘આજે હોબાળો થશે, રાત્રે ૧૨ વાગ્યે ધમાકો થશે’ આ કારના કાચ પર લખેલું હતું. ઉપરાંત કારના પાછળના કાચ પર એક સ્માઈલી ઈમોજી લખેલું છે, ‘સીએસટી મેં બોમ્બ બ્લાસ્ટ હોગા’.

આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ, પોલીસને તાત્કાલિક આ અંગે જાણ કરવામાં આવી હતી. બોમ્બ સ્ક્વોડ અને મુંબઈ (જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.